# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

બોલિવૂડ અભિનેત્રી કેટરીના કૈફ સાસુ જોડે મહાકુંભ પહોંચી



પેજ-09

હાર્દિક પંડ્યા પાકિસ્તાન સામેની મેચમાં લક્ઝુરીયસ વોચ પહેરીને રમવા ઉતર્યો





હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 23.00 |
| વડોદરા | 35.00 | 22.00 |
| સુરત | 37.00 | 22.00 |


પેજ 5




અદાણી ગ્રૂપે FY 2023-24માં ટેક્સ રૂપે ચુકવ્યા 58,104 કરોડ રુપિયા

25 FEBRUARY-2025 TUESDAY

જર્મનીમાં ચૂંટણીઃ ચાન્સલર શોલ્ઝ હાર્યા વિપક્ષી કન્ઝર્વેટિવ પાર્ટી સૌથી આગળ...




પેજ 10


શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 74454.41 | ▼ | 856.65 |
| નિફ્ટી | 22553.35 | ▼ | 242.55 |
| સોનું | 86,028.00 | ▲ | 18.00 |
| ચાંદી | 95,048.00 | ▼ | 1,152.00 |


વર્ષ-14 । અંક-098 । વિક્રમ સંવત-2081 । મહા વદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### બિહારમાં બોલ્યા વડાપ્રધાન મોદી, લાલુ પ્રસાદ પર કર્યા આકરા પ્રહાર : જે લોકો ઘાસચારો ખાય તેઓ પરિસ્થિતિ ન બદલી શકે

# જંગલરાજવાળા લોકો મહાકુંભને ગાળો આપે છે :મોદી

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 19મો હપ્તો બહાર પડાયો

(એજન્સી) ભાગલપુર । તા. 24

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બિહારના ભાગલપુર પહોંચ્યા. તેમણે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 19મો હપ્તો બહાર પાડ્યો અને વિવિધ વિકાસ પ્રોજેક્ટોનું ઉદ્ઘાટન કર્યું. પીએમ મોદીએ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને પોતાના પ્રિય ગણાવ્યા. આટલું જ નહીં PM મોદીએ પ્રયાગરાજ મહાકુંભને લઈને લાલુ યાદવ પર પણ નિશાન સાધ્યું. પીએમ મોદીએ સોમવારે બિહારના ભાગલપુરમાં કહ્યું, આ લોકો જંગલરાજવાળા છે, તેમને આપણા વારસા અને શ્રદ્ધાથી નફરત છે. તેઓ મહાકુંભને ગાળો આપી રહ્યા છે. રામ મંદિરથી નારાજ લોકો મહાકુંભને શ્રાપ આપવાની એક પણ તક નથી છોડતા. જનતા તેમને માફ નહીં કરે. પીએમએ કહ્યું કે, જે લોકો પશુઓનો ચારો ખાય છે તેઓ પરિસ્થિતિ બદલી શકતા નથી.



## મોદીએ નીતીશ કુમારને લાડલા ગણાવ્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિહારના ભાગલપુરમાં પહોંચ્યા છે. અહીં તેમણે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 19મો હપ્તો જારી કર્યો અને વિભિન્ન વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન કર્યું છે. આ દરમિયાન પીએમ મોદીએ બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારને પોતાના લાડલા ગણાવ્યા. એટલું જ નહીં પ્રયાગરાજ મહાકુંભને લઈને પીએમ મોદીએ લાલુ પ્રસાદ યાદવ પર પણ નિશાન સાધ્યું. પીએમ મોદીએ મહાકુંભ મહોત્સવ અંગે કહ્યું કે, મહાકુંભ ચાલી રહ્યો છે પરંતુ જંગલ રાજના આ લોકો મહાકુંભને ગાળો આપી રહ્યા છે, રામ મંદિરથી ચિઢાઈ જતા લોકો મહાકુંભને કોસવાનો એક મોકો નથી છોડી રહ્યા.

## કિસાન કલ્યાણ NDAની પ્રાથમિકતા : મોદી

ભાગલપુરમાં પીએમ મોદીએ કહ્યું કે, 'મેં લાલ કિલ્લાને કહ્યું છે કે, વિકસિત ભારતના 4 મજબૂત સ્તંભ છે. આ સ્તંભ ગરીબ, ખેડૂત, મહિલા અને જવાન છે. NDA સરકાર ભલે કેન્દ્રમાં હોય કે રાજ્યમાં ખેડૂત કલ્યાણ અમારી પ્રાથમિકતા છે.' લાલુ યાદવ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે, પહેલા ખેડૂતો સંકટથી ઘેરાયેલા હતા. જે લોકો પશુઓનો ચારો ખાઈ શકે છે તેઓ આ પરિસ્થિતિઓને ક્યારેય બદલી ન શકે. NDA સરકારે આ સ્થિતિને બદલી છે. છેલ્લા કેટલાક વર્ષોથી અમે ખેડૂતોને સેંકડો આધુનિક જાતોના બિયારણ પૂરા પાડ્યા છે. પહેલા ખેડૂતોને યુરિયા માટે માર ખાવો પડતો હતો અને યુરિયાનું કાળાબજાર થતું હતું.

## હવે આમ-તેમ કશું નહીં, તમારા જ નેતૃત્વમાં કામ થશે

### નીતિશ કુમારના નિવેદનથી વડાપ્રધાન મોદી પણ હસી પડ્યા

સીએમે કહ્યું કે, તમારે જાણવું જોઈએ કે, હવે દરેક લોકો વડાપ્રધાન મોદીના પક્ષમાં છે. આમ- તેમ ક્યાંય નહીં, સમગ્ર બિહારમાં તેમના નેતૃત્વમાં કામ આગળ વધશે. આપણે સૌએ સાથે મળીને તેમના



નેતૃત્વને આગળ વધારવાનું છે. આવતી વખતે જે થવાનું છે, તેમાં પણ તમારા લોકો પાસે આવી જ આશા રાખીએ છીએ કે, મોટા પ્રમાણમાં તમારો સહયોગ મળી રહેશે. આ સાથે નીતીશકુમારે આગામી બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભાજપ- જેડીયૂએ અલગ લડવાની અફવાઓ પર પૂર્ણવિરામ મુકી દીધું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે બિહારની મુલાકાતે ભાગલપુર પહોંચ્યા હતા. આ દરમિયાન તેમની બેઠકમાં મુખ્યમંત્રી નીતીશકુમાર પણ હાજર હતા. તેમના સંબોધનમાં નીતીશકુમારે 20 વર્ષ પહેલાના લાલુ- રાબડીના શાસનકાળ અને તેના પછી પોતાના કાર્યકાળમાં થયેલા વિકાસના કામોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, 2005 પહેલાના બિહારમાં સાંજ પડતાંની સાથે ઘરમાંથી કોઈ બહાર નીકળી શકતું નહોતું. હવે મોડી રાત સુધી લોકો કોઈપણ જાતના ડર વગર ફરી શકે છે. નીતીશકુમારે કહ્યું કે, જ્યારે અમે પહેલીવાર સરકારમાં આવ્યા હતા, ત્યારે યાદ છેને કેવી પરિસ્થિતિ હતી?

## જિંદગી અને મોત વચ્ચે જંગ

# તેલંગાણા ટનલ દુર્ઘટના: 48 કલાકથી ફસાયા આઠ લોકો

### કાદવના કારણે રેસ્ક્યૂમાં મુશ્કેલી

(એજન્સી) તેલંગાણા । તા. 24

તેલંગાણાના નાગરકુરનૂલ જિલ્લામાં શ્રીસેલમ ટનલ કેનાલ પ્રોજેક્ટનો બાંધકામ હેઠળનો હિસ્સો ધસી પડતાં આઠ શ્રમિક છેલ્લા 48 કલાકથી ફસાયા છે. ફસાયેલા શ્રમિકોને બહાર કાઢવા માટે NDRFની ટીમ મહેનત કરી રહી છે. પરંતુ હજુ સુધી સફળતા હાથ લાગી નથી. શ્રમિકો 14 કિમી અંદર ફસાયેલા છે. ટનલના અંતિમ 200 મીટરના હિસ્સામાં પાણી અને કાદવના કારણે બચાવ કામગીરીમાં અડચણો આવી રહી છે. બચાવ ટુકડી અંદર સુધી જવા અસક્ષમ બની છે. પાણી અને કાદવના કારણે ભારે મશીનરી પણ ઉતારી શકાઈ નથી. કાદવમાંથી પસાર થવા માટે રબર ટ્યૂબ અને લાકડીનો સહારો લઈ રહ્યા છે.



### શ્રમિકોની બચવાની આશા ઓછી

શ્રમિકોને બચાવવાની સંભાવના અંગે મંત્રીએ જણાવ્યું હતું કે, અમે કંઈ કરી શકીએ તેમ નથી. અમને આશા છે કે, અમે ફસાયેલા શ્રમિકોને બચાવી લઈશું. પરંતુ ઘટના અત્યંત ગંભીર હોવાથી બચવાની સંભાવના વિશે અમે ભવિષ્યવાણી કરી શકીએ નહીં. પ્રદેશ સરકાર દ્વારા જારી કરવામાં આવેલા **વીડિયોમાં બચાવ કર્મીઓ અડધો પગ ડૂબી જાય તેવા કાદવ, વળેલા લોખંડના સળિયા તેમજ સિમેન્ટના કાટમાળમાંથી પસાર થઈ રહ્યા છે.**

### ઘટના સમયે 70 લોકો ટનલમાં હતાં

શનિવાર સવારે જ્યારે ટનલનો હિસ્સો ધસી પડ્યો ત્યારે 70 લોકો કામ કરી રહ્યા હતાં. ટનલમાં ફસાયેલા આઠ શ્રમિકોમાં ઉત્તરપ્રદેશના મનોજ કુમાર અને શ્રીનિવાસ, જમ્મુ-કાશ્મીરના સન્ની સિંહ, પંજાબના ગુરૂપ્રીત સિંહ અને ઝારકંડના સંદીપ સાહૂ, જગતા જેસ, સંતોષ સાહુ અને અનુજ સાહુ છે.

### એનડીઆરએફની ચાર ટીમો કાર્યરત

જિલ્લાધિકારી બી. સંતોષે જણાવ્યું કે, એનડીઆરએફની ચાર ટીમો બચાવ કામગીરીમાં લાગી છે. હૈદરાબાદમાંથી, ત્રણ વિજયવાડાથી છે. કુલ 138 સભ્યોની ટીમ ઉપરાંત સેનાના 24 કર્મી, એસડીઆરએફના કર્મચારી, એસસીસીએલના 23 સભ્યો પણ બચાવ અભિયાનમાં જોડાયેલા છે.

# જયપુરમાં કોંગ્રેસનાં કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ

### ઈન્દિરા ગાંધી પર ટિપ્પણી અને કોંગ્રેસના 6 ધારાસભ્યને સસ્પેન્ડ કરવા મુદ્દે મામલો ગરમાયો



(એજન્સી) જયપુર । તા. 24

ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધી પર કરવામાં આવેલી વિવાદાસ્પદ ટિપ્પણી અને 6 ધારાસભ્યોના સસ્પેન્શન સામે આજે જયપુરમાં કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલું વિરોધ પ્રદર્શન સમાપ્ત થયું છે. વિધાનસભામાંથી સસ્પેન્ડ કરાયેલા છ કોંગ્રેસના ધારાસભ્યોને પુનઃસ્થાપિત કરવા માટે સંમતિ થઈ છે. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસે કડક કાર્યવાહી કરવી પડી હતી. 22 ગોડાઉન સર્કલમાં કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઝપાઝપી થયા બાદ પાણીના તોપનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અનેક કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. ધારાસભ્યોની પુનઃસ્થાપના પર સર્વસંમતિ સાથે તણાવનો અંત આવ્યો છે.

### મંત્રીના નિવેદન પર વિવાદ, 3 મુદ્દાઓમાં સમજો

1. કોંગ્રેસે વેલમાં હોબાળો મચાવ્યો 21 ફેબ્રુઆરીના રોજ પ્રશ્નકાળ દરમિયાન કોંગ્રેસ વિધાનસભાના વેલમાં આવી ગઈ હતી અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી અવિનાશ ગેહલોતે ઈન્દિરા ગાંધી પર કરેલી ટિપ્પણી પર હોબાળો મચાવ્યો હતો. પ્રશ્નના જવાબમાં, અવિનાશ ગેહલોતે કહ્યું હતું કે 2023-24માં આ યોજનાનું નામ તમારા દાદી ઈન્દિરા ગાંધીના નામ પર રાખવામાં આવ્યું હતું.
2. દિવસ દરમિયાન ચાર વખત કાર્યવાહી મુલતવી રાખવી પડી સંસદીય બાબતોના મંત્રી જોગારામ પટેલે કહ્યું હતું કે દાદી એક આદરણીય શબ્દ છે. પટેલ બોલી રહ્યા હતા ત્યારે હોબાળો વધી ગયો. કોંગ્રેસના ધારાસભ્યો સ્પીકરના ટેબલ પર પહોંચવા લાગ્યા. આ દરમિયાન સ્પીકરે ગૃહની કાર્યવાહી અડધા કલાક માટે સ્થગિત કરી દીધી. આ મુદ્દા પર ગતિરોધને કારણે ગૃહની કાર્યવાહી ચાર વખત મુલતવી રાખવામાં આવી હતી.
3. કોંગ્રેસના ૬ ધારાસભ્યોને સસ્પેન્ડ કરાયા મુખ્ય દંડક જોગેશ્વર ગર્ગે કોંગ્રેસના ધારાસભ્યોને સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. સ્પીકર વાસુદેવ દેવનાનીએ ગોવિંદ સિંહ દોતાસરા, વિપક્ષના ઉપનેતા રામકેશ મીણા, અમીન કાગઝી, ઝાકિર હુસૈન ગાસાવત, હકીમ અલી ખાન અને સંજય કુમારને બજેટ સત્રના બાકીના સમયગાળા માટે સસ્પેન્ડ કર્યા હતા.

# વડાપ્રધાન મોદીનું સ્થૂળતા સામે મોટું અભિયાન શરૂ

### 10 અગ્રણી હસ્તીઓને નોમિનેટ કર્યા, તેમાં આનંદ મહિન્દ્રા અને ઓમર અબ્દુલ્લાના નામ સામેલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે સ્થૂળતા સામે અભિયાન શરૂ કર્યું છે. આ માટે તેમણે વિવિધ ક્ષેત્રોના 10 અગ્રણી વ્યક્તિઓને નોમિનેટ કર્યા. આમાં જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, ઉદ્યોગપતિ આનંદ મહિન્દ્રા અને મનુ ભાકર જેવી હસ્તીઓના નામ શામેલ છે. આ ઝુંબેશ દ્વારા નામાંકિત લોકો સ્થૂળતા સામે લોકોમાં જાગૃતિ લાવવાનું કામ કરશે. આ માટે તેઓ 10-10 લોકોને નોમિનેટ પણ કરી શકશે, જેથી ઝુંબેશ ધીમે ધીમે વધુને વધુ લોકો સુધી પહોંચે. 23 ફેબ્રુઆરીના રોજ મન કી બાતમાં, પ્રધાનમંત્રીએ સ્થૂળતા સામે ઝુંબેશ શરૂ કરવાની વાત કરી હતી.અબ્દુલ્લાએ કહ્યું- પીએમ મોદી દ્વારા નામાંકિત થવાથી હું ખુશ છું જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્થૂળતા વિરોધી અભિયાનમાં નામાંકિત થવા બદલ ખુશી વ્યક્ત કરી. અબ્દુલ્લાએ કહ્યું - આજે હું આ 10 લોકોને સ્થૂળતા સામેના પીએમના અભિયાનમાં જોડાવા માટે નોમિનેટ કરી રહ્યો છું અને તેમને વિનંતી કરું છું કે તેઓ 10-10 લોકોને નોમિનેટ કરે જેથી આ લડાઈ આગળ વધી શકે.

### યુપી વિધાનસભામાં યોગી બોલ્યા...

# ગીધોને લાશો, ડુક્કરને ગંદકી... જેણે મહાકુંભમાં જે શોધ્યું તેને તે મળ્યું

(એજન્સી) લખનઉ । તા. 24

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિધાનસભામાં વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે મહાકુંભ વિરુદ્ધ બોલનારા વિરુદ્ધ કહ્યું કે, 'મહાકુંભમાં જેણે જે શોધ્યું, તેને તે મળ્યું. ગીધોને લાશો, ડુક્કરને ગંદકી મળી... જ્યારે સંવેદનશીલ લોકોને સંબંધોની સુંદર તસવીર મળી, સજ્જનોને સજ્જતા મળી, વેપારીઓને રોજગાર મળ્યો, શ્રદ્ધાળુઓને સ્વચ્છ વ્યવસ્થા મળી, જેની જેવી નિયત હતી, દ્રષ્ટિ હતી, તેને તેવું મળ્યું.' તેમણે વિધાનસભામાં એવું પણ કહ્યું કે, 'આ લોકો (સમાજવાદી પાર્ટી) મહાકુંભ અંગે સતત ટિપ્પણી કરતા રહે છે, તેમની માનસિકતા જગજાહેર છે.



### ▪ કોઈ દુર્ભાવનાથી આવશે, તો મુશ્કેલીમાં પડશે

મુખ્યમંત્રી યોગીએ વિપક્ષો પર આક્રમક અંદાજમાં પ્રહાર કરતા કહ્યું કે, 'તમે મહાકુંભ અંગે જે નિવેદનો કર્યા, એક વિશેષ જાતિના વ્યક્તિને મહાકુંભમાં જતો અટકાવ્યો, પરંતુ અમે કહ્યું હતું કે, જે લોકો સદભાવના સાથે આવે છે, તેઓ મહાકુંભમાં જઈ શકે છે, પરંતુ જો કોઈ દુર્ભાવનાથી આવશે, તો તે મુશ્કેલીમાં પડી જશે. અમે કોઈની પણ ધાર્મિક ભાવના સાથે રમત રમી નથી, સમાજવાદી પાર્ટીની જેમ, તેમના મુખ્યમંત્રી પાસે કુંભની દેખરેખ અને વ્યવસ્થા જોવાનો સમય ન હતો અને તેથી જ તેઓએ બિન સનાતનને કુંભમાં પ્રભારી બનાવ્યો.'

## કૂવો જ નહીં, સંભલ મસ્જિદ પણ સરકારી જમીન પર છે



(એજન્સી) લખનઉ । તા. 24

ઉત્તરપ્રદેશના સંભલમાં શાહી જામા મસ્જિદની પાસેના કૂવાને યોગી સરકારે તે 19 પ્રાચીન કૂવામાંથી એક ગણાવ્યો છે, જેના જીર્ણોદ્ધારની યોજના છે. સોમવારે સુપ્રીમ કોર્ટમાં દાખલ રિપોર્ટ્સમાં રાજ્ય સરકારે કહ્યું છે કે, કૂવો સાર્વજનિક જમીન પર છે. તેને મસ્જિદનો ભાગ ગણાવનારો દાવો ખોટો છે. ધ્યાન રહે કે શાહી મસ્જિદ હકીકતમાં હરિહર મંદિર હોવાને લઈને કાયદાકીય વિવાદ ચાલી રહ્યો છે. મસ્જિદ કમિટીએ સંભલમાં પ્રાચીન કૂવાઓની શોધખોળ અને ખોદકામ વિરૂદ્ધ અરજી દાખલ કરી દીધી. મસ્જિદ પક્ષે ખાસ કરીને પરિસરની પાસેના કૂવાને લઈને યથાસ્થિતિ બનાવી રાખવાની માગ કરી.

## કેવા સંબંધ ઈચ્છો છો તે તમે જ નક્કી કરો...

### વિદેશમંત્રીનું બાંગ્લાદેશને અલ્ટીમેટમ

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારનું પતન અને મોહમ્મદ યૂનુસના સત્તામાં આવ્યા બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સબંધોમાં તણાવ આવી ગયો છે. હિન્દુઓ વિરુદ્ધ થતી હિંસા પર ભારત અવાજ ઉઠાવી રહ્યો છે. બીજી તરફ બાંગ્લાદેશની વચગાળાની સરકાર ભારત સાથેના સંબંધોને વધુ ખરાબ કરવામાં કોઈ કસર નથી છોડી રહી.

તાજેતરમાં જ ઓમાનમાં ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે બાંગ્લાદેશના વિદેશી બાબતોના સલાહકાર મોહમ્મદ તૌહીદ હુસૈન સાથે મુલાકાત કરી હતી. પરંતુ બાંગ્લાદેશ સુધરવાનું નામ નથી લઈ રહ્યું. મુલાકાતના લગભગ એક અઢવાડિયા બાદ વિદેશમંત્રી જયશંકરે બાંગ્લાદેશના શત્રુતાપૂર્ણ વ્યવહારનો મુદ્દો ઉઠાવ્યો છે.



**દરેક વસ્તુ માટે ભારતને દોષી ન ઠેરવી શકાય :** વિદેશમંત્રીએ આગળ કહ્યું કે, 'વચગાળાની સરકારમાંથી રોજ કોઈ વ્યક્તિ ઉભું થઈને દરેક વસ્તુ માટે ભારતને દોષી ન ઠેરવી શકે. આ સંદર્ભમાં બાંગ્લાદેશે નિર્ણય લેવો પડશે. વિદેશ મંત્રી જયશંકરે બાંગ્લાદેશને અલ્ટીમેટમ આપતા કહ્યું કે, 'હવે તમે જ નક્કી કરો કે તમે અમારી સાથે કેવા સબંધ ઈચ્છો છે? બાંગ્લાદેશ સાથે આપણો લાંબો અને ખૂબ જ ખાસ ઈતિહાસ 1971થી ચાલતો આવ્યો છે.

# કોંગ્રેસમાં ધરમૂળથી ફેરફારની તૈયારી : પ્રિયંકા ગાંધી અને ગૌરવ ગોગોઈને સોંપાઈ શકે છે મહત્ત્વની જવાબદારી

(એજન્સી) નવી દિલ્હી । તા. 24

સતત હાર બાદ આખરે કોંગ્રેસે મજબૂત ઈલેક્શન મેનેજમેન્ટ સિસ્ટમ બનાવવાની યોજના પર વિચારણા શરુ કરી છે. તેની કમાન પ્રિયંકા ગાંધીને સોંપવામાં આવી શકે છે. હાલમાં, કર્ણાટકમાં કેબિનેટ મંત્રીનો દરજ્જો ધરાવતા સુનીલ કાનુગોલુના નેતૃત્ત્વમાં પાર્ટીની ઈલેક્શન મેનેજમેન્ટ સિસ્ટમ ખૂબ જ અવ્યવસ્થિત રીતે કામ કરી રહી છે. કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓ, જેમાં અગ્રણી સચિન પાયલટ છે, તેમણે આગામી વિધાનસભા ચૂંટણી અને 2029ની લોકસભા ચૂંટણી માટે પ્રિયંકા સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે.



### ▪ મધ્યસત્ર ચૂંટણીની શક્યતા પણ નકારી શકાય તેમ નથી

કોંગ્રેસનો અંદાજ છે કે આગામી લોકસભાની ચૂંટણી મે 2029 કરતાં ઘણી વહેલી યોજાઈ શકે છે. આ સિવાય જુલાઈ-ઓગસ્ટ 2027માં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે, જે ભાજપ અને NDAના સત્તા સમીકરણો બદલી શકે છે. જેના કારણે મધ્યસત્ર ચૂંટણીની શક્યતા પણ નકારી શકાય તેમ નથી. આવા સંજોગોમાં, કોંગ્રેસ માટે એક મજબૂત અને પૂર્ણ-સમયની ઈલેક્શન મેનેજમેન્ટ સિસ્ટમ માત્ર મહત્ત્વપૂર્ણ નથી, પરંતુ રાજકારણમાં મુખ્ય ખેલાડી તરીકે તેની હાજરી જાળવવા માટે પણ જરૂરી બની ગઈ છે.

**પ્રિયંકાને મોટી જવાબદારી મળી શકે છે :** આ સિવાય પાર્ટી અડધો ડઝન રાજ્યોના પ્રભારીઓની પણ બદલી કરશે. અહીં નવા ઈન્ચાર્જની નિમણૂક કરવામાં આવશે. મહત્ત્વની વાત એ છે કે વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા કોઈપણ ચાર્જ વગર જ પાર્ટીમાં મહાસચિવનો હોદ્દો ધરાવે છે. આવી સ્થિતિમાં તેમને મોટા રાજ્યનો હવાલો સોંપવામાં આવી શકે છે અથવા ઈલેક્શન મેનેજમેન્ટ સિસ્ટમની રચના કરીને તેમને મોટી ભૂમિકા સોંપવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં બીકે હરિપ્રસાદ, સચિન રાવ, મીનાક્ષી નટરાજન, શ્રીનિવાસ બીવી, પરગટ સિંહ, અજય કુમાર લલ્લુ, હરીશ ચૌધરી, જિજ્ઞેશ મેવાણી, ક્રિષ્ના અલાવારુ, મોહમ્મદ જાવેદ, અભિષેક દત્ત, પ્રકાશ જોશી અને ગણેશ ગોડિયાલ જેવા પાર્ટી હાઈકમાન્ડના નજીકના ગણાતા અનેક નેતાઓ ફરી પાછા આવી શકે છે.

**'નિષ્ક્રિય' સભ્યોને છૂટા કરી દેવામાં આવશે :** કોંગ્રેસ વર્કિંગ કમિટી(CWC)માં મોટા ફેરફારો થવાની સંભાવના છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ(AICC)ના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ 'નિષ્ક્રિય' સભ્યોને છૂટા કરવાનો નિર્ણય લીધો છે. જેમાં એકે એન્ટોની, અંબિકા સોની, મુકુલ વાસનિક અને આનંદ શર્માનો સમાવેશ થાય છે. પાર્ટી નેતૃત્ત્વએ 36 સભ્યોની CWCમાં કેટલાક નવા નિયુક્ત પદાધિકારીઓનો સમાવેશ કરવો પડશે અને તેથી વર્કિંગ કમિટીમાં કેટલીક નવી બેઠકો બનાવવી પડશે. જયરામ રમેશ, ગૌરવ ગોગોઈ, રણદીપ સુરજેવાલા અને ચરણજીત સિંહ ચન્નીની જગ્યાઓ પણ ખાલી થઈ રહી છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બિહારના ભાગલપુરથી વર્ચ્યુઅલ પ્રેરક ઉપસ્થિતિમાં

# ગુજરાતના 51.41 લાખથી વધુ કિસાન પરિવારોને 1148 કરોડ રૂપિયાની સહાય કિસાન સન્માન નિધિ અન્વયે મળી



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની બિહારના ભાગલપુરથી વર્ચ્યુઅલ પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાતના ૫૧.૪૧ લાખથી વધુ કિસાન પરિવારોને ૧૧૪૮ કરોડ રૂપિયાની સહાય કિસાન સન્માન નિધિના ૧૯માં હપ્તા અન્વયે ડી.બી.ટી.થી ચૂકવવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્યભરના ૨.૫૦ લાખથી વધુ ખેડૂતોએ વડાપ્રધાનના સંબોધનનું અને રાજ્યવ્યાપી સમારોહનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. PMએ દેશના ખેડૂતોની આવક વધારવા અને ખેડૂતોને સહાયરૂપ થવાના કિસાન હિતકારી અભિગમથી ૧૦૦ ટકા કેન્દ્ર સહાયિત આ કિસાન સન્માન નિધિ યોજના ૨૦૧૯થી જાહેર કરેલી છે. આ યોજના અંતર્ગત કિસાન પરિવારોને પ્રતિવર્ષ કુલ ૬ હજાર રૂપિયાની સહાય ડી.બી.ટી.થી ત્રણ સમાન હપ્તામાં ચૂકવવામાં આવે છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ અત્યાર સુધીમાં ગુજરાતના લાભાર્થી ખેડૂતોના ખાતામાં સમગ્રતયા ૧૮૮૧૩.૭૧ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે તુવેરની ટેકાના ભાવે ખરીદીનો પણ વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો. કેન્દ્ર સરકારે ૨૦૨૪-૨૫ માટે તુવેરનો ટેકાનો ભાવ ૭૫૫૦ પ્રતિ ક્વિન્ટલ જાહેર કર્યો છે. તદઅનુસાર રાજ્યમાં ૨૦૦ જેટલા ખરીદ કેન્દ્રો પરથી ૨.૬ લાખ મેટ્રિક

**૨.૫૦ લાખથી વધુ ખેડૂતોએ વડાપ્રધાનના સંબોધન**

ટન તુવેરના જથ્થાની ખરીદી કરવાનું આયોજન છે. આ હેતુસર અત્યાર સુધીમાં ૧ લાખ ૨૩ હજારથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી પણ કરાવી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈના નેતૃત્વ અને માર્ગદર્શનમાં સરકાર બીજથી બજાર સુધી ખેડૂતોની સાથે ઊભી રહી છે. નાના ખેડૂતો માટે કિસાનહિત અભિગમથી શરૂ થયેલી કિસાન સન્માન નિધિ યોજના તેમના માટે આશીર્વાદરૂપ બની છે.

તેમણે કહ્યું કે, જો નિયત નેક અને સેવાની ભાવના હોય તો કિસાન હિતકારી અને જનસેવા લક્ષી કામો કેવી ગતિએ થઈ શકે તે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશ અને દુનિયાને બતાવ્યું છે. CM ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનએ ચીંધેલા માર્ગે ચાલીને રાજ્ય સરકારે પણ સમગ્ર કૃષિ ક્ષેત્રને સમયાનુકૂળ બનાવવા અનેક પહેલ કરી છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ આ વર્ષના બજેટમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ માટે ૨૨,૪૯૮ કરોડ રૂપિયાની જોગવાઈઓ સુનિશ્ચિત કરી છે તેમ પણ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, કિસાન ક્રેડિટ કાર્ડની ધિરાણ મર્યાદા પણ કેન્દ્ર સરકારની પેટર્ન મુજબ ૩ લાખથી વધારીને ૫ લાખ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ કિસાન સન્માન સમારોહના પ્રારંભે અતિ આધુનિક ટેકનોલોજીથી સજ્જ કૃષિ પ્રગતિ- કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, વેબ પોર્ટલ અને મોબાઈલ એપનું ઈ-લોકાર્પણ કર્યું હતું.

**NEWS BRIEF**

## બગસરા નાગરીક શરાફી સહકારી મંડળીની સાધારણ સભા મળી



અશોક મણવર | અમરેલી

અમરેલીના બગસરા નાગરીક શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ સાધારણ સભામાં મંડળીના સભાસદો ઉપસ્થિતિ વચ્ચે જિલ્લા રજીસ્ટાર, મામલતદાર, ના.મામલતદાર, મંડળીના ડીરેકટરો સહિત આગેવાનો સાથે મંડળીના ચેરમેન રશ્મિનભાઈ ડોડીઆ દ્વારા મંડળી કામગીરી અંગેનો અહેવાલ રજૂ કર્યો જેમાં મંડળી રાજયમાં સતત ૬ વર્ષથી બીજા ક્રમે આવે છે ત્યારે સભાસદોને ૧૫ % ડીવીડન્ડ સાથે ભેટ આપવામા આવી સભાસદોને શિક્ષણ માટે વાર્ષિક ૪ % લેખે લોન પણ આપવામાં આવે છે. મંડળીનો પ્રથમ વર્ષે રૂ.૧૬૮૩ નફો થયો જે નફો રૂ.૪.૨૧ કરોડ સુધી પહોંચ્યો બગસરા નાગરિક સહકારી મંડળીમાં ૨૨ હજાર ઉપરાંત સભાસદો નોંધાયેલા છે મંડળના ચેરમેન રશ્મિનભાઈ ડોડીઆએ જણાવ્યું હતું કે, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા લોન મંજૂર કરવામાં આવે છે પરંતુ રાષ્ટ્રીયકૃત બેન્કો લોન આપવામાં ઠાગાઠૈયા કરે છે. તેથી જ સરકાર દ્વારા બેંકેબલ યોજનાનો લાભ મંડળીઓને મળે તો મંડળીઓ તેમના સભાસદોને લોન આપવા તૈયાર છે. સાધારણ સભાનું સંચાલન મંડળીના જનરલ એમ.ડી. નિતેશ ડોડીયાએ કર્યુ.

## કેબિનેટ મંત્રીએ જામનગરના ગામોની મુલાકાત લઈ લોકો સાથે સંવાદ કર્યો



વિશાલ જે હરવરા | જામનગર

રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોધ્યોગ, ગ્રામવિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ જામનગર જિલ્લાના વિવિધ ગામડાઓમાં ગ્રામજનો સાથે મુલાકાત કરી નાગરિકોની સુખાકારી વધે તે માટે સતત કાર્યશીલ રહે છે. ગામડાઓમાં વસતા નાગરિકોની રજૂઆતોનો સકારાત્મક ઉકેલ લાવવાના હેતુથી જામનગર જિલ્લાના રણજીતપર, ખીલોસ, મોટી લાખાણી, નાની લાખાણી, જામવંથલી અને વરણા ગામોની મુલાકાત લઈ મંત્રીશ્રીએ ગ્રામજનો સાથે બેઠક યોજી સંવાદ સાધ્યો હતો. બેઠકમાં મંત્રીશ્રીએ ગ્રામજનોની રજૂઆતો સાંભળી તેમના પ્રશ્નોના સુખદ સમાધાન આવે તે દિશામાં કામગીરી કરવા આશ્વાસન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે મંત્રીશ્રી દ્વારા જામનગર જિલ્લાના ગામડાઓની રૂબરૂ મુલાકાત લઈ લોકોની રજૂઆતો સાંભળી તે દિશામાં આયોજન હાથ ધરી લોકોની સુવિધાઓમાં વધારો થાય પ્રકારે કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત સર્કિટ હાઉસ ખાતે પણ લોકસંપર્કનું આયોજન કરવામાં આવે છે.

## વડોદરા ડિવિઝનના ૨૫ રેલ કર્મચારીઓને મળ્યો ડીઆરએમ એવોર્ડ

વડોદરા | તા.24

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી જીતેન્દ્ર સિંહ આજે તારીખ ૨૪.૦૨.૨૦૨૫ ના રોજ વડોદરા મંડળના ૨૫ રેલ કર્મચારીઓને સલામત ટ્રેન પરિચાલન માટે ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કર્યા. આ રેલ કર્મચારીઓને તેમની ફરજ દરમિયાન દર્શાવેલી સજકતા અને સતર્કતા ના કારણે દુર્ભાગ્યપૂર્ણ ઘટનાઓ રોકવામાં તેમના યોગદાન માટે પ્રમાણપત્ર અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા, વડોદરા મંડળના વરિષ્ઠ મંડળ સંરક્ષા અધિકારી શ્રી શરદ ગૌતમના જણાવ્યા અનુસાર સ્ટેશન માસ્ટર શ્રી રતીરામ મીણા, શ્રી ઓમારામ મેઘવાળ, ટ્રેન મેનેજર શ્રી એન. એન. શેખ, પોઈન્ટસમેન શ્રી દીપરામ મીણા, વોકોપાઈવટ શ્રી સંજય એસ પટેલ, શ્રી મહંમદ્ અભ્યાસખાન, શ્રી સલીમ દુધવાળા, શ્રી અજયકુમાર મહેતા, શ્રી જે.કે. મીણા, શ્રી નિરજકુમાર, શ્રી હીરાવાલ મીણા, મુખ્ય ચિકિત્સા અધિક્ષક મેમુ શેડ શ્રી રંજનકુમાર, સિનિયર સેકશન ઈજનેર શ્રી રવિકાંત બધેલ, ટેકનિશિયન શ્રી અનિલ જે.સી., શ્રી નરવતસિંહ આર., શ્રી મયુરકુમાર આર, સોની, શ્રી ઉજજ્જવલ પી તડવી, શ્રી નયનજી ત્રિવેદી, સહાયક શ્રી નિમેષ એચ. જગતાપ, શ્રીમતી વિલિતાબેન આર. પરમાર, ટ્રેકમેન શ્રી રોશનકુમાર ગુપ્તા. શ્રી પપ્પુકુમાર, મેસન શ્રી અનિલકુમાર તથા ગેટમેન શ્રી દિપીલકુમારને પ્રમાણપત્ર અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા. આ તમામ સન્માનિત કર્મચારીઓએ રેલ સંરક્ષા માં કોઈપણ ખામી જણાતાં તરત યોગ્ય પગલાં લઈ અકસ્માત અને સંભાવિત નુકસાનથી બચાવ કર્યો છે. મંડળ રેલ પ્રબંધક શ્રી જીતેન્દ્ર સિંહે આ સતર્ક અને સંરક્ષા રેલ કર્મચારીઓનું ઉત્સાહવર્ધન કર્યું. શ્રી સિંહ જણાવ્યું હતું કે મુસાફરીની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે રેવ કર્મચારી પોતાની ફરજ દરમિયાન સજકતા અને સતર્કતા રાખે છે ત્યારે અમારી ટ્રેન સેવાની કામગીરી વધુ સલામત બને છે. અમને આ તમામ રેલ કર્મચારીઓ પર ગર્વ છે.

## ભારત સસ્ટેઇનેબિલિટી કોન્ક્લેવ 2025: ટકાઉ ભવિષ્ય માટે માર્ગ વિકસાવતાં

ગાંધીનગર | તા.24

પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી (PDEU) સ્પ્રિંગર નેચર સાથે જ્ઞાન ભાગીદાર તરીકે મળીને ભારત સસ્ટેઇનેબિલિટી કોન્ક્લેવ 2025નું આયોજન કરી રહી છે. આ મહત્વપૂર્ણ ઈવેન્ટ 26-27 ફેબ્રુઆરીએ ગિફ્ટ સિટી ક્લબ, ગાંધીનગર ખાતે યોજાશે. આ સંમેલનમાં વૈશ્વિક નિષ્ણાતો, નીતિનિર્માતા, સંશોધકો અને ઉદ્યોગ નેતાઓ એકત્ર થશે, જે ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs)ને આગળ વધારવા માટે ચર્ચાઓ અને સહકારને વેગ આપશે.

"એક વિશ્વ, એક ભવિષ્ય, અને ટકાઉ ભવિષ્ય માટે અમને માર્ગદર્શન આપતા 17 લક્ષ્યો" થીમ સાથે, આ સંમેલન ટકાઉ વિકાસ માટેનાં મહત્વપૂર્ણ પડકારો, નીતિગત આવશ્યકતાઓ અને ટેકનિકલ નવીનતાઓ પર પ્રકાશ નાખશે, જે હરિયાળું અને વધુ સમાનભૂત ભવિષ્ય ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવશે. મુખ્ય ભાષણો, પેનલ ચર્ચાઓ અને નિષ્ણાત સંવાદો દ્વારા, આ ઈવેન્ટ એકેડેમિયા, ઉદ્યોગ ભાગીદારી અને અદ્યતન સંશોધનની ભૂમિકા અંગે ચર્ચા કરશે, જે વૈશ્વિક ટકાઉ વિકાસ સમસ્યાઓનો સામનો કરવામાં મદદરૂપ થશે. ભારતના પૂર્વ વિદેશ રાજ્ય મંત્રી મીનાક્ષી લેખી મુખ્ય અતિથિ તરીકે હાજર રહેશે.

મંડળ રેલ પ્રબંધક કાર્યાલય

## અમદાવાદ ખાતે મહિલાઓ માટે વિશેષ આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરાયું

અમદાવાદ | તા.24

મંડળ રેલ પ્રબંધક કાર્યાલય અમદાવાદમાં તારીખ 21 ફેબ્રુઆરી 2025 ના રોજ ડૉ. મોનિકા શર્મા, સહાયક મુખ્ય તબીબી અધિક્ષક, આરોગ્ય દ્વારા મહિલાઓ માટે એક વિશેષ આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મહિલાઓને એનિમિયા, હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, થાઈરોઇડ વિકાર, સ્તન કેન્સર અને સર્વાઇકલ કેન્સર જેવા રોગોની તપાસ કરવામાં આવી હતી. આ શિબિરનો કુલ 19 મહિલાઓએ લાભ લીધો હતો, જેમાં 9 પેપ સ્મીયર અને 7 મેમોગ્રાફી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. હાઈપરટેન્શનનો એક નવો કેસ પણ ઓળખાયો.



આ શિબિરનો ઉદ્દેશ્ય મહિલાઓને સ્વાસ્થ્ય સમસ્યાઓ પ્રત્યે જાગૃત કરવાનો અને તેમને જરૂરી સલાહ આપવાનો હતો. ડોકટરો અને આરોગ્ય નિષ્ણાતોની ટીમે દર્દીઓની તપાસ કરી અને તેમને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની સલાહ આપી. શિબિરમાં મહિલાઓને પૌષ્ટિક આહાર, નિયમિત કસરત અને તણાવ વ્યવસ્થાપનના મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, શિબિરમાં હાજર મહિલાઓને આરોગ્ય તપાસ રિપોર્ટ અને ફોલો-અપ સૂચનાઓ પણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ડૉ. મોનિકા શર્માએ મહિલા સ્વાસ્થ્ય સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વ્યાખ્યાન આપ્યું હતું અને જાગૃતિ લાવવા માટે આરોગ્ય સંબંધિત પોસ્ટરોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. તેમણે મહિલાઓને નિયમિત આરોગ્ય તપાસ કરાવવા અને સંતુલિત આહાર અપનાવવા અપીલ કરી. તેમણે કહ્યું કે નિયમિત આરોગ્ય તપાસ અને વહેલા નિદાન દ્વારા ગંભીર રોગોને અટકાવી શકાય છે.

શિબિર દરમિયાન, નિષ્ણાતોએ જણાવ્યું હતું કે એનિમિયા અને થાઈરોઇડના વિકાર મહિલાઓમાં ઝડપથી વધી રહ્યા છે, જેના માટે સમયસર નિદાન અને સારવાર જરૂરી છે. સ્તન કેન્સર અને સર્વાઇકલ કેન્સરની તપાસ માટે મેમોગ્રાફી અને પેપ સ્મીયર ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ પરીક્ષણો મહિલાઓને સમયસર ગંભીર રોગોથી બચાવવામાં મદદરૂપ સાબિત થશે.

## અમદાવાદ મંડળ પર રાજભાષા કાર્યાન્વયન સમિતિની બેઠકનું આયોજન



અમદાવાદ | તા.24

અમદાવાદ મંડળની રાજભાષા કાર્યાન્વયન સમિતિની ત્રિમાસિક બેઠક મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં સત્તાવાર ભાષા હિન્દીના ઉપયોગ અને પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી અને હિન્દીના મહત્તમ ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે વિવિધ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

આ પ્રસંગે, અમદાવાદ મંડળના ઈ-પત્રિકા 'રાજભાષા આશ્રમ સૌરભ' ના 50મા અંકનું વિમોચન કરવામાં આવ્યું. હિન્દીના પ્રચાર-પ્રસારના હેતુથી આયોજિત આ બેઠકમાં સાહિત્યકાર જયશંકર પ્રસાદની જન્મજયંતિ પણ ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે હિન્દી સાહિત્ય પર આધારિત ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિજેતા અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

રાજભાષા હિન્દીને પ્રોત્સાહન આપવા માટે 'રાજભાષા રત્ન' એવોર્ડ યોજના હેઠળ હિન્દીમાં ઉત્તમ કાર્ય કરનારા અધિકારીઓ અને કર્મચારીઓને મંડળ રેલ પ્રબંધક દવારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. મંડળ રેલ પ્રબંધકે સત્તાવાર ભાષા હિન્દીના ઉપયોગને રાષ્ટ્રીય ચેતના અને ગૌરવ સાથે જોડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે નિર્દેશ આપ્યો કે વિવિધ વિભાગીય નિરીક્ષણોમાં રાજભાષા સંબંધિત ફકરાઓ શામેલ કરવા જોઈએ અને પ્રગતિ પર દેખરેખ રાખવા માટે ચેકલિસ્ટ લાગુ કરવામાં આવે. બેઠકના ઉપાધ્યક્ષ અને અપર મંડળ રેલ પ્રબંધક (પરિચાલન) શ્રી લોકેશ કુમારે રાજભાષા હિન્દીના ક્ષેત્રમાં થઈ રહેલી પ્રગતિની પ્રશંસા કરી અને તેને નિરંતર ચાલુ રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. આ પ્રસંગે, મંડળના રાજભાષા અધિકારી શ્રી હાફિઝ ખાન સહિત તમામ વિભાગાધ્યક્ષ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન વરિષ્ઠ અનુવાદક શ્રી વિજય મલિક દ્વારા કરવામાં આવ્યું હતું.



ચેતાસ કંર્ટોલ સી પ્રા લી ના સ્ટાફ ના 18 સભ્ય ને કંપની એ મહાકુંભ 2025 યાત્રા કરાવી દરેકે આનંદ ઉત્સાહ થી કુભ સ્નાન કયું

## વાઘોડિયા તાલુકાના રાજપુરા ગામના સિમાડે અકસ્માત

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા તાલુકાના રાજપુરા ગામ ના સિમાડે થી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલ ના માર્ગે પર મહેન્દ્ર કંપની ની ટીયુવી કાર નર્મદા કેનાલ ની પાળ પર ચડી જતા અકસ્માત થયેલ ની જરોદ પોલીસ ને થતાં જરોદ પોલીસ ઘટનાસ્થળે ધસી જતાં કાર ચાલક અકસ્માત કાર ને મુકીને ભાગી છુટયો હતો પોલીસે કાર ની તલાશી લેતા કાર માં થી વિદેશી બનાવટ નો જથ્થો હાથ લાગ્યો હતો પોલીસે વિદેશી બનાવટ નો કવાટરીયા અને બિયર જથ્થો રૂપિયા 68,820/- નો અને કાર મળીને 3,68,820/- નો મુદ્દામાલ કબજે લ ઈ લાપતા કાર ચાલક વિરૂધ્ધ ગુન્હો નોંધી ને કાર ચાલક ની શોધખોળ હાથ ધરી છે.

## એશિયાયાટિક સિંહ સંરક્ષણના ઈતિહાસમાં કાળો ગુરૂવાર સાબિત : ભૂષણ પંડયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સેન્ચ્યુરી નજીક સંભવિત બાંધકામો વન્ય પ્રાણી ઓના કોરિડોર્સ ને અવરોધશેઃ માણસો સાથે ઘર્ષણ વધશેઃ સિંહોમાં ઈનફાઈટ- ઈનબ્રીડીંગની સમસ્યાઓ થશે તાજેતરમાં રાજય સરકાર દ્વારા ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, ગીર વન્ય પ્રાણી અભ્યારણ, પાણીયા વન્યપ્રાણી અભ્યારણ તથા મીતીયાળા વન્ય પ્રાણી અભ્યારણ સાથે એશીયાટીક સિંહોના નિવાસ સ્થાન એવા ગીર જંગલ નજીક હોટલ, રિસોર્ટ વગેરે જેવી પ્રવૃતિઓને મંજુરી અપાતા હાનિકારક સ્થિતિ ઉભી થવાની શકયતા સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફના પૂર્વ સભ્ય અને વાઈલ્ડ લાઈફ ફોટો ગ્રાફર ભુષણભાઈ પંડયાએ દર્શાવી છે.આ સુધારો ગીર સંરક્ષિત વિસ્તાર (PA), એટલે કે - ગીર રાષ્ટ્રીય ઉદ્યાન, ગીર વન્યપ્રાણી અભયારણ્ય, પાણીયા વન્યપ્રાણી અભયારણ્ય એને મીતીયાળા વન્યપ્રાણી અભયારણ્ય - અને તેની એશિયાટિક સિંહો સહિતની વાઈલ્ડ લાઈફ માટે અત્યંત હાનિકારક સાબિત થશે. ૧લી જુલાઈ ૨૦૧૫ ના જી.આર. મુજબ, હોટલ, રિસોર્ટ વગેરે જેવી ઘણી પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે પ્રતિબંધિત હતી.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ ખાતે ખેડૂત સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદ જિલ્લાના અરણેજ ખાતે આયોજીત કિસાન સન્માન સમારોહમાં સાંસદ ડૉ. હસમુખભાઈ પટેલે જણાવ્યું હતુ કે, પ્રાકૃતિક ખેતી અપનાવવી એ વર્તમાન અને આવનારી પેઢી માટે જરૂરી છે. ધરતીની ફળદ્રુપતા, પાણીની ગુણવત્તા અને માણસના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતી અને પ્રાકૃતિક આહાર અત્યંત જરૂરી છે. રસાયણ યુક્ત ખેતી ટૂંકા ગાળાનો લાભ તો અપાવી શકે પરંતુ લાંબા ગાળે જમીન અને માનવીના સ્વાસ્થ્ય અને મોટું નુકસાન કરે છે ખેતીને પાયમાલ બનાવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું.સાંસદ ડૉ. હસમુખભાઈ પટેલે અમદાવાદના અરણેજ



ખાતે આયોજિત કિસાન સન્માન સમારોહમાં ઉપસ્થિત ખેડૂતોને સંબોધન કર્યું હતું. સાંસદએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં એવી સરકાર છે જે હરહંમેશ ખેડૂતોને પડખે ઉભી રહે છે. ખેડૂતોના પ્રશ્નોને જાણનારી, સમજનારી અને તેના રચનાત્મક ઉકેલ લાવનારી આ સરકાર છે. તેમણે વધુમાં કહ્યું કે, PM મોદીના દિશાદર્શનમાં ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહ્યા છે. ટેકાના ભાવ જાહેર કરવામાં અને ખેડૂતોને આર્થિક રીતે સહાયરૂપ થવામાં વર્તમાન સરકાર ખેડૂતોની અપેક્ષાઓ પર હરહંમેશ ખરી ઉતરી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ તકે સાંસદએ રાજ્ય સરકારના નવનિર્મિત કૃષિ પ્રગતિ કમાન્ડ એન્ડ કંટ્રોલ પોર્ટલની ભૂમિકા આપી હતી. આ પોર્ટલની વિશેષતાઓ જણાવી તેનો લાભ લેવા સૌ ખેડૂતોને અનુરોધ કર્યો હતો. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની ભૂમિકા આપતા સાંસદએ જણાવ્યું કે, ખેડૂતોને સન્માનપૂર્વક ધનરાશિ આપી આત્મનિર્ભર કરવાનું કદમ આ યોજનાથી સરકારે ઉઠાવ્યું છે.

## ગુરુકુલ કુરુક્ષેત્રમાં વિદ્યાર્થીઓને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું પ્રેરણાદાયી વક્તવ્ય

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગુરુકુલ કુરુક્ષેત્રમાં વિદ્યાર્થીઓને જીવનમાં સફળતા મેળવવા માટે ઈમાનદારીથી કઠોર પરિશ્રમ કરવાની પ્રેરણા આપી હતી. આચાર્ય દેવવ્રત એ પોતાના પ્રેરક વક્તવ્યમાં કહ્યું કે, માતા-પિતા અને ગુરુજનોનું સન્માન કરવું એ દરેક વિદ્યાર્થીનું નૈતિક કર્તવ્ય છે. તેમણે જણાવ્યું કે, 'માતા-પિતા પોતાના બાળકો પાસેથી અપેક્ષા રાખે છે કે, વૃદ્ધાવસ્થામાં સંતાનો તેમની સેવા કરે અને સમાજમાં તેમનું માન-સન્માન વધારે. આ જ આશાથી તેઓ પોતાના બાળકોને ગુરુકુલમાં ભણવા મોકલે છે, જ્યાં સાચા અર્થમાં બાળકોને સંસ્કારી બનાવવામાં આવી રહ્યા છે.'આચાર્ય દેવવ્રત એ 9મા થી 12મા ધોરણના વિદ્યાર્થીઓને સંબોધન કરતાં જણાવ્યું કે, આ ઉંમરમાં કિશોરોમાં શારીરિક અને માનસિક ફેરફાર થાય છે, જેમાં તેઓ ઘણીવાર દિમાગથી લેવાને બદલે દિલથી નિર્ણય લે છે, જે ભવિષ્ય માટે ક્યારેક યોગ્ય સાબિત થતા નથી. આવામાં વિનમ્રતાનો ગુણ અત્યંત મહત્વનો છે. વિનમ્રતાથી જ વિદ્યા પ્રાપ્ત થાય છે.તેમણે આજના સમયમાં દુનિયાની ઝાકઝમાળથી ભ્રમિત થઈને લક્ષ્યમાંથી ભટકવાની સમસ્યાને લઈને વાત કરી. તેમણે જણાવ્યું કે, ગુરુકુલીય શિક્ષણ પદ્ધતિ આ ભટકાવથી બચાવીને વિદ્યાર્થીઓને સાચા માર્ગ પર પકડી રાખે છે.

## ગેરકાયદેસર રીતે શહેરમાં બેનર લગાવનાર ઇસમો સામે ગાંધીનગર મહાનગરપાલિકાની કડક કાર્યવાહી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

તાજેતરમાં જ અમલમાં મૂકવામાં આવેલી આઉટડોર પબ્લિસિટી પોલિસીના ચુસ્તપણે અમલીકરણ માટે ગેરકાયદેસર હોર્ડીંગ/બેનર લગાવનાર સામે કડક કાર્યવાહી શરું કરી દેવામાં આવી છે. શહેરમાં પૂર્વમંજૂરી વગર લગાવવામાં આવેલ બેનર સામે ગાંધીનગર મહાનગરપાલિકાએ લાલ આંખ કરી છે. આ કાર્યવાહીના ભાગરૂપે 'કિસ્ના ડાયમંડ એન્ડ ગોલ્ડ જ્વેલરી' સંસ્થાને શહેરના વિવિધ વિસ્તારોમાં બેનર તેમજ કીઓસ્ક લગાવવા બદલ રૂ. ૧,૭૩,૦૦૦/-ની વહીવટી ચાર્જની નોટિસ ફટકારવામાં આવી છે. સંસ્થાને દિન-૭માં વહીવટી ચાર્જની ભરપાઈ કરવા તેમજ ભવિષ્યમાં આ પ્રકારના બેનર તેમના દ્વારા લગાવવામાં નહીં આવે તેવી બાહેંધરી આપવા કડક નોટિસ પાઠવવામાં આવી છે. આ ઉપરાંત શહેરની 'કિશોર ક્લાસિસ' સંસ્થા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં બેનર તેમજ સ્ટીકરસ લગાવવામાં આવેલ હતા. તે અંગે સંસ્થાને નોટિસ આપવામાં આવેલ, જે બાદ પણ સંસ્થા દ્વારા બેનર હટાવવામાં ન આવતા રૂ. ૫૪,૯૦૦/- ની વહીવટી ચાર્જની નોટિસ ફટકારવામાં આવી છે. સંસ્થાને દિન-૭માં વહીવટી ચાર્જની ભરપાઈ કરવા તેમજ ભવિષ્યમાં આ પ્રકારના બેનર તેમના દ્વારા લગાવવામાં નહીં આવે તેવી બાહેંધરી આપવા કડક નોટિસ પાઠવવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરનાર કોઈપણ કંપની કે વ્યક્તિને માફ કરવામાં આવશે નહીં. આ કાર્યવાહી માત્ર શરૂઆત છે અને ભવિષ્યમાં પણ આ જ રીતે કડક કાર્યવાહી ચાલુ રહેશે.

## મહાશિવરાત્રી પર શ્રી સોમનાથ, શ્રી કાશી વિશ્વનાથ અને શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગનો પ્રસાદ મેળવો સ્પીડ પોસ્ટ દ્વારા - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

અમદાવાદ, મહાશિવરાત્રી પર શિવજીની આરાધના કરવાનો વિશેષ મહિમા છે. દરેક વ્યક્તિ ભગવાન શિવના જ્યોતિર્લિંગ સ્વરૂપના દર્શન કરવા અને આશીર્વાદ સ્વરૂપે પ્રસાદ મેળવવાની ઈચ્છા રાખે છે. પરંતુ કેટલાક ભક્તો ઈચ્છવા છતાં દર્શન કરી શકતા નથી. હવે આવા ભક્તોએ નિરાશ થવાની જરૂર નથી. પોસ્ટ વિભાગની સ્પીડ પોસ્ટ સેવા દ્વારા, લોકો દેશના કોઈપણ ખૂણામાં, ગુજરાતના શ્રી સોમનાથ મંદિર, વારાણસીના શ્રી કાશી વિશ્વનાથ મંદિર, અને ઉજ્જૈનના શ્રી મહાકાલેશ્વર મંદિરનો પ્રસાદ ઘરે બેઠા મેળવી શકે છે. ઉપરોક્ત માહિતી ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે આપી. આ ઉપરાંત, મહાશિવરાત્રી પર પોસ્ટ ઓફિસમાંથી ગંગાજળની સુવિધા પણ ઉપલબ્ધ છે. 250 મિલી ગંગાજળની બોટલ ફક્ત 30 રૂપિયામાં મેળવી શકાય છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે શ્રી સોમનાથ ટ્રસ્ટે ભારતીય ટપાલ વિભાગ સાથે ભક્તોને તેમના ઘરે પ્રસાદ પહોંચાડવા માટે કરાર કર્યો છે. આ કરાર હેઠળ, કોઈપણ ભક્ત 270નો ઈ-મની ઓર્ડર મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસ પાટણ, જિલ્લો-જૂનાગઢ, ગુજરાત- 362268ને મોકલીને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ મંગાવી શકે છે. ઈ-મની ઓર્ડર પર 'પ્રસાદ માટે બુકિંગ' લખેલું હોવું જોઈએ. ત્યારબાદ, શ્રી સોમનાથ ટ્રસ્ટ સંબંધિત ભક્તને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદનું 400 ગ્રામનું પેકેટ મોકલશે. આ પ્રસાદમાં 200 ગ્રામ મગસના લાડુ, 100 ગ્રામ તલની ચીક્કી અને 100 ગ્રામ માવા ચીક્કી હશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## મહાશિવરાત્રી પર્વ
### શ્રી સોમનાથ મંદિરના કાર્યક્રમો

- દર્શન પ્રારંભ સવારે 4 કલાકે
- પ્રાતઃમહાપૂજા પ્રારંભ 06:00 કલાકે
- પ્રાતઃઆરતી 07:00 કલાકે
- લઘુરુદ્ર યાગ સવારે 07:30થી (મંદિર યજ્ઞશાળામાં)
- શ્રી પાર્થેશ્વર પૂજન સવારે 08:00 કલાકે (મારુતિ બીચ)
- નૂતન ધ્વજારોહણ સવારે 08:30 કલાકે
- પાલખી યાત્રા સવારે 09:00 કલાકે
- ઋષિકુમારો દ્વારા શાંતિપાઠ સવારે 9થી 10 કલાકે
- શ્રી સોમનાથ પાદ પૂજન-શોભાયાત્રા 10થી 11 કલાકે
- પરિસર મધ્યાન મહાપૂજા 11:00 કલાકે
- મધ્યાન આરતી બપોરે 12:00 કલાકે
- બિલ્વપૂજા બપોરે 1:30થી 02:30 કલાકે
- મહામૃત્યુંજય યજ્ઞ બપોરે 3થી 6:30 કલાકે
- શૃંગાર દર્શન સાંજે 4થી 8:30 (શિવસત્રિ મહાત્મ્ય શૃંગાર)
- સંધ્યાવંદન-પુરુષુક્ત પાઠ સાંજે 6થી 6:45 કલાકે
- સંધ્યા આરતી સાંજે 07:00 કલાકે
- શિવરાત્રી પ્રક્ષાલ પૂજન રાત્રે 8:30 કલાકે
- શિવરાત્રી પ્રથમ પ્રહર પૂજન રાત્રે 8:40 કલાકે
- શિવરાત્રી પ્રથમ પ્રહર આરતી 9:30 કલાકે
- શિવરાત્રી જ્યોતપૂજન 10:15 કલાકે
- શિવરાત્રી દ્વિતીય પ્રહર પૂજન 11:00 કલાકે
- શિવરાત્રી દ્વિતીય પ્રહર આરતી 12:30 કલાકે
- શિવરાત્રી તૃતીય પ્રહર પૂજન 2:45 કલાકે
- શિવરાત્રી તૃતીય પ્રહર આરતી 3:30 કલાકે
- શિવરાત્રી ચતુર્થ પ્રહર પૂજન પ્રાતઃ 4:45 કલાકે
- શિવરાત્રી ચતુર્થ પ્રહર આરતી સવારે 5.30 કલાકે

### સમુદ્ર કિનારે પાર્થિવ શિવલિંગ મહાપૂજાનું આયોજન; સતત 42 કલાક સુધી મંદિર ખુલ્લું રહેશે, ભક્તો માટે વિશેષ સુવિધાઓ...

# સોમનાથમાં ભવ્ય મહાશિવરાત્રી મહોત્સવ...

ગીર સોમનાથ | શ્રી સોમનાથ મહાદેવ મંદિરમાં મહાશિવરાત્રી 2025ની ભવ્ય ઉજવણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. મંદિર 26 ફેબ્રુઆરીએ સવારે 4 વાગ્યાથી સતત 42 કલાક સુધી ભક્તો માટે ખુલ્લું રહેશે. સવારે 8 વાગ્યે સોમનાથ સમુદ્ર કિનારે હજારો ભક્તો માટે પાર્થિવ શિવલિંગ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તોને દર્શન અને ગંગાજળ અભિષેકનો લાભ મળે તે માટે સવારે 8થી 11 અને બપોરે 1થી 5 વાગ્યા સુધી વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. તો આવો જાણીએ આ વર્ષના ભવ્ય મહાશિવરાત્રી મહોત્સવની વિશેષ વિશેષતાઓ અને આયોજન... સંકીર્તન ભવન ખાતે ધ્વજા પૂજા માટે વિશેષ વ્યવસ્થા કરાશે. સોમેશ્વર મહાપૂજાના સ્લોટ્સ બમણાં કરવામાં આવ્યા છે. 24થી 26 ફેબ્રુઆરી સુધી સમુદ્ર દર્શન વોક-વે પર 'સોમનાથ મહોત્સવ'માં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

ભક્તો માત્ર 25 રૂપિયામાં બિલ્વ પૂજા કરી શકશે. પોસ્ટ દ્વારા ભસ્મ, રુદ્રાક્ષ અને નમન પ્રસાદ મોકલવામાં આવશે. દિવ્યાંગ અને વૃદ્ધ ભક્તો માટે સ્વાગત કક્ષ ખાતે ગોલ્ફ કાર્ટ અને વ્હીલચેરની નિઃશુલ્ક સુવિધા ઉપલબ્ધ રહેશે.

ગત વર્ષે બે લાખથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ભક્તોની ભીડને ધ્યાનમાં રાખીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. સવારે 7 વાગ્યે પ્રાતઃ આરતી બાદ પાલખી યાત્રા નીકળશે. યજ્ઞશાળામાં લઘુરુદ્ર યાગ અને મહામૃત્યુંજય યજ્ઞનું આયોજન કરાયું છે. રાત્રે ચાર પ્રહરની મહાપૂજા અને મહા આરતી યોજાશે.

**સોમેશ્વર પૂજાના બમણા સ્લોટ્સ :** શ્રી સોમનાથ મંદિરમાં ધ્વજા અને સોમેશ્વર પૂજા કરાવવા માટે ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જેને અનુલક્ષીને શ્રી સોમેશ્વર મહાપૂજાના સ્લોટ્સ અને પીઠિકા બમણાં કરવામાં આવ્યા છે. જેમાં સવારે 8થી 9, 9થી 10, 10થી 11, 12:30થી 01:30, 02:00થી 03:00, 03:00થી 04:00, 04:00થી 05:00, 05:00થી 06:00, 07:30થી 08:30 તેમજ રાત્રે 08:30થી 09:30, મધ્યરાત્રિએ 01:00થી 02:00, 02:00થી 03:00 વાગ્યા સુધી પૂજા કરવામાં આવશે.

### ધ્વજા પૂજા માટે વિશેષ આયોજન

આ સાથે જ ભાવિકોની પ્રિય ધ્વજા પૂજા અને રૂદ્રાભિષેક સર્વોત્તમ અનુભવ સાથે ભાવિકો કરાવી શકે તેના માટે મંદિર પરિસરમાં સંકીર્તન ભવન ખાતે વિશેષ કર્મચારીઓ અને માળખાકીય વ્યવસ્થા ગોઠવીને યાત્રીઓને અભૂતપૂર્વ અનુભવ આપવા આયોજન કરાયું છે. મહાશિવરાત્રી એટલે ભોળાનાથના ભક્તો માટે વર્ષનો સૌથી મોટો ઉત્સવ. મહાશિવરાત્રીના પર્વ પર શિવભક્તો મહાદેવની અનેકવિધ પ્રકારે આરાધના કરતા હોય છે. અને તેમાં પણ વિશેષરૂપે જ્યોતિર્લિંગ ક્ષેત્રમાં શિવ પૂજનનું શાસ્ત્રમાં પણ અનેરૂ મહાત્મ્ય વર્ણવવામાં આવ્યું છે. ત્યારે આવનારી મહાશિવરાત્રી પર તા. 26/02/2025ના રોજ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા હજારો શ્રદ્ધાળુને પંચમહાભૂતની અનુભૂતિ કરાવતી શિવજીના સૌથી પવિત્ર સ્વરૂપ પાર્થિવેશ્વર શિવલિંગ પૂજા કરાવવામાં આવશે.

### પ્રમોનેડ વોક-વે પર મારુતિ બીચ ખાતે વિશેષ પૂજાનું આયોજન

આ પૂજા સોમનાથ મંદિરની સાનિધ્યમાં પ્રોમોનેડ વોક-વે પર મારુતિ બીચ ખાતે કરાવવામાં આવશે. જેમાં આકાશ, અગ્નિ, જલ, પૃથ્વી, અને હવા એમ પંચ મહાભૂતની પૂજા સાથે અભિમંત્રિત માટી દ્વારા નિર્મિત પાર્થિવ શિવલિંગની ભક્તોને વિસ્તૃત પૂજા કરાવવામાં આવશે.

ગત 2 વર્ષથી યોજાતી આ પૂજા ભક્તો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવે છે.

આ વર્ષે હજારો ભક્તોને પૂજાનો લાભ મળી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. મહાશિવરાત્રીના દિવસે સવારે 08:00 થી 09:00 વાગ્યે સોમનાથ મંદિર પરિસર નજીક પ્રમોનેડ વોક-વે પર મારુતિ બીચ ખાતે આ વિશેષ પૂજાનું સુંદર આયોજન થનાર છે. જેનું રજીસ્ટ્રેશન ચાલુ છે.

### સ્વચ્છતાને લઈને આગવી તૈયારી

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા દરેક વ્યવસ્થામાં વધારે કર્મચારીઓ મૂકી મહાશિવરાત્રીના પર્વ પર એક પણ શ્રદ્ધાળુને અગવડ ન પડે તેની ખાસ કાળજી લેવામાં આવી છે. વિશેષ રૂપે જ્યારે લાખો લોકો દિવસ દરમિયાન પધારનાર હોય ટ્રસ્ટ દ્વારા સ્વચ્છતા અને અગ્રિમ મહત્વ આપી રાઉન્ડ ધી ક્લોક સફાઈ ટીમો તૈયાર કરી તીર્થ નિર્મળ અને સ્વચ્છ અનુભવાય તે સુનિશ્ચિત કર્યું છે.

વિશેષમાં આ વખતે પહેલી વખત સફાઈ માટે સ્ટ્રાઈકિંગ ફોર્સ તૈયાર કરવામાં આવી છે, જેમાં કોઈપણ વ્યક્તિ ક્યાંય પણ અસ્વચ્છ દેખાય તો આ ટીમનો સંપર્ક કરી તુરંત સ્વચ્છતા કરાવી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે મંદિરમાં યાત્રીઓની વધતી સંખ્યાને અનુલક્ષીને લોકોની સુવિધા સચવાઈ રહે તેના માટે 3 દિવસ લાઈટ એન્ડ સાઉન્ડ શો બંધ રાખવામાં આવનાર છે.

# કારની ટક્કરે સગા ભાઈ-બહેન સહિત ત્રણનાં મોત

### સુરતમાં પૂરપાટ આવતી કાર બે બાઈકને અડફેટે લઈ પલટી; મુન્દ્રામાં હિટ એન્ડ રનમાં બેનાં મોત



સુરત | સુરતના લસકાણા ચાર રસ્તા પાસે 23 ફેબ્રુઆરીની સાંજના પૂરપાટ હંકારતા કારચાલકે વારાફરતી બે બાઈકને ટક્કર માર્યા બાદ કાર BRTS રોડમાં ઘૂસીને પલટી જતાં અકસ્માત સર્જાયો હતો. એમાં બે બાઈકચાલક યુવકને હોસ્પિટલે ખસેડાતાં ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યા હતા, જ્યારે એક યુવતીને ગંભીર ઈજા થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી, જેનું આજે મોત નીપજ્યું છે. અમરેલીનાં સગાં ભાઈ-બહેનનાં મોતથી પરિવારમાં ભારે શોક છે. જ્યારે અન્ય યુવકના મોતથી ત્રણ સંતાને પિતાની છત્રછાયા ગુમાવી છે. હાલ આ મામલે લસકાણા પોલીસે કારચાલક વિરુદ્ધમાં સાપરાધ મનુષ્યવધની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. તો બીજી તરફ મોડીરાત્રે કચ્છના મુન્દ્રામાં હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે, જેમાં પોર્ટ રોડ પર અજાણ્યા વાહને બાઈકને અડફેટે લેતાં બે યુવકનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મોત નીપજ્યાં છે. એક મૃતક તો ત્રણ દિવસ પહેલાં જ પિતા બન્યો હતો.

મળતી માહિતી પ્રમાણે, કામરેજમાં નનસાડ રોડ ઓપેરા હાઉસમાં રહેતા 35 વર્ષીય રાજેશ મનસુખભાઈ ગજેરા અને તેની બહેન શોભા સાથે સાંજે બાઈક પર કામ અર્થે જવા નીકળ્યાં હતાં.

### ટૂંકી સારવારમાં બેનાં મોત

બે બાઈકને અડફેટે લીધા બાદમાં કાર બીઆરટીએસ રોડમાં ઘૂસી ગઈ હતી અને ત્યાં પલટી ખાઈને ડિવાઈડર સાથે ભટકાઈ હતી. એમાં ગંભીર ઈજા પામેલા રાજેશ ગજેરા અને મહેશભાઈ લાઠિયાને 108 એમ્બ્યુલન્સ મારફત સારવાર માટે સ્મિમેર હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં વારાફરતી બંને યુવકોને ટૂંકી સારવારમાં મૃત જાહેર કર્યા હતા. જ્યારે ગંભીર ઈજાગ્રસ્ત રાજેશની બહેન શોભાને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

કારચાલકે અકસ્માત કર્યા બાદ બીઆરટીએસ રૂટમાં ઘૂસી કાર પલટી મારી ગઈ હતી. આસપાસથી દોડી આવેલા લોકો દ્વારા કારચાલકને કારમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. કારચાલક એકાઉન્ટન્ટની નોકરી કરતો અર્જુન બાલુભાઈ વિરાણી (ઉં.વ.34 રહે. મમતા પાર્ક સોસાયટી, કાપોદ્રા) હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે લસકાણા પોલીસે કારચાલક વિરુદ્ધ સાપરાધ મનુષ્યવધની કલમ હેઠળ ગુનો દાખલ કરી તેની અટકાયત કરીને વધુ તપાસ હાથ ધરી છે.

# પાટણ-સિધ્ધપુરમાંથી મોપેડ ચોર ઝડપાયો શખસ પાસેથી ત્રણ મોપેડ મળ્યા

(એજન્સી) પાટણ | તા. 24




પાટણ એલસીબી પોલીસે મોપેડ ચોરીના ત્રણ કેસનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે પાટણના ઘીવટા વિસ્તારના ખીજડાના પાડામાં રહેતા 42 વર્ષીય દિપેન નિર્મળકુમાર શાહની ધરપકડ કરી છે. આરોપી પાસેથી કુલ રૂ. 60,000ની કિંમતના ત્રણ મોપેડ કબજે કરવામાં આવ્યા છે.

એલસીબી પોલીસ ઈન્સપેક્ટર આર.જી.ઉનાગરના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. મળેલી બાતમીના આધારે પાટણના પ્રગતિ મેદાન ખાતેથી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

આરોપીએ દસેક મહિના પહેલા પાટણની વૃંદાવન સોસાયટીમાંથી સફેદ કલરનું એક્ટિવા (GJ24P1422) ચોર્યું હતું. ત્રણ મહિના પહેલા ગાયત્રી મંદિર પાછળની સોસાયટીમાંથી કાળા કલરનું એક્ટિવા (GJ24F4113) ચોરી કર્યું હતું. આ ઉપરાંત સિધ્ધપુર બસ ડેપોમાંથી દસ મહિના પહેલા સફેદ કલરનું પ્લેઝર મોપેડ (GJ05KE4992) ચોરી કર્યું હતું.

દરેક મોપેડની કિંમત રૂ. 20,000 છે. પોલીસે આરોપીની BNNS કલમ-35(1)E મુજબ ધરપકડ કરી છે અને વધુ તપાસ માટે પાટણ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપ્યો છે.

### વાંકાનેરમાં હિટ એન્ડ રન કેસ: રોડ ક્રોસ કરતી મહિલાને ટુરિસ્ટ ટેમ્પોએ હડફેટે લેતા મોત...

(એજન્સી) મોરબી | તા.24




વાંકાનેર બાઉન્ડ્રી વિસ્તારમાં એક ગંભીર અકસ્માત સર્જાયો. પેટ્રોલ પંપની સામે રોડ ક્રોસ કરી રહેલા મહિલાને ટુરિસ્ટ ટેમ્પોએ હડફેટે લીધી હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. મૃતક મહિલાની ઓળખ જશુબાઈ તરીકે થઈ છે. અકસ્માત સર્જ્યા બાદ ટેમ્પો ચાલક ઘટનાસ્થળેથી વાહન લઈને ફરાર થઈ ગયો હતો. મૃતક મહિલાના દિયર કમલસિંહ નિર્ભયસિંહ પરીહાર (46)એ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ટુરિસ્ટ ટેમ્પો (નંબર GJ-6-XX-0899)ના ચાલકે જશુબાઈને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં જશુબાઈને માથા અને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મૃત્યુ થયું હતું. પોલીસે ટુરિસ્ટ ટેમ્પોના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આરોપીને પકડવા માટે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે.

લગ્ન પ્રસંગમાં મારામારી થતા નાચભાગ

# વડોદરા માલસર ગામમાં ડીજેમાં નાચવા બાબતે ઠપકો આપતા યુવકોએ ઝઘડો કર્યો




(એજન્સી) વડોદરા | તા. 24

જિલ્લાના શિનોર તાલુકાના માલસર ગામમાં લગ્ન પ્રસંગમા આયોજીત ડીજે પાર્ટીમાં ગામના ત્રણ યુવાનને નાચવા બાબતે ઠપકો આપતાં ધમાલ મચાવી હતી. એટલું જ નહીં પ્રસંગમાં આવેલા મહેમાનોને માર માર્યો હતો. ડીજે પાર્ટીમાં થયેલી મારામારીના બનાવને પગલે નાસભાગ મચી ગઈ હતી. આ બનાવ અંગે શિનોર પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

શિનોર પોલીસ મથકમાં દિનેશભાઈ ચંપકભઆઈ વસાવાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે, માલરસર ગામમાં રહેતા તેમના મામાની દીકરીનું લગ્ન હોવાથી છેલ્લા 10 દિવસથી તેઓ ત્યાં છે. 22, ફેબ્રુઆરીના રોજ લગ્ન નિમિત્તે ડીજે વાગતું હતું અને તેમાં મહેમાનો અને આમંત્રિતો નાચતા હતા. દરમિયાન કોઈકનો પગ વાગી જતા ફળિયામાં રહેતા શૈલેષ જયંતિભાઈ વસાવા, નરેશ ઉર્ફે રોશન ઉર્ફે નોળિયો વસાવા, ધમો મગનભાઈ વસાવા જાહેરમાં બેફામ ગાળો બોલીને ઝઘડો કરવા લાગ્યા હતા.

લગ્નમાં આવેલા મહેમાનોમાંથી રાહુલભાઈ રમેશભાઈ વસાવા અને રોહનભાઈ દિનેશભાઈ ગોહિલે ત્રણેય યુવાનોને જણાવ્યું કે, તમે લગ્નમાં શાંતિથી નાચો. ગાળો શું કામ બોલો છો. જે બાદ ત્રણેય ઉશ્કેરાઈ ગયા હતા અને ત્રણેય યુવાનોએ ધમાલ શરૂ કરી હતી. એટલેથી ન અટકતા ધમો હાથમાં લાકડી લઈને આવ્યો હતો અને તેણે રાહુલ વસાવા અને રોહન ગોહિલને મારવાનું ચાલુ કર્યું હતું.

# દેવગઢ બારીયામાં વિદેશી દારૂનો વેપલો

(એજન્સી) દાહોદ | તા. 24



દેવગઢ બારીયા પોલીસની એલસીબી ટીમે બાતમીના આધારે મોટી કાર્યવાહી કરી છે. સમડી સર્કલથી મેન્દ્રા ચોકડી વચ્ચેના માર્ગ પરથી પોલીસે વિદેશી દારૂની મોટી ખેપ પકડી પાડી છે. પોલીસે ટાટા ટ્રક (નંબર GJ01DU2088)ને રોકીને તપાસ કરતા બાજરીના ઘાસ નીચેથી વિદેશી દારૂની 222 પેટી મળી આવી હતી. જેમાં કુલ 7,584 બોટલ હતી, જેની કિંમત રૂ. 8.78 લાખ છે. પોલીસે ટ્રક સહિત કુલ રૂ. 23.83 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ કેસમાં રાજસ્થાનના બાડમેર જિલ્લાના 25 વર્ષીય ગુમાનસિંહ મેઘવાલની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે અલવરના દિગ્વિજયસિંહ નામનો આરોપી હજુ ફરાર છે. તપાસમાં ખુલ્યું છે કે દારૂની ખેપ જયપુર-ટોંક રોડ પરથી ભરીને અમદાવાદ લઈ જવાની હતી. આરોપીઓ વોટ્સએપ કોલિંગથી સંપર્કમાં રહીને દારૂની હેરાફેરી કરી રહ્યા હતા. પોલીસે આ કેસમાં પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વિપુલ પટેલે અન્ય વેપારીઓ સાથે મળી 6 કરોડની છેતરપિંડી આચરી...

સુરત | સુરત શહેરમાં હીરા વેપાર સાથે જોડાયેલા ઉદ્યોગકારને કરોડો રૂપિયાની છેતરપિંડીમાં ફસાવનાર એક મુખ્ય આરોપીને સુરત ક્રાઈમ બ્રાન્ચના ઈકોસેલ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. આરોપી વિપુલ વિઠ્ઠલભાઈ પટેલ (કાકડીયા) અને તેની સાથે સંકળાયેલા અન્ય વેપારીઓએ ફરિયાદી પિતા-પુત્ર પાસેથી હીરાના વેપારના બહાને કુલ 6.08 કરોડની છેતરપિંડી આચરી હતી. માત્ર વિપુલ વિઠ્ઠલભાઈ પટેલે 19,33,863 રૂપિયાની છેતરપિંડી આચરી હતી.

ફરિયાદી ધનેશ મોહનલાલ સંઘવી અને તેમના પિતા મોહનલાલ ભેરૂમલ સંઘવી સુરતમાં વિવિધ પેઢીઓના નામે સીવીડી (CVD) અને રિયલ હીરાનો વેપાર કરતા હતા. તેમના ધંધા સાથે જોડાયેલી પેઢીઓમાં 'ડીયામ જ્વેલર્સ' ધનેશ મોહનલાલ સંઘવી, દેવાંશી જેમ્સ, મોહનલાલ ભેરૂમલ સંઘવી અને શિતલ છાયા ડાયમંડ સામેલ છે.

આરોપી વિપુલ પટેલ અને અન્ય વેપારીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચીને શરૂમાં વેપાર શિરસ્તા મુજબ પેમેન્ટ ચૂકવી વિશ્વાસ જીત્યો. ત્યાર બાદ વધુ માલ ઉછીનો લઈ કુલ 19,33,863 રૂપિયા રોકી દીધા અને પેમેન્ટ આપ્યા વગર ગાયબ થઈ ગયા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, માત્ર એક વ્યક્તિની છેતરપિંડી નહોતી, પરંતુ વિપુલ પટેલ અને તેના સાગરિતોએ ગઠબંધન કરી કુલ 6.08 કરોડની છેતરપિંડી આચરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, આરોપી વિપુલ પટેલે જબરદસ્ત શોખીન જીવનશૈલી જીવી રહ્યો હતો. વ્યાવસાયિક દૂધાળપણે તેને ટાર્ગેટ કરનાર લોકોને વિશ્વાસમાં લેતો અને ધીમે ધીમે ફસાવતો હતો. તેની આ ગેંગ લાંબા સમયથી આ પ્રકારની છેતરપિંડીમાં સંકળાયેલી હોવાનું અનુમાન છે. આરોપી વિપુલ પટેલ નાસતો ફરતો હતો. જેને સુરત ક્રાઈમ બ્રાન્ચના ઈકોસેલે ચોક્સ બાતમીના આધારે જહાંગીપુરાથી ઝડપી પાડ્યો હતો.

એસીપી જી.એ. સરવૈયાએ જણાવ્યું હતું કે, અન્ય વેપારીઓ સાથે કરાયેલી છેતરપિંડીની તપાસ કરાશે. કૌભાંડમાં વધુ નામો ખુલવાની સંભાવના છે. બેનામી ટ્રાન્જેક્શન અને મની ટ્રેઈલને ટ્રેક કરવાનો પ્રયાસ તેમજ અન્ય આરોપીઓની ધરપકડ માટે વિશેષ ટીમ તૈયાર કરાઈ છે.

વિપુલ વિઠ્ઠલભાઈ હરજીભાઈ પટેલ (કાકડીયા) ઘનશ્યામ એવન્યુ, બલકશગામ, ઓલપાડ રોડ પર રહે છે.

# સુરતમાં વાહનચાલક અને PI વચ્ચે ઝપાઝપી

### રોંગસાઇડનો દંડ આપતાં ઉગ્ર બોલાચાલી થઈ; પોલીસકર્મી નશામાં હોવાનું અને લાફો માર્યાનો યુવકનો આક્ષેપ



સુરત | સુરતના દિલ્હી ગેટ વિસ્તારમાં ટ્રાફિક પોલીસ-ઈન્સ્પેક્ટર વાય. એમ. ગોહિલ અને બાઈકચાલક વચ્ચે ઝપાઝપી થયાની ઘટના સામે આવી છે, જેમાં PIએ રોંગ સાઈડથી આવતા એક બાઈકચાલકને રોકી દંડ ફટકારતાં માથાકૂટ સર્જાઈ હતી. બાઈકચાલક તેમજ તેના સાથીઓએ PI સાથે ઉગ્ર વિવાદ કર્યો હતો. આ અંગેનો વીડિયો પણ સામે આવ્યો છે. એમાં યુવક આક્ષેપ કરી રહ્યો છે કે પોલીસકર્મી દારૂ પીધેલો છે અને તેણે મને લાફો માર્યો છે.

વાઈરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ જોવા મળે છે કે બાઈકચાલક અને તેના સાથીઓ PI ગોહિલ સાથે ઉગ્ર બોલાચાલી કરી રહ્યા છે. તેઓ પીઆઈ સાથે ધક્કામુક્કી કરીને ગાળો પણ બોલી રહ્યા છે. વીડિયોમાં એક મહિલા અને પુરુષ પણ હાજર હોવાનું દેખાઈ આવે છે, જે સંભવતઃ બાઈકચાલકનો ભાઈ અથવા પરિવારજનોમાંનો કોઈ છે. બાઈકચાલક PIને વારંવાર પૂછે છે કે તમે મને માર્યો કેમ? અને પછી PI સાથે ધક્કામુક્કી કરવાનો પ્રયાસ કરે છે. આ દરમિયાન PI ગોહિલ બાઈકચાલક અને તેના સાથીઓને દિલ્હી ગેટ પોલીસચોકી જવા માટે કહે છે. જોકે વીડિયોમાં એ પણ દેખાય છે કે બાઈકચાલકને તેઓ પોલીસચોકી લઈ જવા માગે છે, પરંતુ બાઈકચાલક ચાલીને જવાનું કહી ઉગ્ર બોલાચાલી કરે છે.

### વિવાદ કેવી રીતે શરૂ થયો?

ટ્રાફિક પોલીસ-ઈન્સ્પેક્ટર વાય. એમ. ગોહિલે રોંગ સાઈડથી આવતા બાઈકચાલકને રોક્યો હતો અને નિયમો મુજબ ચલણ ફાડવાની કાર્યવાહી શરૂ કરી હતી. એ દરમિયાન બાઈકચાલકે પીઆઈ પર આરોપ મૂક્યો કે તેમણે માર માર્યો છે અને વિવાદ વધ્યો હતો. આ ઘટનાનો વીડિયો કોઈએ રેકોર્ડ કરી સોશિયલ મીડિયા પર વાઈરલ કર્યો છે. બાઈકચાલક અને તેના સાથીઓ વારંવાર આરોપ લગાવતા જોવા મળે છે કે PI ગોહિલ દારૂ પીને ફરજ બજાવી રહ્યા હતા, જોકે આ આરોપના કોઈ ઠોસ પુરાવા સામે આવ્યા નથી. ઘટનાને જોતાં સ્થાનિક પોલીસે તપાસ હાથ ધરી છે.

### હું માત્ર નિયમોનું પાલન કરાવી રહ્યો હતો: PI

PI વાય.એમ. ગોહિલે સ્પષ્ટતા આપી હતી કે તેઓ માત્ર નિયમોનું પાલન કરાવી રહ્યા હતા. મેં બાઈકચાલકને રોકીને તેને પૂછ્યું કે તે રોંગ સાઈડ શા માટે આવ્યો છે? જોકે ચલણ આપવાના મુદ્દે તે ઉશ્કેરાઈ ગયો અને ગાળો આપવા લાગ્યો હતો. ત્યાર બાદ મારા પર ખોટા આરોપ લગાવવાનું શરૂ કરી દીધું હતું. સ્થાનિક પોલીસે વીડિયો અને અન્ય પુરાવાઓના આધારે તપાસ શરૂ કરી છે. ઘટનાસ્થળના વીડિયો અને સાક્ષીઓનાં નિવેદનના આધારે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# કચરા ગાડીમાં કન્સ્ટ્રક્શન વેસ્ટનો નિકાલ!

### જામનગરમાં કચરા કૌભાંડનો વીડિયો વાઈરલ થતાં મનપા તંત્રની કડક કાર્યવાહી





(એજન્સી) જામનગર | તા. 24

જામનગરમાં કચરા વ્યવસ્થાપનમાં મોટું કૌભાંડ સામે આવ્યું છે. કચરાની ગાડીમાં બાંધકામનો માલસામાન ભરવામાં આવતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ મામલે સામે આવતાં મહાનગરપાલિકાએ કડક પગલાં લીધા છે.

મહાનગરપાલિકાના નિયમ મુજબ, શહેરમાંથી એકત્રિત કરાયેલો કચરો ગાંધીનગર પાછળ આવેલા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ સુધી પહોંચાડવાનો હોય છે. પરંતુ કોન્ટ્રાક્ટરના કર્મચારીઓ ઘરો અને દુકાનોના કચરાને બદલે બાંધકામનો કચરો, પથ્થરો અને માટી ભરીને લઈ જતા હતા.

રામેશ્વરનગર વિસ્તારમાં એક જાગૃત નાગરિકે કચરાની ગાડીમાં બાંધકામનું કેરણ ભરાતું જોઈને વીડિયો બનાવ્યો હતો. તેમણે આ વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો અને મુખ્યમંત્રી પોર્ટલ તેમજ કમિશનરને પણ ફરિયાદ કરી હતી.

આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને મહાનગરપાલિકાએ જવાબદાર એજન્સી સામે કડક કાર્યવાહી કરી છે. એજન્સીએ છેલ્લા બે મહિનામાં જેટલી ટ્રીપ કરી હતી, તે તમામ રદ કરી દેવામાં આવી છે. આ કાર્યવાહીથી કોન્ટ્રાક્ટરોમાં ફફડાટ ફેલાયો છે.

# ખેલ મહાકુંભ: હેન્ડબોલ સ્પર્ધામાં ભાવનગર સીટીની ટીમ ચેમ્પિયન

ભાવનગર ગ્રામ્યની ટીમ રનર્સઅપ : જુનાગઢ ખાતે યોજાયેલ હેન્ડબોલ સ્પર્ધામાં ભાઈઓની 16 ટીમે ભાગ લીધો

## મેચ રસાકસીવાળી...



(એજન્સી) ભાવનગર | તા.24

ખેલ મહાકુંભ ૩.૦ નો હાલ ધમધમાટ ચાલી રહ્યો છે, જેમાં સૌરાષ્ટ્ર ઝોન કક્ષાની ઓપન હેન્ડબોલ સ્પર્ધા જુનાગઢ ખાતે યોજાય હતી. આ સ્પર્ધામાં ભાઈઓના વિભાગમાં ભાવનગર સીટીની ટીમના ખેલાડીઓએ શાનદાર દેખાવ કરી વિજય મેળવ્યો હતો, જ્યારે ભાવનગર ગ્રામ્યની ટીમ રનર્સઅપ થઈ હતી. ભાવનગર સીટીની ટીમ આગામી દિવસોમાં રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ભાગ લેવા જશે. જુનાગઢની આલ્ફા સ્કૂલના મેદાન ખાતે તાજેતરમાં ખેલ મહાકુંભની સૌરાષ્ટ્ર ઝોન કક્ષાની ઓપન હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં જુદા જુદા જિલ્લાની ભાઈઓની ૧૬ ટીમે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભાવનગર સીટીની ટીમને પ્રથમ મેચમાં બાય મળી હતી, જ્યારે બીજી મેચમાં ભાવનગર સીટીની ટીમે ૧૫-૬ ના સ્કોરથી અમરેલીની ટીમ સામે વિજય મેળવ્યો હતો. ત્યારબાદ ત્રીજી મેચમાં ભાવનગર સીટીની ટીમે ૨૨-૯ ના સ્કોરથી મોરબીની ટીમ સામે જીત મેળવી હતી. હેન્ડબોલ સ્પર્ધાની ફાઈનલ મેચ ભાવનગર સીટી અને ભાવનગર ગ્રામ્યની ટીમ વચ્ચે રમાઈ હતી.

ફાઈનલ મેચ જીતવા બંને ટીમના ખેલાડીઓએ જોર લગાવ્યુ હતુ તેથી મેચ રસાકસીવાળી બની રહી હતી પરંતુ મેચના અંતે ભાવનગર સીટીની ટીમ ૧૫-૧૦ ના સ્કોરથી ચેમ્પિયન થઈ હતી, જ્યારે ભાવનગર ગ્રામ્યની ટીમ રનર્સઅપ થઈ હતી. ફાઈનલ મેચમાં વિજય મળતા ભાવનગરના ખેલાડીઓમાં આનંદની લાગણી ફરી વળી હતી, જ્યારે ભાવનગર ગ્રામ્યના ખેલાડીઓમાં નિરાશા ફરી વળી હતી. આગામી દિવસોમાં રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધા રમાશે, જેમાં ભાવનગર સીટીની ટીમ ભાગ લેવા માટે જશે. રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ભાવનગર સીટીના ખેલાડીઓ કેવો દેખાવ કરે છે ? તેની રાહ જોવી જ રહી.

### આણંદના શાસ્ત્રી મેદાન પાસેથી ગાડીમાંથી પકડાયો

# ગાડીના કાચ તોડી સામાનની ચોરી કરતો કુખ્યાત આરોપી ઝડપાયો

(એજન્સી) આણંદ । તા. 24



આણંદના શાસ્ત્રીનગર પાસેથી રીઢા ગુનેગારને એલસીબીની ટીમે ઝડપી પાડયો હતો. આરોપી ગાડીના કાચ તોડી કિંમતી સામાનની ચોરી કરવામાં ૨૦૧૪થી કુખ્યાત છે. અમદાવાદ શહેર અને વડોદરા ગ્રામ્યમાં ચોરીના ભેદ ઉકેલાયા હતા. આરોપી વિરૂદ્ધ આણંદ શહેરમાં ૮, વડોદરા- દ્વારકામાં બે સહિત ૨૦થી વધુ ગુના આચર્યા હોવાનું ખૂલ્યું છે.આણંદ એલસીબી ટીમ ગત રાતે પેટ્રોલિંગમાં હતી. દરમિયાન આણંદના શાસ્ત્રી મેદાન નજીક ગાડીમાંથી ઝડપાયેલા શખ્સની પૂછપરછ કરતા તે અકીલ સલીમભાઈ વહોરા (રહે. આણંદ રેલવે ફાટક પાસે, હાલ રહે. પાદરા જાસપુર રોડ મદિના સોસાયટી, મ. નં.૧૫) હોવાનું જણાવ્યું હતું. તેની પાસેથી મળેલા ૩ મોબાઈલના આધાર- પૂરાવા નહીં હોવાથી તપાસ કરતા શખ્સ ચોરીના ગુનાઓની કબૂલાત કરતા તે ચોરીના ગુનામાં કુખ્યાત હોવાનું ખૂલ્યું હતું. શખ્સ પાસેથી ગાડી સહિત રૂા. ૧.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. અમદાવાદમાં તા. ૨૪ જાન્યુઆરીએ ન્યૂ સાયન્સ સિટી પાસે પાર્ક કરેલી કારના કાચ તોડી ટ્રોલીબેગો, લેડિઝ પર્સ જેમાં સોનાની મગમાળા, પન્ડલ- સોનાની ચેઈન, વીંટી, આઈફોન ચોર્યા હતા. વડોદરાના ખાનપુર ગામે તા. ૨૬-૧૧-૨૦૨૪ સાંઈ રૂચી ફાર્મ ખાતે ગાડીનો કાચ તોડી થેલામાંથી સોનાની બંગડી, મંગળસુત્ર, ચેઈન, કપડા ચોર્યા હતા.આરોપી વિરૂદ્ધ નડિયાદ, સેવાલિયા, ગાંધીનગર, બોટાદ, ખેડા, ગોધરામાં એક, આણંદ ટાઉનમાં ૮, વડોદરા અને દ્વારકામાં બે-બે ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. પકડાયેલો આરોપી રીઢો ગુનેગાર છે. જે ૨૦૧૪થી પાર્ટી પ્લોટ બહાર પાર્ક કરેલી ગાડીઓમાં સીટ ઉપર ખૂલ્લી મુકેલી બેગ કે પર્સ પડેલા દેખાતા કાચ તોડી કિંમતી સામાનની ચોરી કરવાની ટેવવાળો હોવાનું જાણવા મળ્યું છે.

# રેલવેમાં ટિકિટ, પાર્સલ, રિટાયરિંગ રૂમ, ગુડ્સ સહિતની ચૂકવણી ઓનલાઇન થઈ શકશે

(એજન્સી) ભાવનગર | તા.24



ભાવનગર રેલવે ડિવિઝનના તમામ સ્ટેશનો પર ટિકિટ, પાર્સલ, રિટાયરિંગ રૂમ, ગુડ્સ સહિતની ચૂકવણી ઓનલાઇન થઈ શકશે. એટીવીએમ સુવિધા ભાવનગર ટમનસ, બોટાદ, ગાંધીગ્રામ, જૂનાગઢ, પોરબંદર, વેરાવળ અને ગોંડલ પર ઉપલબ્ધ છે.

રેલવે પ્રશાસન દ્વારા જણાવાયું હતું કે, હવે રેલવેએ ટિકિટ, પાર્સલ, રિટાયરિંગ રૂમ, ગુડ્સ અને અન્ય તમામ ચૂકવણીઓ માટે ઓનલાઇન ડિજિટલ પેમેન્ટ શરૂ કર્યું છે. આ ઉપરાંત હવે રેલવે સ્ટેશનો પર મુસાફરોને લાંબી ભીડમાંથી રાહત આપવા અને ડિજિટલ ઈન્ડિયા તરફ વધુ એક પગલું ભરવા માટે રેલવે સ્ટેશનો પર અનરિઝર્વ્ડ ટિકિટ કાઉન્ટર પર આનલાઈન ડિજિટલ પેમેન્ટ શરૂ કરવામાં આવ્યું છે. અગાઉ આ સુવિધા માત્ર ઓનલાઈન ટિકિટ બુક કરાવવા પર ઉપલબ્ધ હતી, પરંતુ હવે આ સુવિધા ટિકિટ વિન્ડો પર પણ ઉપલબ્ધ છે, જેનાથી ટિકિટ કાઉન્ટર પર ટિકિટ ખરીદવા જતા લોકોને ઘણી રાહત મળી રહી છે. ક્યુઆર કોડની મદદથી મુસાફરો ટિકિટ કાઉન્ટર પર ઉભા રહીને પણ મોબાઈલ દ્વારા પેમેન્ટ કરી શકે છે. યુપીઆઈ દ્વારા ડિજિટલ પેમેન્ટ લોકોને છૂટા નાણાંની સમસ્યામાંથી મુક્તિ અપાવવામાં મદદ કરે છે. મોબાઈલ એપ પર યુટીએસ દ્વારા પણ જનરલ ટિકિટ બુક કરી શકાય છે.

જનરલ કોચમાં મુસાફરી કરતા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવેએ મોબાઈલ એપ પર યુટીએસમાં મોટા ફેરફારો કર્યા છે. આમાં, સામાન્ય ટિકિટ બુક કરવા માટેની અંતર મર્યાદા નાબૂદ કરવામાં આવી છે. પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝનના તમામ સ્ટેશનો પર ક્યુઆર કોડ લગાવવામાં આવ્યા છે. સ્ટેશનો પર ટિકિટ કાઉન્ટર પર સ્થાપિત ડાયનેમિક ક્યુઆર કોડ ઉપકરણો સ્ક્રીન પર ચૂકવવાની રકમ દર્શાવે છે, જે પારદશતા જાળવવામાં મદદ કરે છે. રેલવે મુસાફરો પાસે હવે ટિકિટનું ભાડું ચૂકવવા માટે યુટીએસ મોબાઈલ એપ, એટીવીએમ, પીઓએસ અને યુપીઆઈ જેવા વિવિધ ડિજિટલ પેમેન્ટ વિકલ્પો ઉપલબ્ધ છે. એટીવીએમ સુવિધા ભાવનગર મંડળના સાત સ્ટેશનો, ભાવનગર ટમનસ, બોટાદ, ગાંધીગ્રામ, જૂનાગઢ, પોરબંદર, વેરાવળ અને ગોંડલ પર ઉપલબ્ધ છે.

ભાવનગરના ડીઆરએમ રવીશ કુમારે મુસાફરોને સમય બચાવવા અને લાંબી કતારોમાં ઉભા રહેવાની ઝંઝટથી બચવા ટિકિટ ભાડું ડિજિટલ રીતે ચૂકવવા અનુરોધ કર્યો છે.

### સમારકામ કરવા માર્ગ- મકાન વિભાગમાં રજૂઆત

# નડિયાદના મરીડાથી હાથજના બિસ્માર રોડથી 10 ગામને હાલાકી

(એજન્સી) નડિયાદ । તા. 24



નડિયાદ તાલુકાના મરીડા ગામથી હાથજના રોડ ઉપર ઘણા સમયથી ઠેર ઠેર ઉંડા ખાડા પડી ગયા છે. આ રોડનું સમારકામ કરવા અવારનવાર રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતા ગ્રામજનોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. આ રોડને પહોળો કરી સમારકામ કરવા ગ્રામજનોએ માંગણી કરી છે. નડિયાદ તાલુકાના મરીડા હાથજ રોડ દસ જેટલા ગામોના લોકો વાહનોની અવર જવરથી ધમધમતો રહે છે. ત્યારે આ રોડ પર ઠેર ઠેર ભયજનક ઊંડા ખાડા પડી ગયા છે. જેથી વાહન ચાલકોને અવર-જવર કરવામાં ઘણી મુશ્કેલી વેઠવી પડે છે. રોડ પર મોટા મોટા ગોડાઉન આવેલા છે. આ રોડ ઉપર વાલ્લા,નવાગામ, જાવોલ વગેરે ગામોના લોકોની વાહનોની અવર જવર રહે છે. ત્યારે આ રોડની બંને સાઈડ પર વૃક્ષોની ડાળીઓ નમી ગઈ છે તેમજ ઝાડી ઝાંખરા ઉગી નીકળ્યા છે. જેના કારણે વાહન ચાલકોને સામેથી કોઈ વાહન આવતું હોય તો ન દેખાતા અકસ્માતનો ભય રહે છે. આ રોડનું સમારકામ કરવા અવારનવાર રજૂઆત કરવા છતાં સત્તાધીશો દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં પંથકના લોકોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. ચૂંટણી ટાણે વચનોની લહાણી કરનાર પ્રજાના પ્રતિનિધિઓ રોડના સમારકામ મુદ્દે ભારે દુર્લક્ષ સેવી રહ્યા છે. ત્યારે આ રોડની બંને બાજુ નમી ગયેલ વૃક્ષોની ડાળીઓ તેમજ જાડી ઝાંખરા દૂર કરી રોડને પહોળો કરવા નવાગામ હાથજના સરપંચે માર્ગ મકાન વિભાગને લેખિત રજૂઆત કરી છે.

# ધંધુકાના તગડી ગામ નજીક સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એકનું મોત

(એજન્સી) ધંધુકા | તા.24

ધંધુકા બરવાળા હાઈવે પર તગડી ગામ નજીક ગઈકાલે સવારના સમયે કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બાઈકમાં સવાર આધેડ મહિલાનું મોત થયું છે.જ્યારે બાઈકમાં સવાર અન્ય બે લોકોને ઈજા પહોંચી છે. બનાવ અંગે ધંધુકા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. બનાવની મળતી માહિતી મુજબ ખેડાના વાળીનાથ ગામના મનોજભાઈ પોતાની માતા અને પુત્રી સાથે ગત ૨૧ ફેબુરઆરીએ બાઈક પર સાળંગપુર દર્શન એ નીકળ્યા હતા રાત્રે રોકાણ બાદ બીજે દિવસે ૨૨ ફેબુરઆરીના રોજ પોતાના ગામ પરત ફરી રહ્યાં હકા ત્યારે ધંધુકા-બરવાળા હાઈ-વે પરના તગડી ગામ નજીક આવેલા મેલડીમાના મંદિર પાસે પહોંચતા એક સફેદ રંગની કારે બાઈક ચાલકને ટક્કર મારી અકસ્માત સર્જી નાસી છૂટી હતી. કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા આ અકસ્માતમાં નીરૂબેન પ્રવિણભાઈ મહેરા (ઉ.વ.૫૨) ને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમનું મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક ચાલક મનોજભાઈ અને તેમના પુત્રી સાનવીને ઈજા પહોંચતા તેમને સારવાર માટે ધંધુકા ખસેડવામાં આવ્યા હતા.

### અજાણ્યા કાર ચાલક વિરૂદ્ધ ધંધુકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો

# સાળંગપુર દર્શન કરી પરત ફરતા ખેડાના પરિવારને અકસ્માતમાં મહિલાનું મોત




(એજન્સી) ધંધુકા | તા.24

ધંધુકા બરવાળા હાઈવે પર તગડી ગામ નજીક ગઈકાલે સવારના સમયે કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બાઈકમાં સવાર આધેડ મહિલાનું મોત થયું છે.જ્યારે બાઈકમાં સવાર અન્ય બે લોકોને ઈજા પહોંચી છે. બનાવ અંગે ધંધુકા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બનાવની મળતી માહિતી મુજબ ખેડાના વાળીનાથ ગામના મનોજભાઈ પોતાની માતા અને પુત્રી સાથે ગત ૨૧ ફેબુરઆરીએ બાઈક પર સાળંગપુર દર્શન એ નીકળ્યા હતા રાત્રે રોકાણ બાદ બીજે દિવસે ૨૨ ફેબુરઆરીના રોજ પોતાના ગામ પરત ફરી રહ્યાં હકા ત્યારે ધંધુકા-બરવાળા હાઈ-વે પરના તગડી ગામ નજીક આવેલા મેલડીમાના મંદિર પાસે પહોંચતા એક સફેદ રંગની કારે બાઈક ચાલકને ટક્કર મારી અકસ્માત સર્જી નાસી છૂટી હતી. કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા આ અકસ્માતમાં નીરૂબેન પ્રવિણભાઈ મહેરા (ઉ.વ.૫૨)ને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમનું મોત નિપજ્યું હતું. જ્યારે બાઈક ચાલક મનોજભાઈ અને તેમના પુત્રી સાનવીને ઈજા પહોંચતા તેમને સારવાર માટે ધંધુકા ખસેડવામાં આવ્યા હતા. આ અંગે મનોજકુમાર પ્રવિણભાઈ મહેરાએ ધંધુકા પોલીસ મથકમાં અજાણ્યા કાર ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### ભાવનગર ડિસ્ટ્રીકટ અને સુરેન્દ્રનગર ડિસ્ટ્રીકટની ટીમ વચ્ચે ત્રિદિવસીય લીગ મેચ

# જયહિન્દ ટ્રોફીની લીગ મેચમાં સુરેન્દ્રનગર સામે ભાવનગર ડિસ્ટ્રીકટની ટીમ વિજેતા

(એજન્સી) ભાવનગર | તા.24



સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા ઈન્ટર ડિસ્ટ્રીક્ટ જયહિન્દ ટ્રોફીનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં ભાવનગર ડિસ્ટ્રીકટ અને સુરેન્દ્રનગર ડિસ્ટ્રીકટની ટીમ વચ્ચે ત્રિદિવસીય ટેસ્ટ ક્રિકેટ મેચ રમાઈ હતી. આ લીગ મેચમાં ભાવનગરના ખેલાડીઓએ શાનદાર દેખાવ કરી સુરેન્દ્રનગરની ટીમ સામે વિજય મેળવ્યો હતો. સુરેન્દ્રનગરના ખેલાડીઓનો દેખાવ નબળો રહ્યો હતો.

સુરેન્દ્રનગરના મેદાન ખાતે ગત ગુરૂવારે ઈન્ટર ડિસ્ટ્રીકટ જયહિન્દ ટ્રોફીમાં ભાવનગર ડિસ્ટ્રીકટ અને સુરેન્દ્રનગર ડિસ્ટ્રીકટની ટીમ વચ્ચે ત્રિદિવસીય ટેસ્ટ મેચનો પ્રારંભ થયો હતો. આ મેચમાં સુરેન્દ્રનગર ડિસ્ટ્રીકટની ટીમે પ્રથમ બેટીંગ કરતા ૫૩.૩ ઓવરમાં ૧૯૪ રનમાં ટીમ ઓલઆઉટ થઈ ગઈ હતી, જ્યારે ભાવનગર ડિસ્ટ્રીકટની ટીમે બેટીંગ કરી ૮૭ ઓવરમાં ૮ વિકેટ ગુમાવી ૪૨૨ રન નોંધાવી દાવ ડિકલેર કર્યો હતો, ત્યારબાદ ગઈકાલે સુરેન્દ્રનગરની ટીમે બેટીંગ કરી લક્ષનો પીછો કરતા ૪૫ ઓવરમાં ૭ વિકેટે ૨૫૦ રન કર્યા હતા, જેમાં આર્યને અણનમ ૫૮ રન ફટકાર્યા હતા, જ્યારે ભાવનગરના બોલર ચેતન સાકરિયાએ ૨ વિકેટ ઝડપી હતી. ભાવનગરની ટીમે બીજા દાવમાં બેટીંગ કરતા અંતિમ દિવસના અંતે ૧.૨ ઓવરમાં ૨૩ રન કર્યા હતાં. જયહિન્દ ટ્રોફીની લીગ મેચમાં ભાવનગર ડિસ્ટ્રીકટના ખેલાડીઓએ સુંદર રમત રમી સુરેન્દ્રનગર ડિસ્ટ્રીકટની ટીમ સામે ૧૦ વિકેટે વિજય મેળવ્યો હતો. આ લીગ મેચમાં જીત મળતા ભાવનગરના ખેલાડીઓ ઉત્સાહમાં આવી ગયા હતા, જ્યારે સુરેન્દ્રનગરના ખેલાડીઓમાં નિરાશા ફરી વળી હતી.

# નડિયાદ ડીએસપી ઓફિસના કમ્પાઉન્ડમાં જ મહિલાનો આત્મવિલોપનનો પ્રયાસ

નડિયાદ : નડિયાદની ૪૫ વર્ષીય યુવતીએ ત્રણ સંતાનો ધરાવતા પુરૂષ સાથે લગ્ન કર્યા હતા. બાદમાં પત્ની કહ્યામાં નથી તેવું પતિએ જાહેર કરતા પરિણીતાને મનમાં લાગી આવતા ડીએસપી ઓફિસના કમ્પાઉન્ડમાં શહીરે પેટ્રોલ છાંટવા જતા પોલીસે અટકાવી હતી. આ બનાવ અંગે પરિણીતાની ફરિયાદના આધારે નડિયાદ ટાઉન પોલીસે પતિ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. નડિયાદ મલારપુરા મસ્જિદ પાસે રહેતી સાયના બિલાલભાઈ ઈસ્માઈલભાઈ વાંકાવાલાના પ્રથમ લગ્ન થયાના છ માસ બાદ કાઢી મૂકી હતી. ત્યારબાદ તે એકલી રહેતી હતી. દરમિયાન તેને મુલ્લાના ટેકરા વિસ્તારમાં રહેતા પત્ની તેમજ ત્રણ સંતાનો ધરાવતા ઈબ્રાહીમ આદમભાઈ અલાદ સાથે પ્રેમસંબંધ બંધાતા લગ્ન કર્યા વગર બંને સાથે રહેતા હતા. પરંતુ ઈબ્રાહીમ અલાદ લગ્ન ન કરતા સાયના તેની સામે અવારનવાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતી હતી. જેથી પોલીસ ફરિયાદ ન કરે તે માટે તા.૭/૨/૨૫ના રોજ ઈબ્રાહીમ અલાદે સાઈના સાથે લગ્ન કર્યા હતા.

ત્યારબાદ લગ્નના અઠવાડિયામાં જ બીજી પત્ની સાયના સાથે ઝઘડા કરી ત્રાસ ગુજારતો હતો. જેથી સાયનાએ ઇબ્રાહીમ અલાદ સામે તા.૧૭/૨/૨૫ના રોજ શારીરિક માનસિક ત્રાસ ગુજારતો હોવાની ફરિયાદ નોંધાવી હતી.

### પાલિકા તંત્રની દુકાનોમાં ઓચિંતિ તપાસ

# ખંભાતમાં નુકશાનકારક પ્લાસ્ટિક વેચનારાઓને 15 હજારનો દંડ



(એજન્સી) આણંદ । તા 24

ખંભાત શહેરમાં ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળા પ્લાસ્ટિક વેચાણની દુકાનો પર પાલિકા તંત્રએ દરોડા પાડી રૂા. ૧૫ હજારનો દંડ વસૂલ્યો હતો. હલકી ગુણવત્તાવાળું પ્લાસ્ટિક નહીં વાપરવા અને ઘર- દુકાન આસપાસ ગંદકી નહીં કરવા સૂચનાઓ પણ અપાઈ હતી. ખંભાત નગરપાલિકાના ચીફ ઓફિસર સહિત સેનિટેશન વિભાગ દ્વારા બજાર વિસ્તાર સહિતની દુકાનોમાં ઓચિંતિ તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટિક કેરીબેગ અને સિંગલ યુઝ પ્લાસ્ટિકના વેચાણકર્તાઓ તથા જાહેર માર્ગ ઉપર ગંદકી કરતા ઈસમો તથા વેપારીઓ પાસેથી રૂા. ૧૫ હજાર જેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તેઓને ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટિક કેરીબેગ અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ નહીં કરવા અંગે સૂચના અપાઈ છે. તેમજ જાહેરમાં ગંદકી ન કરવા, ઘર, દુકાનનોમાંથી નીકળતો કચરો રસ્તા પર ના નાંખી ડોર ટુ ડોર કલેક્શનમાં વાનને જ આપવા સમજાવ્યું છે. તેમ કરવામાં કસૂર કરશો તો દંડનીય કાર્યવાહી હાથ ધરાશે તેવી ચિમકી પણ ઉચ્ચારાઈ છે.

# પેટલાદના ધર્મજમાં પાણીજન્ય રોગચાળો વકર્યો : વધુ 20 સાથે કમળાના કુલ 72 કેસ


(એજન્સી) આણંદ । તા. 24



પેટલાદના ધર્મજ ગામે પાણીજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે. ગામમાં કમળાના અગાઉ ૨૧ કેસો નોંધાયા બાદ રવિવારે વધુ ૨૦ કેસો મળ્યા છે. ત્યારે કુલ કમળાના દર્દીઓનો આંક ૭૨ સુધી પહોંચ્યો છે. જ્યારે નવા ૮ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરાતા ૧૯ વ્યક્તિઓ સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ છે. ગામમાં પાણીની લાઈનમાં વધુ એક લીકેજ મળ્યું છે. ત્યારે આજે જિલ્લા કલેક્ટર અને વિકાસ અધિકારી ધર્મજ ગામે દોડી આવ્યા હતા. ગામની મુલાકાત લઈ આરોગ્ય વિભાગને જરૂરી સૂચનાઓ આપી હતી. છેલ્લા થોડા દિવસમાં ગામના ગાંધીચોક, ચામુંડા વિસ્તાર, ભવાનીપુરા સહિતના વિસ્તારોમાંથી કમળાના કુલ ૭૨ કેસો નોંધાયા છે. રવિવારે ૧૮ જેટલી મેડિકલ ટીમો ધર્મજમાં ખડકી દઈ કામે લાગી હતી. ત્યારે રવિવારે વધુ કમળાના ૨૦ કેસો મળ્યા છે. ત્યારે તબીયત વધુ લથડતા નવા ૮ દર્દીઓને સારવાર માટે દાખલ કરાતા કુલ દાખલ દર્દીઓની સંખ્યા ૧૯ સુધી પહોંચી છે. જ્યારે તબીયત સુધરતા ૯ જેટલા દર્દીઓને આજે રજા પણ અપાઈ છે. ગ્રામ પંચાયત સહિતની ટીમે પાણીજન્ય રોગચાળો અટકાવવા માટે ગામમાં પાણીની લાઈનમાં લીકેજ શોધવાની કામગીરી પણ શરૂ કરી છે. ત્યારે રવિવારે લાઈનમાં વધુ એક લિકેજ મળ્યું છે. ત્યારે અત્યાર સુધીમાં પાણીની લાઈનમાં ૨૩ જેટલા લિકેજ મળ્યા છે જેમાંથી માત્ર ૧૩ જેટલા જ લિકેજ રિપેર થયા છે અને ૧૦ લિકેજનું હજૂ સમારકામ બાકી છે.

અગાઉ ગાંધીચોક, ચામુંડા વિસ્તાર, ભવાનીપુરા સહિત ચાર સ્થળોએ પાણીની લાઈનમાં લીકેજનું સમારકામ કરવા ધર્મજ ગ્રામ પંચાયતને સૂચના આપવામાં આવી હતી. ત્યારે રવિવારે આણંદ જિલ્લા કલેક્ટર અને ડીડીઓ ધર્મજ ગામે દોડી આવ્યા હતા. દર્દીઓ અને વિસ્તારની મુલાકાત લઈ સંબંધીત અધિકારીઓ સહિત ટીમને રોગચાળો કાબૂ લેવા જરૂરી સૂચનાઓ આપી હતી. ગામમાં પાણીજન્ય અને દુષિત ખોરાકથી થતો રોગચાળો ફેલાતા આરોગ્ય વિભાગની ૧૮ ટીમોએ કામગીરી હાથ ધરી છે.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**

તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે.



**વૃષભ (બ,વ,ઉ)**

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.



**મિથુન (ક,છ,ઘ)**

તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો.




**કર્ક (ડ,હ)**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. બાળકો વધુ ધ્યાનની માગ કરશે-પણ તેઓ સહાયક અને દેખભાળભર્યું વર્તન કરશે.



**સિંહ (મ,ટ)**

તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે.




**કન્યા (પ,ઠ,ણ)**

આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.



**તુલા (ર,ત)**

તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો.



**વૃશ્ચિક (ન,ય)**

બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે.




**ધન (ભ,ધ,ફ)**

તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. પરિવાર,બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે.




**મકર (ખ,જ)**

જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે.



**કુંભ (ગ,શ,સ)**

તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. એવો દિવસ જ્યારે તમારી માટે ખરાબ લાગણી ધરાવનારી વ્યક્તિ તમારી સાથેની ગેરસમજ દૂર કરવાનો.



**મીન (દ,ચ,ઝ,થ)**

મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો.

### રોકાણકારને એકસાથે ઘણા પૈસા જમા કરાવવાના ભારણમાંથી રાહત મળે છે

# 7000 રૂપિયાની એસઆઈપી 5 કરોડ રૂપિયાનું ફંડ બનાવી આપશે

(એજન્સી) નવી દિલ્હી તા 24

શેરબજાર આ દિવસોમાં ઘટાડાના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. રોકાણકારોના પૈસા ધોવાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં કેટલીક રોકાણ યોજનાઓ છે જેના દ્વારા તમે રોકાણ કરીને 5 કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કરી શકો છો. ચાલો જાણીએ કે તેની ગણતરી શું છે.



આજકાલ શેરબજારમાં જબરદસ્ત વેચવાલી ચાલી રહી છે. રોકાણકારોના હજારો કરોડ રૂપિયા બરબાદ થઈ ગયા છે. આવી સ્થિતિમાં જો તમે લાંબા ગાળાના રોકાણો કરીને નિવૃત્તિ પછી તમારા માટે એક સારું ફંડ બનાવવા માંગતા હો તો આ સમાચાર તમારા માટે છે. અમે તમને SIP દ્વારા રોકાણની એક એવી સિસ્ટમ જણાવીશું, જેના દ્વારા તમે ચક્રવૃદ્ધિ દ્વારા દર મહિને 7,000 રૂપિયા જમા કરાવીને 5 કરોડ રૂપિયાનું ફંડ બનાવી શકો છો. Sip plan investment: આજકાલ શેરબજારમાં જબરદસ્ત વેચવાલી ચાલી રહી છે. રોકાણકારોના હજારો કરોડ રૂપિયા બરબાદ થઈ ગયા છે. આવી સ્થિતિમાં જો તમે લાંબા ગાળાના રોકાણો કરીને નિવૃત્તિ પછી તમારા માટે એક સારું ફંડ બનાવવા માંગતા હો તો આ સમાચાર તમારા માટે છે. અમે તમને SIP દ્વારા રોકાણની એક એવી સિસ્ટમ જણાવીશું, જેના દ્વારા તમે ચક્રવૃદ્ધિ દ્વારા દર મહિને 7,000 રૂપિયા જમા કરાવીને 5 કરોડ રૂપિયાનું ફંડ બનાવી શકો છો.SIP દ્વારા રોકાણ: જો તમે તમારી કમાણી બચાવવા માંગતા હો, તો તેના માટે ઘણા બધા વિકલ્પો ઉપલબ્ધ છે, તે વિકલ્પોમાં શેરબજાર, FD અને સોનાના વિકલ્પોનો સમાવેશ થાય છે. આ દિવસોમાં શેરબજારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ સાથે ગયા શુક્રવારે સોનાના ભાવમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. આવી સ્થિતિમાં રોકાણકાર ક્યાં રોકાણ કરવું તે અંગે મૂંઝવણમાં હોય તે સ્વાભાવિક છે.

## સોનાના ભાવમાં 54 દિવસમાં 11,000 રૂપિયાથી વધુનો ઉછાળો

(એજન્સી) નવી દિલ્હી તા 24

Gold Price Review: માત્ર 2 મહિનામાં તેમાં 11.20 ટકાનો વધારો થયો છે. 1 જાન્યુઆરીએ સોનાની કિંમત 77,700 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી, જે 21 ફેબ્રુઆરી સુધીમાં વધીને 88,750 રૂપિયા પ્રતિ 10 ગ્રામ થઈ ગઈ હતી. અગાઉ 20 ફેબ્રુઆરીએ સોનું રૂ.89,450ની નવી ટોચે પહોંચ્યું હતું. Gold Price Review: ગયા વર્ષે રોકાણકારોના ખિસ્સા ભરનાર સોનાએ આ વર્ષની શરૂઆતમાં પણ તેની તેજસ્વી ચમક જાળવી રાખી છે. મજબૂત વૈશ્વિક વલણોને કારણે સ્થાનિક બજારમાં સોનું રૂ. 88,000 પ્રતિ 10 ગ્રામને વટાવી ગયું છે. આ વર્ષના પ્રથમ 54 દિવસમાં સોનાએ તેના રોકાણકારોને 11 ટકાથી વધુનો નફો કર્યો છે. તેની સ્થાનિક કિંમતોમાં અત્યાર સુધીમાં 11 હજાર રૂપિયાથી વધુનો વધારો થયો છે. નિષ્ણાતો આમાં વધુ વધારાની અપેક્ષા રાખી રહ્યા છે.નોંધનીય છે કે ગયા વર્ષે સોનાએ લગભગ 30 ટકા વળતર આપ્યું હતું. આ વર્ષે તેની કિંમતમાં વધુ વધારો જોવા મળ્યો છે અને માત્ર બે મહિનામાં તેમાં 11.20 ટકાનો વધારો થયો છે. 1 જાન્યુઆરીએ સોનાની કિંમત 77,700 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી, જે 21 ફેબ્રુઆરી સુધીમાં વધીને 88,750 રૂપિયા પ્રતિ 10 ગ્રામ થઈ ગઈ હતી. અગાઉ 20 ફેબ્રુઆરીએ સોનું રૂ.89,450ની નવી ટોચે પહોંચ્યું હતું.જો છેલ્લા સાડા ચાર દાયકા એટલે કે 45 વર્ષના ડેટા પર નજર કરીએ તો વર્ષ 2024માં સોના અને ચાંદીએ સૌથી વધુ વૃદ્ધિનો રેકોર્ડ બનાવ્યો છે. લગભગ 31% વધ્યું હતું. જ્યારે વર્ષ 1979માં સૌથી ઝડપી 133 ટકા વૃદ્ધિ નોંધાઈ હતી. તે જ સમયે, ગયા વર્ષે સોનામાં લગભગ 30 ટકાનો વધારો થયો હતો.

## એલસીસી પ્રોજેક્ટ્સ લિમિટેડે આઈપીઓ દ્વારા ભંડોળ એકત્ર કરવા સેબી સાથે ડીઆરએચપી ફાઈલ કર્યું

(એજન્સી) મુંબઇ । તા. 24

ઈપીસી કંપની એલસીસી પ્રોજેક્ટ્સ લિમિટેડે પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) દ્વારા ભંડોળ ઊભું કરવાની મંજૂરી પ્રાપ્ત કરવા મૂડીબજાર નિયામક સેબી સાથે ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) ફાઈલ કર્યું છે. આ પ્રસ્તાવિત આઈપીઓમાં રૂ. 320 કરોડના મૂલ્યના ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ તથા પ્રમોટર્સ દ્વારા 2.29 કરોડ શેર્સનો ઓફર-ફોર-સેલ (ઓએફએસ) સામેલ છે, તેમ ડીઆરએચપીમાં જણાવ્યું હતું. કંપનીના પ્રમોટર્સ અર્જન સુજા રબારી અને લાલજીભાઈ અર્જનભાઈ આહીર છે. ઈશ્યૂમાંથી પ્રાપ્ત ભંડોળનો ઉપયોગ ઉપકરણની ખરીદી, દેવાની ચૂકવણી અને કોર્પોરેટના સામાન્ય હેતુઓ માટે કરાશે. એલસીસી પ્રોજેક્ટ્સ ભારતમાં અગ્રણી મલ્ટીડિસિપ્લિનરી એન્જિનિયરીંગ પ્રોક્યોરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન (ઈપીસી) કંપનીઓ પૈકીની એક છે, જે સિંચાઈ અને પાણી પુરવઠા પ્રોજેક્ટ્સમાં કાર્યરત છે. છેલ્લાં બે દાયકાના સમયગાળામાં કંપનીએ ડેમ, બેરેજ, બંધ, હાઈડ્રોલિક સ્ટ્રક્ચર, નહેરો, પાઈપ વિતરણ નેટવર્ક, લિફ્ટ ઈરિગેશન કાર્યો, પાણી પુરવઠા યોજનાઓ અને અન્ય ઈપીસી પ્રોજેક્ટ્સ જેવા વિશાળ શ્રેણીના પ્રોજેક્ટ્સનો અમલ કર્યો છે. મોતીલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ ઈશ્યૂના મર્ચન્ટ બેંકર છે.

## RBI એ પ્રિમેચ્યર સોવરિન ગોલ્ડ બોન્ડના રિડેમ્પશન માટેની તારીખો કરી જાહેર, રોકાણકારોને રાહત

(એજન્સી) નવી દિલ્હી તા 24

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ એપ્રિલથી સપ્ટેમ્બર 2025 સુધી સોવરિન ગોલ્ડ બોન્ડ (SGB) ના સમય પહેલા રિડેમ્પશન માટેની તારીખોની જાહેરાત કરી છે. આ અંતર્ગત રોકાણકારો નિયત તારીખ પહેલા આ બોન્ડને રિડીમ કરી શકે છે. જોકે, આરબીઆઈએ એમ પણ કહ્યું હતું કે રોકાણકારોએ રિડેમ્પશન માટે અરજી કરવાની તારીખો ધ્યાનમાં રાખવી પડશે કારણ કે જો તે દિવસે જાહેર રજા હોય તો તારીખ બદલાઈ પણ શકે છે.




RBIએ 21 ફેબ્રુઆરીના રોજ એક પ્રેસ રિલીઝ જાહેર કરીને આ જાણકારી આપી છે.સોવરિન ગોલ્ડ બોન્ડ્સ (SGBs) એ ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા સરકારી બોન્ડ છે, જેને રોકાણકારો સોનામાં ડિજિટલ સ્વરૂપના રોકાણ તરીકે રાખી શકે છે. આ બોન્ડ સોનાના ગ્રામ પ્રમાણે ડિનોમિનેટ કરવામાં આવે છે અને તેમાં રોકાણ કરવાથી વાર્ષિક વ્યાજ પણ મળે છે. તેનો સૌથી મોટો ફાયદો એ છે કે રોકાણકારોને ભૌતિક સોનાની ચિંતા કરવાની જરૂર નથી, તેમાં ઓનલાઈન પણ રોકાણ કરવામાં આવે છે. આરબીઆઈએ સ્પષ્ટતા કરી છે કે, સોવરિન ગોલ્ડ બોન્ડ 5 વર્ષ પછી જ સમય પહેલા રિડેમ્પશન માટે રોકી શકાય છે. તેથી, માત્ર એવા રોકાણકારો કે જેઓ 5 વર્ષ પૂરા થયા પછી તેમના SGB ને રોકડ કરવા ઈચ્છે છે તેઓ જ તેના માટે અરજી કરી શકે છે. એપ્રિલ અને સપ્ટેમ્બર 2025 ની વચ્ચે આવતા બોન્ડની વિવિધ શ્રેણી માટે અરજીની તારીખ અલગ છે. આ સિવાય આરબીઆઈએ એમ પણ કહ્યું છે કે અરજીની તારીખોને યોગ્ય રીતે અનુસરવી પડશે કારણ કે રજાઓના કારણે તારીખમાં ફેરફાર શક્ય છે.સોવરિન ગોલ્ડ બોન્ડમાં રોકાણ કરવાના ઘણા ફાયદા છે. પહેલો ફાયદો એ છે કે સોનાના ભાવમાં થતી વધઘટથી રોકાણકારોને ફાયદો થઈ શકે છે. આ સિવાય આરબીઆઈએ આ યોજનામાં રોકાણકારોને 2.5% વાર્ષિક વ્યાજ આપવાની જોગવાઈ કરી છે, જે સામાન્ય સોનાના રોકાણ કરતાં ઘણી વધારે છે. આ રીતે રોકાણકારોને સુરક્ષિત અને સારું વળતર મળે છે.ભારતીય નાગરિકો તેમજ ભારતીય રહેવાસીઓની શ્રેણીમાં આવતા અન્ય પાત્ર વ્યક્તિઓ પણ SGBs માં રોકાણ કરવા માટે અરજી કરી શકે છે. આમાં વ્યક્તિગત રોકાણકારો, હિંદુ અવિભાજિત પરિવારો (HUF), ટ્રસ્ટ, યુનિવર્સિટીઓ અને ચેરિટેબલ સંસ્થાઓનો સમાવેશ થાય છે. વધુમાં, જો કોઈ રોકાણકાર તેનું નિવાસસ્થાન બદલે છે અને વિદેશી બને છે, તો તે મર્જર કે પરિપક્વતા સુધી તેના બોન્ડ રાખી શકે છે. ભારતીય નાગરિકો તેમજ ભારતીય રહેવાસીઓની શ્રેણીમાં આવતા અન્ય પાત્ર વ્યક્તિઓ પણ SGBs માં રોકાણ કરવા માટે અરજી કરી શકે છે.

## સેન્સેક્સ 856 પોઈન્ટ ઘટીને 74,454 પર બંધ :નિફ્ટી 242 પોઈન્ટ તુટ્યો

મુંબઇ । સોમવારે (24 ફેબ્રુઆરી) સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ 856 પોઈન્ટના ઘટાડા સાથે 74,454 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 242 પોઈન્ટ તૂટ્યો હતો. તે 22,553ના સ્તરે બંધ થયો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 23 ઘટ્યા અને 7માં તેજી રહી. નિફ્ટીના 50 શેરોમાંથી 38 ઘટ્યા અને 12માં તેજી રહી. NSE સેક્ટોરલ ઈન્ડેક્સમાં IT સેક્ટર સૌથી વધુ 2.71% અને નિફ્ટી મેટલ 2.17% ઘટ્યા. તેમજ, ઓટો, FMCG અને ફાર્મામાં સામાન્ય વધારો જોવા મળ્યો હતો. એશિયન બજારોમાં, જાપાનનો નિક્કેઈ 0.26% અને કોરિયાનો કોસ્પી 0.62%નો ઘટાડો છે. હોંગકોંગનો હેંગસેંગ 0.54% અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.11% ઘટ્યો છે. 21 ફેબ્રુઆરીના રોજ, વિદેશી રોકાણકારો (FII) એ 3,449.15 કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. આ દરમિયાન, સ્થાનિક રોકાણકારો (DIIs) એ 2,884.61 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

## રેનો કવિડ, કાઈજર અને ટ્રાઈબર હવે સીએનજી કિટ વિકલ્પમાં ઉપલબ્ધ



(એજન્સી) નવી દિલ્હી । તા. 24

રેનો ગ્રુપની સંપૂર્ણ માલિકીની સબસિડિયરી રેનો ઈન્ડિયાએ તેના સર્વ મોડેલ કાઈજર, ટ્રાઈબર અને ક્વિડમાં સરકાર માન્ય સીએનજી રેટ્રોફિટમેન્ટ કિટ્સની ઉપલબ્ધતાની ઘોષણા કરી છે. આ પહેલ રેનોની પહોંચ ગ્રાહકોના નવા સંચ સુધી પહોંચવા સાથે ઈકો-ફ્રેન્ડ્લી અને કાર્યક્ષમ મોબિલિટી સમાધાન પૂરા પાડવાની રેનોની કટિબદ્ધતા પણ આલેખિત કરે છે. રેનો ઈન્ડિયાના મેનેજિંગ ડાયરેક્ટર અને કન્ટ્રી સીઈઓ શ્રી વેન્કટરામ એમ. દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ''ઈનોવેશન અને સસ્ટેનેબિલિટી પ્રત્યે અમારી કટિબદ્ધતા અમારી ઓફરો સતત સુધારવા અમને પ્રેરિત કરે છે. સરકાર માન્ય સીએનજી રેટ્રોફિટમેન્ટ કિટ સર્વ મોડેલોમાં રજૂ કરાયા તે અમારા ગ્રાહકો માટે ઈકો-ફ્રેન્ડ્લી અને સ્માર્ટ સોલ્યુશન્સ પૂરા પાડવાની અમારી સમર્પિતતાનો દાખલો છે. અમે માનીએ છીએ કે આ પહેલ રેનો કારને વધુ પહોંચક્ષમ અને પ્રેક્ટિકલ બનાવતાં અમારું ભારતમાં સ્થાન વધુ મજબૂત બનાવશે.'' સીએનજી રેટ્રોફિટમેન્ટ કિટ ઓટોમેટિક અને ટર્બો વેરિયન્ટ્સ સિવાય સર્વ વેરિયન્ટ્સ અને મોડેલ માટે ઉપલબ્ધ છે. સીએનજી કિટ અગ્રતાના વેન્ડર થકી હાથ ધરાતું રેટ્રોફિટ છે, જેમાં હોમોલોગેટેડ કિટનો ઉપયોગ કરાય છે, જે સર્વ સુરક્ષા અને પરફોર્મન્સનાં ધોરણોને પહોંચી વળે છે. સીએનજી કિટ્સ સાથે રેનો કાર યોગ્ય રીતે પ્રમાણિત હોય છે, જેથી ડ્રાઈવિંગના પરફોર્મન્સ પર કોઈ અસર થતી નથી, જેથી અમારા ગ્રાહકો ઉત્તમ ડ્રાઈવિંગ અનુભવ માણવાનું ચાલુ રાખે તેની ખાતરી રહે છે. રેનોએ તેની કાર વિશિષ્ટતાઓથી સમૃદ્ધ અને સ્માર્ટ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખ્યું હોઈ બજારમાં એસયુવી અને એમવીપી માટે સૌથી વ્યવહારુ પસંદગીમાંથી એક તરીકે તેનું સ્થાન મજબૂત કરવાનું ચાલુ રાખ્યું છે. સીએનજી રેટ્રોફિટમેન્ટ કિટ રજૂ કરીને રેનોએ સક્ષમ અને કાર્યક્ષમ ડ્રાઈવિંગ સમાધાન પ્રત્યે પગલું લીધું છે.

## અદાણી ગ્રૂપે FY 2023-24માં ટેક્સ રૂપે ચુકવ્યા 58,104 કરોડ રુપિયા

(એજન્સી) નવી દિલ્હી તા 24

અદાણી ગ્રૂપે આ અહેવાલ સ્વૈચ્છિક રીતે જાહેર કર્યો છે, જેનાથી હિસ્સેદારો અને નાણાકીય હિતધારકોમાં વિશ્વાસ વધે. આ ઉદ્દેશ સાથે, ગ્રૂપે એક સ્વતંત્ર વ્યવસાયિક એજન્સીને આ અહેવાલ તૈયાર કરવા માટે નિમણૂક કરી છે. અદાણી ગ્રૂપે FY 2023-24માં ટેક્સ રૂપે ચુકવ્યા 58,104 કરોડ રુપિયા, પારદર્શિતા અહેવાલ જાહેર સુશાસન અને પારદર્શિતા માટે પ્રતિબદ્ધ અદાણી ગ્રૂપે નાણાકીય વર્ષ 2023-24 માટે કર ચૂકવણી સંબંધી તેનો પારદર્શિતા અહેવાલ જાહેર કર્યો છે. અહેવાલ મુજબ અદાણી ગ્રૂપની લિસ્ટેડ કંપનીઓ દ્વારા FY 2023-24માં કુલ 58,104 કરોડના કર અને અન્ય સરકારી યોગદાન ચૂકવવામાં આવ્યા છે. જે અગાઉના વર્ષના 46,610 કરોડની સરખામણીમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે. “પારદર્શિતા વિશ્વાસનો પાયો છે અને ટકાઉ વિકાસ માટે આ વિશ્વાસ જાળવી રાખવો અનિવાર્ય છે. ભારતની તિજોરીમાં મોટા યોગદાનકર્તા તરીકે અમારી જવાબદારી ફક્ત નિયમોનું પાલન કરવી નથી, પરંતુ પ્રામાણિકતા અને જવાબદારીપૂર્વક કામગીરી કરવી પણ છે. અમારા દ્વારા ચૂકવાયેલ દરેક રૂપિયો પારદર્શિતા અને સુશાસન પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.” આ આંકડામાં અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી પોર્ટ્સ, અદાણી ગ્રીન એનર્જી, અદાણી એનર્જી સોલ્યુશન્સ, અદાણી પાવર, અદાણી ટોટલ ગેસ, અને અંબુજા સિમેન્ટ્સ જેવી લિસ્ટેડ કંપનીઓનો સમાવેશ થાય છે. સાથે જ એનડીટીવી, એસીસી અને સાંઘી ઈન્ડસ્ટ્રીઝ જેવા અદાણી ગ્રૂપ સાથે સંકળાયેલા અન્ય વ્યવસાયિક એકમોનો પણ કર ફાળો આમાં સામેલ છે.અદાણી ગ્રૂપે આ અહેવાલ સ્વૈચ્છિક રીતે જાહેર કર્યો છે, જેનાથી હિસ્સેદારો અને નાણાકીય હિતધારકોમાં વિશ્વાસ વધે. આ ઉદ્દેશ સાથે ગ્રૂપે એક સ્વતંત્ર વ્યવસાયિક એજન્સીને આ અહેવાલ તૈયાર કરવા માટે નિમણૂક કરી છે. અદાણી ગ્રૂપના ESG (Environmental, Social, and Governance) નીતિગત ધોરણોના ભાગ રૂપે પારદર્શિતા અને જવાબદારીની આ પહેલ ગ્રૂપના લાંબા ગાળાના વિઝન સાથે સુસંગત છે. ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં યોગદાન આપવાના ઉદ્દેશ સાથે અદાણી ગ્રૂપ શાસન અને નવીનતા દ્વારા હિસ્સેદારો માટે મૂલ્ય સર્જન કરવા ગ્રૂપની લિસ્ટેડ કંપનીઓ દ્વારા FY 2023-24માં કુલ 58,104 કરોડના કર અને અન્ય સરકારી યોગદાન ચૂકવવામાં આવ્યા છે.




## ક્રૂડ ઓઈલના વૈશ્વિક માર્કેટમાં અમેરિકા સહિતના દેશોનો પુરવઠો વધતા ભાવ નીચે આવશે

(એજન્સી) નવી દિલ્હી તા 24

વિજયવાડા : કેન્દ્રીય પેટ્રોલિયમ અને નેચરલ ગેસ પ્રધાન હરદીપ પુરીએ જણાવ્યું હતું કે અમેરિકા સહિત વિશ્વના દેશો દ્વારા વૈશ્વિક માર્કેટમાં વધુનેવધુઓઈલ આવતા વૈશ્વિક ઓઈલ ભાવ નીચે આવશે, જેના કારણે ફુગાવો અંકુશમાં રાખવામાં મદદ મળશે. તેમણે જણાવ્યું હતું કે ભારત ૪૦ દેશો પાસેથી આયાત કરે છે. વિશ્વમાં ઓઈલ પુરવઠો પૂરતા પ્રમાણમાં આવતા ઓઈલ ઉત્પાદન કરતાં દેશો ભાવ ઘટાડશે. ટ્રમ્પે પણ અમેરિકામાં ઓઈલનું ઉત્પાદન વધારવા પર ભાર મૂક્યો છે. હાલમાં અમેરિકા પ્રતિ દિન ૧૩ લાખ બેરલ ઓઈલનું ઉત્પાદન કરે છે અને તે વધીને પ્રતિ દિન ૧૯ લાખ બેરલ થાય તેમ મનાય છે. ભારત મુખ્યત્વે ઓછામાં ઓછા ભાવે ઓઈલ મળે ત માટે પ્રયત્નશીલ રહે છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે ભારતનો મુખ્ય હેતુ સસ્તા ભાવે ઓઈલ ખરીદવાનો છે, જેથી ફુગાવાને અંકુશમાં રાખવામાં મદદ મળે. ભારત અમેરિકા પાસેથી ૨૦ અબજ ડોલરનું ઓઈલ ખરીદે છે. બ્રાઝિલ હાલમાં પ્રતિ દિન ૩૦ લાખ બેરલ ક્રૂડનું ઉત્પાદન કરે છે અને તેણે બીજા દોઢ લાખ બેરલનું વધુ ઉત્પાદન શરુ કર્યું છે. આ જ રીતે ગુયાના, સુરીનામ અને કેનેડા પણ ઓઈલનું ઉત્પાદન કરી રહ્યા છે.

આ ઉપરાંત દક્ષિણ અમેરિકામાં સ્થિતિ સુધરતા વેનેઝુએલાનું ઓઈલ પણ બજારમાં આવશે. ટ્રમ્પે સ્પષ્ટ કરી દીધું છે કે તે બજારમાં વધુને વધુ પ્રમાણમાં ઓઈલ આવે તેમ ઈચ્છે છે. તેમણે જણાવ્યું હતું કે ભારત એકમાત્ર એવો દેશ છે જેણે છેલ્લા ત્રણ વર્ષમાં આબકારી જકાતમાં ઘટાડો કરીને પેટ્રોલના ભાવમાં ઘટાડો કર્યો છે. નવેમ્બર ૨૦૨૧ અને મે ૨૦૨૨માં ભારતે આબકારી જકાતમાં ઘટાડો કર્યો હતો.

## સુપ્રીમ ફેસિલિટી મેનેજમેન્ટનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નાણાકીય વર્ષ 25 ના પહેલા છ મહિનામાં 195% વધ્યો

(એજન્સી) પુણે । તા. 24

સુવિધા વ્યવસ્થાપન ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાંની એક, સુપ્રીમ ફેસિલિટી મેનેજમેન્ટ લિમિટેડ (NSE - SFML) એ નાણાકીય વર્ષ 25 ના પહેલા છ મહિના માટે તેના ઓડિટ વગરના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. સુપ્રીમ ફેસિલિટી મેનેજમેન્ટ લિમિટેડના સીઈઓ અમોલ શિંગાટે કામગીરી પર ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે, ‘નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં અમારું મજબૂત નાણાકીય પ્રદર્શન કાર્યકારી શ્રેષ્ઠતા અને ગ્રાહક સંતોષ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ઉદ્યોગોમાં અમારી સંકલિત સેવા માગણી વધતો પ્રવાહ સુવિધા વ્યવસ્થાપન અને સહાયક સેવાઓમાં વિશ્વસનીય ભાગીદાર તરીકે અમારી સ્થિતિને મજબૂત બનાવે છે. ૧૮ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ NSE ઈમર્જ પ્લેટફોર્મ પર અમારી સફળ સૂચિ સાથે, અમે હવે અમારી સેવા ક્ષમતાઓને વિસ્તૃત કરવા, પ્રૌદ્યોગિક વિજ્ઞાન -આધારિત ઉકેલોને વધારવા અને અમારી બજાર સ્થિતિને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. આ નવીનતા ચલાવવા અને ઉદ્યોગની વિકસતી માંગણીઓને પૂર્ણ કરવાના અમારા લાંબા ગાળાના દ્રષ્ટિ સાથે સુસંગત છે. અમારા નાણાકીય પરિણામો પછી, અમે મુંબઈ મહાનગરીય પ્રદેશમાં બસ સેવાઓ વધારવા માટે કોમોરેબી ટેક સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે ભાગીદારીમાં એક મહત્વપૂર્ણ કરાર મેળવ્યો છે. આ પહેલ સિટીફ્લો પ્લેટફોર્મ હેઠળ આધુનિક બસોનો કાફલો રજૂ કરશે, જે સીમલેસ અને વિશ્વસનીય પરિવહન સુનિશ્ચિત કરશે. આ કરાર ટકાઉ શહેરી ગતિશીલતા ઉકેલો પહોંચાડવા માટેની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.આગળ જોતાં, અમે અમારા પદચિહ્નને વિસ્તૃત કરવા, અત્યાધુનિક તકનીકોનો લાભ લેવા અને અમારા સેવા પોર્ટફોલિયોને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

## રોકાણકારોની માહિતીનું લોકશાહીકરણ કરવા માટે ડિપોઝિટરીઝ સહયોગ કરી રહ્યું છે

(એજન્સી) મુંબઈ । તા. 24

નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ (CDSL) NSDL અને CDSL ની રોકાણકાર એપ્લિકેશન્સમાં એકીકરણ સુવિધાઓના લોન્ચની જાહેરાત કરતા ગર્વ અનુભવે છે. આ સુવિધાઓ માર્કેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્સ્ટિટ્યુશન્સ (MII) માં રોકાણકારોને મહત્વપૂર્ણ નાણાકીય ડેટાની ઍક્સેસને લોકતાંત્રિક બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ગણવામાં આવે છે. સેબીની આ પહેલ, એપ્લિકેશનન્સ આજે કાર્યક્રમમાં SEBI ના અધ્યક્ષ, શ્રીમતી માધવી પુરી બુચ દ્વારા સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવી હતી. યુનિફાઈડ ઈન્વેસ્ટર વેબ અને મોબાઈલ એપ્લિકેશન્સ, એક સુરક્ષિત અને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડે છે જે NSDL, CDSL, સ્ટોક એક્સચેન્જ અને ક્લિયરિંગ કોર્પોરેશનોમાંથી નાણાકીય ડેટાને એકીકૃત કરે છે, જે રોકાણકારોને સરળતાથી જાણકાર નિર્ણયો લેવા સક્ષમ બનાવે છે. આ લોન્ચ અંગે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના ચેરપર્સન શ્રીમતી માધબી પુરી બુચે જણાવ્યું હતું કે ‘સામાન્ય રીતે, રોકાણકારોના પોર્ટફોલિયો, અને ખાસ કરીને મ્યુચ્યુઅલ ફંડ્સ અને ડિપોઝિટરીઝ અને બ્રોકર્સમાં ટ્રેડિંગ પોઝિશન સહિત તમામ સિક્યોરિટીઝ એસેટ્સની દ્રષ્ટિ સંસ્થાકીય રોકાણકારો જાણી શકે છે. તેનાથી તેઓ તેમની એસેટ અને ટ્રેડિંગ પોઝિશન્સ કરતાં વધુ સારી રીતે જાણકાર નિર્ણયો પણ લઈ શકે છે. સિક્યોરિટીઝ માર્કેટને વધુ લોકતાંત્રિક બનાવવા માટે, સેબી આ બંને ડિપોઝિટરીઝને સહયોગ કરતા અને રિટેલ રોકાણકારોને આ પ્રોડક્ટ પૂરી પાડવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવા માટે સુવિધા આપતા આનંદ અનુભવે છે.




## ભારતમાં એમેઝોન પ્રાઈમના સભ્યોએ અત્યાર સુધીની સૌથી ઝડપી ડિલિવરી સ્પીડ માણી છે

### 41 કરોડ કરતા પણ વધુ ચીજવસ્તુઓ એ જ દિવસે કે પછીના દિવસે ડિલિવર કરવામાં આવી હતી, જે વાર્ષિક ધોરણે 26%નો વધારો દર્શાવે છે!

(એજન્સી) અમદાવાદ । તા. 24

વર્ષ 2024માં, ભારતમાં પ્રાઈમ સભ્યોએ ઝડપી, ફ્રી ડિલિવરી પર સરેરાશ રૂ. 3300થી પણ વધુની બચત કરી હતી; જે વાર્ષિક પ્રાઈમ મેમ્બરશીપ ફી કરતા વધુ છે. વર્ષે દર વર્ષે, એમેઝોનનાગ્રાહકો પ્રાઈમ મેમ્બરશીપ મેળવીને મોટી બચત કરી રહ્યા છે. હકીકતમાં, વર્ષ 2024માં પ્રાઈમ સભ્યોને સૌથી ઝડપી ડિલિવરીના સમયથી લાભ પ્રાપ્ત થયો છે અને તેમણે અત્યાર સુધી સૌથી વધુ બચત કરી છે. ગ્રાહકો માટે મોટી પસંદગીની સાથે ઝડપ પણ મહત્ત્વપૂર્ણ છે એ સમજીને એમેઝોને સતત લોજિસ્ટિક્સ અને ડિલિવરી સક્ષમતાઓમાં રોકાણ કર્યું છે. સૌથી ઝડપી ગતિથી વસ્તુઓની મોટી પસંદગી ડિલિવર કરવા માટે એમેઝોન પ્રાઈમે વર્ષ 2024માં સમાન દિવસે ડિલિવરી/ આગામી દિવસે ડિલિવરી હેઠળ સેવા આપતા પિન કોડની સંખ્યામાં 11%થી પણ વધુનો વધારો નોંધાવ્યો છે, જે ભારતભરનાં શહેરો અને નગરોમાં વધુને વધુ ગ્રાહકોને પ્રાઈમના લાભ સુધીની પહોંચ મળી રહી છે. અને માત્ર આટલું જ નથી, સબ-સેમ ડે ડિલિવરીની સાથે પ્રાઈમ સભ્યો Amazon.in પર 20 હજારથી પણ વધુ બેસ્ટસેલિંગ ચીજવસ્તુઓની પસંદગી ધરાવે છે, જેમને માત્ર 4 કલાકની અંદર ડિલિવર કરવામાં આવી શકે છે. એમેઝોન પ્રાઈમ, સ્પીડ એન્ડ ફુલફિલમેન્ટ એક્સ્પિરિઅન્સ, ઈન્ડિયાના નિર્દેશક અને વડા અક્ષય સાહીએ જણાવ્યું હતું કે “અમારા ગ્રાહકો અમારા કાર્યનાં કેન્દ્રમાં છે, અને એ જાણીને ઘણું સારું લાગે છે કે અમે માત્ર તેમના ખરીદીનાં મૂલ્યમાં ઉમેરો જ નથી કર્યો, પરંતુ તેમને બચત કરવામાં પણ સહાય કરી છે.” “અમે પ્રાઈમ અનુભવને સતત વધુ સારો બનાવવા અને એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ કે અમારા સભ્યોની જરૂરિયાત અનુસાર તેમને જેની પણ જરૂર હોય, જ્યારે પણ જરૂર હોય ત્યારે તે ચીજવસ્તુ મેળવે, તેની સાથે સાથે તેઓ ખરીદી, મનોરંજન અને અન્ય બાબતોનો પણ લાભ મેળવે.” એમેઝોન પ્રાઈમ, એમેઝોન ફ્રેશ મારફતે દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુઓની વધુ ડિલિવરી કરી રહી છે, જેમાં કરિયાણું, પાલતુ પ્રાણી, સૌંદર્ય, સ્વાસ્થ્ય સેવાની ચીજવસ્તુઓ, બેબી પ્રોડક્ટ્સ, સફાઈની ચીજવસ્તુઓ અને ઓફિસ સપ્લાય સહિતની બજેટને અનુકૂળ કિંમતો પર આવશ્યક ચીજવસ્તુઓનીને પસંદગી છે, જેને 2 કલાકના બ્લોકમાં અને 4 કલાકથી પણ ઓછા સમયમાં ડિલિવર કરી શકાય છે. વર્ષ 2024માં ભારતમાં રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓની પસંદગીમાંથી લગભગ 20 કરોડ ચીજવસ્તુઓ એ જ દિવસે અથવા આગામી દિવસે ડિલિવર કરવામાં આવી હતી.

**રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓની વ્યાપક પસંદગી, પહેલા કરતા વધુ ઝડપી !**

### ઝડપી ડિલિવરી અને મોટી બચત!

એમેઝોન ઈન્ડિયાએ વર્ષ 2024માં પ્રાઈમ સભ્યો માટે અત્યાર સુધીની સૌથી ઝડપી ગતિએ ડિલિવરી કરી હતી અને 41 કરોડથી પણ વધુની ચીજવસ્તુઓ એ જ દિવસે (સેમ ડે) કે આગામી દિવસે (નેક્સ્ટ ડે) ડિલિવર કરી હતી. અને માત્ર ગ્રાહકો સમયની જ બચત નથી કરી રહ્યા, પરંતુ પ્રાઈમ સભ્યોએ પાછલા વર્ષે ઝડપી, ફ્રી ડિલિવરી પર સરેરાશ રૂ. 3300થી પણ વધુની બચત કરી હતી, જે વાર્ષિક પ્રાઈમ મેમ્બરશીપના ખર્ચ કરતા બે ગણાથી પણ વધુ છે. વૈશ્વિક સ્તરે એમેઝોન પ્રાઈમે પાછલા વર્ષમાં વિશ્વભરમાં 9 અબજથી પણ વધુના યુનિટ્સ એ જ દિવસે અથવા આગામી દિવસે ડિલિવર કર્યા હતા અને વિશ્વભરના સભ્યોએ ઝડપી, ફ્રી ડિલિવરી પર લગભગ 95 અબજ ડોલરની બચત કરી હતી.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા વદ-12

# બાળક સલાહ માટે એલેક્સા કે સિરીનને પ્રાધાન્ય આપશે



આ વર્ષ માતૃભાષા દિવસ યુનેસ્કોના રજત જયંતિ વર્ષને ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતાના આંતરરાષ્ટ્રીય ઉજવણી તરીકે ઉજવાઇ રહ્યો છે. તેની પાછળનો હેતુ ટકાઉ સમાજનું નિર્માણ, વિવિધ ભાષાઓનું જતન અને પોતાની તથા બીજાની ભાષા-સંસ્કૃતિને જાણવા-સમજવાનો છે. ભાષાના અભાવે આપણે આપણી સંસ્કૃતને આગામી પેઢી સુધી યોગ્ય રીતે પહોંચાડી શકીશું નહીં. આ સ્થિતિમાં વિશ્વમાં પ્રચલિત વિવિધ ભાષાઓનું રક્ષણ અને પ્રોત્સાહન આપવાની આપણા સૌની જવાબદારી છે. નવજાત શિશુ પણ તેના પરિવારજનો વચ્ચે મોટું થવા સુધીમાં માતૃભાષા પરની પકકડ અદભૂત રીતે જમાવતું હોય છે. તેને સંભળાતા શબ્દોને સમજવાનું શરુ કરતું હોય છે. બે વર્ષથી લઈને દસ વર્ષની વય સુધી બાળક ક્રમશ: બેથી ત્રણ ભાષાઓ સમજતું અને બોલતું પણ થઇ જતું હોય છે. ભારતમાં આશરે આઠસો ભાષાઓ નોંધાયેલી છે. અનેક ભારતીયો બહુવિધ ભાષા લખી, બોલી અને સમજી શકે છે. નવી શિક્ષણનીતિમાં બહુભાષિતા, લુપ્તપ્રાય ભાષાઓનું સંરક્ષણ અને સ્થાનિક ભાષાઓમાં સમાવિષ્ટ શિક્ષણ જેવી ચિંતાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. જો કે અંગ્રેજી ભાષાના વર્ચસ્વની સામાજીક જીવન પર વિભાજનકારી અસર પડી રહ્યાની ચિંતા પણ શિક્ષણવિદો વ્યકત કરી રહ્યા છે. ઘરમાં, સમાજમાં ભારતીય ભાષામાં ઉછરતા, મોટા થતા યુવાઓ મૌલિક વિચારસરણી અને સર્જનાત્મકતામાં નોંધપાત્ર દેખાવ કરી શકતા નથી. બીજી તરફ હવે વૈશ્વિકરણ અને કૃત્રિમ બુદ્ધિ - એઆઇના વર્ચસ્વના કારણે અનેક પડકારો ઉભા થઇ રહ્યા છે.ગ્લોબલ હબ દ્વારા પૂરા પાડવામાં આવતા વિવિધ ગેજેટસની મદદથી આગામી સમયમાં લોકો વાત કરશે, સાંભળશે. આ સ્થિતિમાં કોઇ બાળકને કોઇ બાબતે સવાલ કે સલાહની જરુર હોય તો તે માતાપિતાના બદલે એલેકસા અથવા સિરીનને પૂછશેની સ્થિતિ ઝાઝા વર્ષો દૂર નથી! નોંધનીય છે કે તે સમયે મોટાભાગના માતાપિતા પણ રોબોટને પૂછશે. ભાષા અને સંદેશાવ્યવહાર ટેકનોલોજીક્ષેત્રે હરણફાળ ભરતી કંપનીઓ ટેકનોલોજીકલ વિઝનના વ્યાપની સાથોસાથ વિશ્વની વિવિધતાને ભૂંસી નાંખવાનું પણ કામ કરી રહી છે. પરિણામે બાળકની સર્જનાત્મક શકિત, શિક્ષકોની શ્રેષ્ઠતા ક્રમશ: ટેકનોલોજી સામે હામી નહીં ભરી શકેની સ્થિતિ ઉદભવશે. જેની સામે રાજકીય હિતોને એક તરફે મૂકીને ભવિષ્યની પેઢી માટે સંતુલિત ભાષા નીતિ લાગુ કરવાની જરુર છે. કારણ કે માનવ સંસ્કૃતિ માટે ભાષા એ અસ્તિત્વનું સાધન અને અંત પણ હોય છે. ભારતમાં આશરે આઠસો ભાષાઓ નોંધાયેલી છે. અનેક ભારતીયો બહુવિધ ભાષા લખી, બોલી અને સમજી શકે છે.

## NEWS BRIEF

# ડાંગ જિલ્લાનાં સુપ્રસિદ્ધ મંદિર અર્ધનારેશ્વર નાગેશ્વર બીલમાળ ખાતે શિવપુરાણ કથાનું રસપાન કરતા ભક્તો



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં સુપ્રસિદ્ધ અર્ધનારેશ્વર નાગેશ્વર મંદિર બિલમાળ ખાતે મહાશિવરાત્રી પર્વ નિમિતે તા 24 થી 26 ફેબ્રુઆરી સુધી પૂજ્ય સાધ્વી યશોદા દીદીના દિવ્ય વાણીમાં શિવ પુરાણ કથાનું મોટી સંખ્યામાં ભાવિક ભક્તો રસપાન કરી રહ્યા છે.દંડકારણ્ય વન તરીકે ઓળખાતું ડાંગ જિલ્લાના અર્ધ નારેશ્વર નાગેશ્વર મંદિર તુલસીગઢ ખાતે મહાશિવરાત્રી નિમિતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.અર્ધ નારેશ્વર મંદિર ખાતે ગુજરાત ,મહારાષ્ટ ,મધ્યપ્રદેશ, રાજસ્થાન સહીત વિવિધ રાજ્યોના અનેક ભાવિક ભક્તોનું દુ:ખનું નિવારણ થતુ હોય પૂજ્ય સંત અનેકરૂપી મહારાજના દર્શન માટે લાખ્ખો ની સંખ્યામાં ભક્તો ઉમટી પડતા હોય છે.અર્ધ નારેશ્વર મંદિર ટ્રસ્ટ દ્વારા તા 24 થી 26 ફેબ્રુઆરી સુધી મહાપ્રસાદ બાદ સવારે 12 થી 3 વાગ્યા સુધી પૂજ્ય સાધ્વી યશોદા દીદીનાં દિવ્ય વાણીમાં શિવપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યુ છે.તંદુપરાંત સાંજે હરિપાઠ, અભગ ,કીર્તન ,ગોંઢળ સહીત કાર્યક્રમો ની રમઝટ ચાલુ રહેશે.અહી ભાવિક ભક્તો માટે મંદિર ટ્રસ્ટ દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.શિવ પુરાણ કથાના પ્રથમ દિવસે મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહી કથાનું રસપાન કરી પુણ્યનું ભાથુ બાંધ્યુ હતુ..

# અંબાજી મહાશિવરાત્રીની આરતીનો સમય રાત્રે 12:00 કલાકે રહેશે:જાહેર જનતાને નોંધ લેવા કરાઈ વિનંતી

માહિતી બ્યુરો | પાલનપુર

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની એક યાદીમાં જણાવે છે કે, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી મંદિરની ચાલતી પ્રણાલીકા મુજબ તા.૨૬/૦૨/૨૦૨૫ને (બુધવાર)ના રોજ મહાશિવરાત્રીની આરતી રાત્રે ૧૨:૦૦ કલાકે રહેશે, જેની જાહેર જનતાને નોંધ લેવા વિનંતી કરાઈ છે. આગામી તા.૨૭/૦૨/૨૦૨૫ થી દર્શન તથા આરતીનો સમય રાબેતા મુજબ રહેશે તેમ અંબાજી વહીવટદાર અને અધિક કલેક્ટરશ્રી દ્વારા જણાવ્યું છે.

# મહારાષ્ટ્રના કોંગ્રેસી ધારાસભ્યએ વિવાદાસ્પદ -વ્યક્તિગત ટિપ્પણી કરીને સ્વ - સ્વરૂપ સંપ્રદાયની તથા સમગ્ર સાધુ - સંતોનું અપમાન કર્યું

સુશીલ પવાર | ડાંગ

મહારાષ્ટ્ર રાજ્યનાં નાગપુર શહેરનાં કોંગ્રેસી ધારાસભ્ય દ્વારા સ્વ-સ્વરૂપ સંપ્રદાયનાં સંસ્થાપક વિરૂદ્ધ વ્યક્તિગત ટિપ્પણી કરવામાં આવતા સ્વ -સ્વરુપના સંપ્રદાયના લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.ત્યારે તેના પડઘા ડાંગ જિલ્લામાં પણ જોવા મળી રહ્યા છે.આ સમગ્ર મામલે સ્વ -સ્વરુપના સંપ્રદાય આહવા ડાંગ જિલ્લા સેવા સમિતિ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.સ્વ-સ્વરૂપ સંપ્રદાયનાં સંસ્થાપક અનંત વિભુષીત જગદગુરૂ રામાનંદાચાર્ય સ્વામી નરેન્દ્રાચાર્યજી મહારાજને



કોંગ્રેસી નેતા દ્વારા વ્યક્તિગત ટિપ્પણી કરતા તેના પડઘા ડાંગ જિલ્લામાં

વ્યક્તિગત સ્વરૂપે નાગપુર (મહારાષ્ટ્ર) શહેરના કોંગ્રેસી ધારાસભ્ય વિજય વડેટ્ટિવાર એ વિવાદાસ્પદ અને વ્યક્તિગત ટિપ્પણી કરીને સ્વ - સ્વરૂપ સંપ્રદાયની તથા સમગ્ર સાધુ - સંતોનું અપમાન કરેલ છે.જે બદલ ડાંગ જીલ્લા સ્વ-સ્વરૂપ સંપ્રદાયનાં તમામ ભક્તજનો, અનુયાયીઓ અને સમગ્ર હિંન્દુ ભાઈ -બહેનો સખત શબ્દોમાં વિરોધ નોંધાવ્યો છે.અને જે રાજનેતા એ અપમાન જનક અભદ્ર ટીપ્પણી કરેલ છે તેમણે જાહેરમાં માફી માંગવી જોઈએ જો માફી ના માંગે તો આવનાર સમયમાં ઉગ્ર સ્વરૂપે આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી રહી છે. વધુમાં આ મામલે સ્વ-સ્વરૂપ સંપ્રદાય આહવા - ડાંગ જિલ્લા સેવા સમિતિના કાર્યકરોએ આહવા નગરમાં રેલી યોજી જાહેરમાં વિરોધ નોંધાવ્યો હતો.અને કોંગ્રેસી નેતાના પૂતળાને ચપ્પલની હાર પહેરાવી સખત વિરોધ નોંધાવ્યો હતો. તેમજ આ કોંગ્રેસી ધારાસભ્ય ઉપર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે સ્વ - સ્વરૂપ સંપ્રદાય આહવા - ડાંગ જિલ્લા સેવા સમિતિ દ્વારા ડાંગ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ.



# ગાંધીનગર ખાતે શિક્ષકોના તેમજ શિક્ષણના લગતા પ્રશ્નો મુદ્દે હજારોની સંખ્યામાં શિક્ષકો એકત્રિત થયા

શિક્ષકો હજુ રજૂઆત કરે એ પહેલાં તો તેમની અટકાયત કરાઈ

મહેશ એલ સોની | નખત્રાણા

શિક્ષકો લગતા પ્રશ્નો અંગે સમગ્ર ગુજરાતભરના શિક્ષકો ગાંધીનગર વિધાનસભા ખાતે એકત્ર થયા હતા જેમાં કચ્છથી બહુજન આર્મીના લખન ધુવાની સાથે અગ્રણીઓ જોડાયા હતા.

શિક્ષકોના ભરતીઅંગે તેમજ અન્ય પ્રશ્નો અંગે રજૂઆત કરવા જતા પહેલા જ શિક્ષકોની અટકાયત કરી શિક્ષકોનો અવાજ દબાવવા સરકાર પ્રયત્ન કરી રહી હોવાનો ગંભીર આક્ષેપ લખન ધુવાએ કર્યો હતો.

સમગ્ર ગુજરાતમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન લોકો માટે માથાનો દુખાવો બન્યો છે તેમાંય ખાસ કરીને કચ્છમાં તો શિક્ષણની સ્થિત અંત્યંત ખરાબ છે. એમાં પણ કચ્છના અબડાસા તાલુકામાં તો શિક્ષણની સ્થિતિ દિવસે દિવસે કથળતી જાય છે.

કચ્છને ભારતીય સંવિધાનમાં વિશેષ દરજ્જો પ્રાપ્ત હોવા છતા પણ કચ્છમાં શિક્ષણ અને આરોગ્યની સમસ્યા ભરડો લઈ રહી છે. ત્યારે શિક્ષકોની ભરતી અને જગ્યા વધારવા સહિતની રજૂઆત કરવા ગુજરાત ભરના શિક્ષકો ગાંધીનગર વિધાનસભા ખાતે એકત્ર થયા હતા. ત્યારે આ મુદ્દે શિક્ષકોના સમર્થનમાં

કચ્છના લડાકુ યોદ્ધા તરીકે ઓળખાતા બહુજન આર્મીના સંસ્થાપક લખન ધુવાની સાથે સંજયભાઈ રાઠોડ, નવીનભાઈ મહેશ્વરી, નરેન્દ્રભાઈ સોલંકી સહિતના અગ્રણીઓ કચ્છથી જોડાયા હતા. ગુજરાતમા શિક્ષકોની ખાલી પડેલી ૨૧ હજાર જગ્યામાં શિક્ષકોની ભરતી કરી ખાલી જગ્યા પૂરવાની માંગ ઉઠાવી હતી .

તેમજ આવનારા સમયમા જો શિક્ષણની સમસ્યાનું સરકાર નિવારણ નહિ કરે તો શિક્ષણના મુદ્દે ગાંધીનગર સહીત વિવિધ જીલ્લાઓમા ઉગ્ર આંદોલન કરવાની ચિમકી પણ બહુજન આર્મીના સંસ્થાપક લખન ધુવાએ ઉચ્ચારી હતી .તેવું લખન ધુવાની યાદી દ્વારા જણાવાયું છે.

# સમી તાલુકા ના દાદકા પ્રા.શાળા માં સવા અગિયાર થવા છતાં એક પણ શિક્ષક શાળા માં હાજર નહી



નિતીન ઠાકર | ચાણસ્મા

સમી તાલુકા ના દાદકા ગામે પ્રાશાળા ખુલવાના સમય પછી સવા અગિયાર. થઈ. ગયા હોવા છતાં અને શાળા ના બાળકો એ.પ્રાર્થના પણ શરૂ કરી દીધી હોવા છતાં એક પણ શિક્ષક શાળામાં હાજર જોવા મળ્યા ન હતા દાદકા પ્રા શાળા માં ૬ શિક્ષકો પૈકી ૧ શિક્ષક નિવૃત થતાં હાલમાં પાંચ શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે એક બાજુ પ્રાશાળા માં ઓરડા ઓના ધાબા ભરવાનું કામ ચાલી રહ્યું છે ત્યારે શાળા માં કોઈ બનાવ બને તાં જવાબદાર કોણ જેવા અનેક સવાલો ઉપસ્થિત થઈ રહ્યા છે ત્યારે હવે શિક્ષણ વિભાગ આવા અનિયમીત શિક્ષકોને સાવર છે કે કોઈ શિક્ષાત્મક કાર્યવાહી કરશે તે સમય જ કહે છે.

# પી.એમ ઝાવડા પ્રાથમિક શાળાના 75મા સ્થાપના દિન નિમિત્તે ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકાના ઝાવડા ગામે આવેલ પી.એમ પ્રાથમિક શાળા ઝાવડા ખાતે શાળાનો ૭૫મો સ્થાપના દિન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમનાં મુખ્ય મહેમાનો તરીકે ૧૭૧-વ્યારા વિધાનસભાના ધારાસભ્ય મોહનભાઈ કોકણી, ૧૭૩-ડાંગ વિધાનસભાના માજી ધારાસભ્ય મંગળભાઈ ગાંવિત, ડાંગ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજયભાઈ ડી. દેશમુખ અને નાયબ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વિજયભાઈ ખાંભુ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સન્માનસભર હાજરીમાં મંચનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ.અહી મંગળભાઈ ગાવિત અને મોહનભાઈ કોકણીએ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને વર્તમાન વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસભર સંદેશો આપ્યો.

આ કાર્યક્રમમાં ૬૨ જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. જેમણે આજે સમાજના વિવિધ ક્ષેત્રોમાં ઉંચા હોદ્દા પર નોકરી સંભાળી રહ્યા છે.

શાળા સંચાલન સમિતિ (એસ.એમ.સી.) સભ્યો, ભૂતપૂર્વ શાળા સ્ટાફ અને ગ્રામજનો દ્વારા તેમને પ્રસસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ શાળામાં અગાઉ સેવા આપી ચૂકેલા અને નિવૃત્ત થયેલા શિક્ષકોમાં ભૂતપૂર્વ આચાર્ય મોહનભાઈ પટેલ, નવલભાઈ એ. ઠાકરે સહિત અન્ય શિક્ષકોનું ચાંદલો કરીને અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતુ. શાળાના વર્તમાન વિદ્યાર્થીઓએ ૯ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. જેનાથી સમગ્ર કાર્યક્રમમાં રોમાંચનો માહોલ છવાઈ ગયો હતો. આ ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમમાં ૨૫૦૦ થી ૩૦૦૦ લોકો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં ગામજનો, પૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને શાળા સમિતિના સભ્યોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.અંતે, શાળાના આચાર્યએ તમામ મહેમાનો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને સમિતિના સભ્યોનો હાર્દિક આભાર વ્યક્ત કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો હતો.

# મહીસાગર કલેક્ટરના અધ્યક્ષ સ્થાને રોડ સેફ્ટી કમિટીની બેઠક યોજાઈ



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર કલેક્ટર કચેરીના સભાખંડમાં કલેક્ટર શ્રીમતી નેહા કુમારીના અધ્યક્ષસ્થાને રોડ સેફ્ટી કમિટીની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેક્ટર શ્રીમતી નેહા કુમારીએ જણાવ્યું હતું જિલ્લામાં તમામ વાહનચાલકો ટ્રાફિક નિયમનનુ પાલન કરે તે ખૂબ આવશ્યક છે માટે દરેક લોકોએ હેલ્મેટ અને સીટ બેલ્ટ લગાવવા અપીલ કરી હતી. ૧૦ માથી ૯ લોકોનું એક્સીડન્ટમાં મૃત્યુ થવાનું મુખ્ય કારણ હેલ્મેટ ન પહેરવાના કારણે થાય છે તે માટે પોતાની સુરક્ષા માટે હેલ્મેટ પેહરવું ખૂબ જરૂરી છે. આ બેઠકમાં લુણાવાડા એ આર ટી ઓ અધિકારીશ્રી સહિત સંબધિત અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# આવનારી ચુંટણી બ્લેટપેપરથી કરવા કચ્છ કોંગ્રેસ સેવાદળ અધ્યક્ષની માંગ

મહેશ એલ સોની | નખત્રાણા



રાજ્યમાં હાલમાં યોજાયેલ વિવિધ ચુંટણીનું પરિણામ એક તરફી આવેલ હોઈ લોકોમાં શંકા ઉભી થઈ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ચુંટણીમાં ઈ વી એમ નો ઉપયોગ કરાઈ રહ્યો છે. ચુંટણીનું પરીણામ તટસ્થ આવે એ હેતુથી ઈ વી એમ દ્વારા ચુંટણી યોજાઈ રહી છે પણ કેટલાક વર્ષોથી એક તરફી પરિણામો આવતાં લોકો ચુંટણી પરિણામને શંકાની નજરે જોઈ રહ્યા છે . ત્યારે આવતા વર્ષોમાં સ્થાનિક ચુંટણીથી માંડી લોકસભાની ચુંટણીમાં બ્લેટ પેપર વડે મતદાન થાય તો 'દૂધનું દૂધ અને પાણીનું પાણી' થઈ શકે એવી દરેક રાજયોના લોકોની માંગ છે એવું કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળના અધ્યક્ષ રાજેશભાઈ સોનીએ જણાવ્ય હતું વળી આગામી દરેક ચુંટણી બ્લેટ પેપરથી યોજવા સબંધિત સત્તાવાળાને તેમણે અનુરોધ કર્યો હતો.

# ચાણસ્મા : ત્રિભુવન વિદ્યાલય ખાતે કેરિયર ગાઈડલાઈન કાર્યક્રમની ઉજવણી



નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના ત્રિભુવન વિદ્યાલય લણવા ખાતે બી.આર.સી કો-ઓર્ડીનેટર પટેલ પંકજકુમાર આર. દ્વારા આયોજિત કેરિયર ગાઈડન્સ-એક્ટિવિટી ગાઈડલાઈન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી.જેનુ સમગ્ર સંચાલન અને આયોજન લણવા સી.આર.સી.કૉ. ઓર્ડીનેટર પટેલ વિશાલભાઈ જે દ્વારા કરવામાં આવ્યું જેમાં ડો. નિકુંજનાબેન પટેલ દ્વારા કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવ્યું. જ્યારે મિલનભાઈ કુગાસિયા દ્વારા આઈટી અને કિંજલબેન દ્વારા બ્યુટી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ અમરતજી ઠાકોર દ્વારા ખેતી અને પશુપાલન વિશે ઉમદા સમાજ કેળવવામાં આવી આ સાથે રામજી વિદ્યાલય ઈસ્લામપુરા અને સાર્વજનિક વિદ્યાલય બ્રાહ્મણવાડાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. તમામ બાળકોને કારકિર્દી માર્ગદર્શિકા અને કીટ વિતરણ કરવામાં આવ્યું અને સૌએ સાથે મળી ભોજન લીધું. બાળકોના જીવનમાં પ્રગતિ થાય અને તેમના ધોરણ 10 અને 12 પછીની કારકિર્દી માટે રસ્તો મળી રહે તે માટેનો એક ઉમદા પ્રયત્ન ચાણસ્મા બીઆરસી ભવન દ્વારા કરવામાં આવ્યો.

# લણવા ખાતે સગર્ભા બહેનોની તપાસ તેમજ ગાયત્રી પરિવાર દ્વારા ગર્ભાધાન સંસ્કાર કાર્યક્રમનું આયોજન કરાયું



નિતીન ઠાકર | ચાણસ્મા

આજ રોજ તારીખ 24/02/2025ના રોજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર, લણવા ખાતે પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન અંતર્ગત તાલુકા આરોગ્ય ટીમ દ્વારા સગર્ભા બહેનોની તપાસ કાર્યક્રમ તેમજ ગાયત્રી પરિવાર દ્વારા ગર્ભાધાન સંસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં માનનીય RCHO શ્રી ડૉ. કાપડિયા સાહેબ, લણવાના આગેવાન તેમજ રોગી કલ્યાણ સમિતીના સભ્યશ્રી અમરતભાઈ દેસાઈ વાઇસ ચેરમેનશ્રી, દૂધસાગર ડેરી મહેસાણા તેમજ અલ્કેશભાઈ પટેલ, સા.આ.કે., લણવાના અધિક્ષક શ્રી ડૉ. જિતેન્દ્ર પાટણકર સાહેબ, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. કલ્પેશભાઈ પટેલ, ડીપીસી ડૉ. ધારાબેન પટેલ તેમજ તાલુકા હેલ્થ ઓફિસના આરોગ્ય કર્મચારી, સા.આ.કે., લણવા આરોગ્ય સ્ટાફ અને આશા બહેનોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતો. ઉપરોક્ત કાર્યક્રમના અનુસંધાને માનનીય RCHO શ્રી ડૉ. કાપડિયા સાહેબ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન કરવામાં આવેલ હતું. ઉપરોક્ત કાર્યક્રમમાં સદર કેમ્પમાં 71 સગર્ભા બહેનોની તપાસ કરવામાં આવી હતી.

# મહીસાગર જિલ્લા કક્ષાનો કિસાન સન્માન સમારોહનું આયોજન લુણાવાડા ડો. આંબેડકર ભવન ખાતે યોજાયો

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

કેન્દ્ર સરકારશ્રી દ્વારા દેશના ખેડૂતોને ખેતી માટે મદદ મળી શકે તે આશયથી પ્રધાનમંત્રી સન્માન નિધિ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના હેઠળ ૧૯મો હપ્તો વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે ડીબીટીના માધ્યમથી ખેડૂતોને મળનાર છે. જેના ભાગ રૂપે મહિસાગર જીલ્લામાં જિલ્લા કક્ષાનો કિસાન સન્માન સમારોહનું આયોજન લુણાવાડા, મોટા સોનેલા ડો. આંબેડકર ભવન ખાતે રાજ્યસભા સાંસદ સભ્યશ્રી જસવંતસિંહ પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે રાજ્યસભા સાંસદ સભ્યશ્રી જસવંતસિંહ પરમારે જણાવ્યું હતું કે, આ વખતના બજેટમાં ગરીબ, સ્ત્રી, યુવાનો અને અન્નદાતાઓ પર ફોકસ કરવામાં આવ્યું છે. દેશના સ્વાસ્થ્યનો આધાર સ્થંભ ખેડૂતો છે. પી એમ કિસાન સન્માન નિધિ યોજના, ટેકાના ભાવની યોજના, કૃષિ પ્રગતિ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, આઇ ખેડૂત પોર્ટલ અને ડી. બી. ટી, ડિજિટલ ક્રોપ સર્વે, ફાર્મર રજિસ્ટ્રી, પ્રાકૃતિક કૃષિ, નેશનલ મિશન



ઓન નેચરલ ફાર્મિંગ, નેશનલ મિશન ઓન એડીબલ ઓઈલ, કૃષિ યાંત્રિકિકરણ, ડ્રોન ટેકનોલોજી, નેનો ફટીલાઈઝર, સુક્ષ્મ સિંચાઈ પધ્ધતિ, એફ. પી. ઓ, કૃષિ રાહત પેકેજ થકી ખેડૂતોનો સંપૂર્ણ વિકાસ થયો છે અને દરેક ખેડૂત પગભર બન્યો છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન તરીક ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે ખેડૂત કુટુંબોને સહાયરૂપ થવા માટે દેશમાં પ્રથમ વખત 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના'ની તા.૦૧.૦૨.૨૦૧૯ થી જાહેર કરવામાં આવેલ છે.

# બનાસકાંઠા જિ. ટાસ્ક ફોર્સે રેડ કરીને બાળ શ્રમિકોને કામકાજના સ્થળેથી મુક્ત કરાવ્યા

માહિતી બ્યુરો | પાલનપુર

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને બાળ શ્રમ નાબુદી હેઠળ જિલ્લા ટાસ્ક ફોર્સનું ગઠન થયેલ છે, જેમાં દર માસે અધ્યક્ષશ્રી દ્વારા ટાસ્ક ફોર્સ દ્વારા કરવામાં આવતી કામગીરીનું રીવ્યુ કરવામાં આવે છે. સરકારી શ્રમ અધિકારી, બનાસકાંઠા એમ.એમ.કથીરીયા સહિત ટાસ્કફોર્સના સભ્યો અને પોલીસ સાથે અંબાજી શહેરમાં બાળ શ્રમ નાબૂદી હેઠળ રેડ કરાઈ હતી. જે અન્વયે હોટલ અને રેસ્ટોરન્ટ પર સરકારી શ્રમ અધિકારીના વડપણ હેઠળ ટાસ્ક ફોર્સના સભ્યો દ્વારા રેડ કરતાં રેસ્ટોરન્ટ- (૧) વી.આઈ.પી ડાઈનીંગ હોલ, અંબાજીમાંથી ૦૨ તરૂણ (૨) હોટલ મુનલાઈટ એન્ડ રેસ્ટોરન્ટ, અંબાજીમાંથી ૦૧ તરૂણ (૩) શ્રી ખોડીયાર કાઠીયાવાડી ઢાબા, અંબાજીમાંથી ૦૧ તરૂણ તથા (૪) શર્મા ફેન્સી સ્ટોર-ફુટવેરની દુકાનમાંથી ૦૧ બાળ શ્રમયોગીઓ મજુરી કરતા મળી આવ્યા હતા. આ બાળ તથા તરુણ શ્રમિકોની પૂછપરછ કરતા જન્મના પ્રમાણપત્ર આધારે ૦૪ તરૂણ અને ૦૧ બાળ શ્રમયોગી કામ કરતાં હોવાનું માલુમ પડેલ. જે અન્વયે શર્મા ફેન્સી સ્ટોર, અંબાજી ખાતેથી ૦૧ બાળ શ્રમિકને કામનાં સ્થળેથી મુક્ત કરાવીને ટાસ્ક ફોર્સનાં સભ્યોની હાજરીમાં બાળ કલ્યાણ સમિતિ, પાલનપુરને કબ્જો સોંપાયો હતો તથા સંસ્થાના માલિક વુરુધ્ધ એફ.આઈ.આર. દાખલ કરાઈ હતી. અન્ય સંસ્થાઓના માલિકોને બાળ અને તરૂણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ હેઠળના નિયમો હેઠળની તપાસ નોંધ પાઠવી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લશકર્યા ગામે શિલ્પત રાજાની સંસ્કૃતિને બચાવવા માટે બહુજન સમાજ પાર્ટીદ્વારા જાહેરસભા



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાના લશકર્યા ગામે બહુજન સમાજ પાર્ટીના આગેવાનોના નેજા હેઠળ એક જાહેરસભા યોજાઈ હતી. આ સભામાં મુખ્ય માંગણીઓ રજૂ કરવામાં આવી હતી.જેમાં ડાંગનાં શિલ્પતસિંગ રાજાની પ્રતિમાની જાળવણીની જવાબદારી લેવામાં આવે,જંગલ જમીન સ્થાનિક લોકોને ફાળવવામાં આવે,રાજા પાટમાં ભરતભાઈ દેશમુખને ભાગીદારી આપવામાં આવે,ડાંગના શિલ્પત રાજાના અમલ દરમિયાનની ચાંદીની તિજોરી ખોલવામાં આવે વગેરે જેવી માંગણીઓની વાત કરવામાં આવી હતી.તેમજ ભરતભાઈ પવારે સભાને સંબોધતા જણાવ્યુ હતુ કે, શિલ્પત સિંગ રાજાની પ્રતિમાને જાહેરમાં લાવીને મહેશભાઈ આહિરેએ આદિવાસીઓના સન્માનને ઉજાગર કર્યું છે.તેમણે મહેશભાઈ આહિરનો આ કાર્ય માટે આભાર વ્યકત કર્યો હતો.આ જાહેરસભામાં સ્થાનિક લોકો તથા બહુજન સમાજ પાર્ટીના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ જાહેરસભામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે આહવા પોલીસની ટીમે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો.

# આ ખાસ પીણું તમારા શરીરને અંદરથી સ્વચ્છ રાખશે, તમે હંમેશા સ્વસ્થ અને ફિટ રહેશો

**સ્વસ્થ અને ફિટ રહેવા માટે શરીરને અંદરથી સ્વચ્છ રાખવું ખૂબ જ જરૂરી છે. આજના વ્યસ્ત જીવનમાં, આપણે ઘણીવાર આપણી ખાવાની આદતો પર ધ્યાન આપતા નથી, જેના કારણે શરીરમાં ઝેરી તત્વો જમા થાય છે. આ ઝેરી તત્વોને દૂર કરવા અને શરીરને અંદરથી સાફ કરવા માટે, અમુક પીણાંનું સેવન ખૂબ ફાયદાકારક બની શકે છે. આ પીણાં આપણા શરીરમાંથી ઝેરી તત્વોને બહાર કાઢવામાં અને આપણને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. ચાલો અહીં એવા પીણાં વિશે જાણીએ જે શરીરને અંદરથી સાફ કરવામાં મદદ કરી શકે છે.**



### લીંબુ પાણી

લીંબુ પાણી વિટામિન સીનો સારો સ્ત્રોત છે, જે એક એન્ટીઑકિસડન્ટ છે. તે શરીરને મુક્ત રેડિકલથી બચાવવા અને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. લીંબુ પાણી શરીરને ડિટોક્સ કરવામાં, પાચન સુધારવામાં અને વજન ઘટાડવામાં પણ મદદ કરી શકે છે.

### લીલી ચા

ગ્રીન ટી એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર હોય છે જે શરીરને મુક્ત રેડિકલથી બચાવવામાં મદદ કરે છે. તે ચયાપચયને વેગ આપવા, શરીરને ડિટોક્સિફાય કરવામાં અને વજન ઘટાડવામાં મદદ કરી શકે છે. લીલી ચા હૃદયના સ્વાસ્થ્યમાં પણ સુધારો કરે છે અને કેન્સરનું જોખમ ઘટાડી શકે છે.





### નાળિયેર પાણી:

નારિયેળ પાણી એક તાજગી આપનારું અને હાઇડ્રેટિંગ પીણું છે જે ઇલેક્ટ્રોલાઇટ્સથી ભરપૂર છે. ઇલેક્ટ્રોલાઇટ્સ એ ખનિજો છે જે આપણા શરીરને પ્રવાહી અને પોષક તત્વોને સંતુલિત કરવામાં મદદ કરે છે. નાળિયેર પાણી પાચનમાં પણ સુધારો કરે છે અને કિડનીમાં પથરી બનતી અટકાવવામાં મદદ કરી શકે છે.

### એલોવેરા જ્યુસ

એલોવેરાનો રસ વિટામિન, ખનિજો અને એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર હોય છે. તે પાચન સુધારવામાં, રોગપ્રતિકારક શક્તિ વધારવામાં અને ત્વચાને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. એલોવેરાના રસમાં બળતરા વિરોધી ગુણધર્મો પણ હોય છે જે શરીરને બળતરાથી બચાવવામાં મદદ કરે છે.





### દાડમનો રસ

દાડમના રસમાં ભરપૂર માત્રામાં એન્ટીઑકિસડન્ટ હોય છે જે શરીરને મુક્ત રેડિકલથી બચાવવામાં મદદ કરે છે. તે હૃદયના સ્વાસ્થ્યને સુધારવામાં અને કેન્સરનું જોખમ ઘટાડવામાં મદદ કરી શકે છે. દાડમનો રસ શરીરને અંદરથી સાફ કરવામાં મદદ કરે છે, પાચન સુધારે છે અને વજન ઘટાડવામાં પણ મદદ કરે છે.

### બીટરૂટનો રસ

બીટરૂટ નાઈટ્રેટથી ભરપૂર હોય છે, જે રક્ત પરિભ્રમણને સુધારવામાં મદદ કરે છે. બીટરૂટનો રસ બ્લડ પ્રેશર ઘટાડવામાં મદદ કરી શકે છે. બીટરૂટના રસમાં એન્ટીઑકિસડન્ટ પણ ભરપૂર માત્રામાં હોય છે જે આપણા શરીરને મુક્ત રેડિકલથી બચાવવામાં મદદ કરે છે. બીટરૂટનો રસ શરીરમાંથી ઝેરી તત્વોને દૂર કરવામાં ખૂબ અસરકારક છે.



# 100 વર્ષ જીવવા માંગો છો? આજે જ તમારા આહારમાં આ ખોરાકનો સમાવેશ કરો



**આજના ભાગદોડભર્યા જીવનમાં, દરેક વ્યક્તિ સ્વસ્થ અને લાંબુ જીવન જીવવા માંગે છે. દરેક વ્યક્તિ ૧૦૦ વર્ષ જીવવાનું સપનું જુએ છે, પણ શું તે શક્ય છે? તમે પણ યોગ્ય આહાર અને જીવનશૈલી અપનાવીને લાંબુ આયુષ્ય જીવી શકો છો. આજે અમે તમને કેટલાક એવા ખોરાક વિશે જણાવીશું, જેને તમારા આહારમાં સામેલ કરીને, તમે 100 વર્ષ સુધી જીવવાનું સ્વપ્ન પૂર્ણ કરી શકો છો.**

### ■ લીલા પાંદડાવાળા શાકભાજી

પાલક, કાલે, મેથી અને બ્રોકોલી જેવા લીલા પાંદડાવાળા શાકભાજી લાંબા આયુષ્ય જીવવામાં ઘણી મદદ કરે છે. તેઓ વિટામિન, ખનિજો અને એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર હોય છે. આ શરીરને સ્વસ્થ રાખવામાં અને રોગોથી બચાવવામાં મદદ કરે છે. તેમાં રહેલું ફાઇબર પાચનતંત્રને સ્વસ્થ રાખે છે અને વજન નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

### ■ ફળ

ફળો વિટામિન, ખનિજો અને એન્ટીઑકિસડન્ટોનો બીજો સારો સ્ત્રોત છે. બેરી, સફરજન, કેળા અને નારંગી જેવા ફળો હૃદયના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે, કેન્સરનું જોખમ ઘટાડે છે અને મગજના કાર્યમાં સુધારો કરે છે. ફળો લાંબા આયુષ્ય માટે ખૂબ જ અસરકારક માનવામાં આવે છે.



### ■ બદામ અને બીજ

બદામ, અખરોટ, ચિયા બીજ અને શણના બીજ જેવા સૂકા ફળો અને બીજ સ્વસ્થ ચરબી, ફાઇબર અને એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર હોય છે. તેઓ હૃદયના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે, મગજના કાર્યમાં સુધારો કરે છે અને બળતરા ઘટાડે છે. સૂકા ફળો અને બીજ ઉર્જાનો સારો સ્ત્રોત છે અને તમને લાંબા સમય સુધી જીવવામાં મદદ કરે છે.

### ■ ઓલિવ તેલ

ઓલિવ તેલ સ્વસ્થ ચરબી અને એન્ટીઑકિસડન્ટોનો સારો સ્ત્રોત છે. તે હૃદયના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપે છે, કેન્સરનું જોખમ ઘટાડે છે અને મગજના કાર્યમાં સુધારો કરે છે. ઓલિવ તેલ રસોઈ માટે એક સ્વસ્થ વિકલ્પ છે અને તેનો ઉપયોગ સલાડ ડ્રેસિંગ તરીકે પણ થઈ શકે છે.

### ■ આખા અનાજ

બ્રાઉન રાઈસ, ઓટ્સ અને ક્વિનોઆ જેવા આખા અનાજ ફાઇબર, વિટામિન અને ખનિજોથી ભરપૂર હોય છે. તેઓ બ્લડ સુગર લેવલને નિયંત્રિત કરવામાં, હૃદય રોગનું જોખમ ઘટાડવામાં અને પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. આખા અનાજ ઉર્જાનો સતત સ્ત્રોત પૂરો પાડે છે અને તમને લાંબા સમય સુધી પેટ ભરેલું અનુભવ કરાવે છે. આનો તમારા આહારમાં સમાવેશ કરીને તમે લાંબું જીવી શકો છો.

### ■ કઠોળ

દાળ, કઠોળ અને ચણા જેવા કઠોળ પ્રોટીન, ફાઇબર અને એન્ટીઑકિસડન્ટનો ઉત્તમ સ્ત્રોત છે. તેઓ સ્નાયુઓ બનાવવામાં, લોહીમાં શર્કરાના સ્તરને નિયંત્રિત કરવામાં અને હૃદય રોગનું જોખમ ઘટાડવામાં મદદ કરે છે, જે બધા લાંબા સમય સુધી જીવવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

### ■ ડાર્ક ચોકલેટ

ડાર્ક ચોકલેટમાં ફ્લેવોનોઈડ્સ ભરપૂર માત્રામાં હોય છે, જે એન્ટીઑકિસડન્ટ છે. આ તમારા હૃદયને સ્વસ્થ રાખવામાં, બ્લડ પ્રેશર ઓછું કરવામાં અને મગજના કાર્યમાં સુધારો કરવામાં મદદ કરે છે.

## ડાયાબિટીસ અને કોલેસ્ટ્રોલમાં શેકેલા જામફળ ખાઓ, આ 6 રોગો પણ થશે નિયંત્રિત

1 જામફળ વિટામિન સીનો સમૃદ્ધ સ્ત્રોત છે. વિટામિન સી રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને ચેપ સામે લડવામાં મદદ કરે છે. શેક્યા પછી પણ વિટામિન સીનું પ્રમાણ અકબંધ રહે છે. તેથી, ઋતુ બદલાય ત્યારે રોગોથી પોતાને બચાવવા માટે, શેકેલા જામફળ ચોક્કસ ખાઓ.



2 શેકેલા જામફળ હૃદયના સ્વાસ્થ્ય માટે પણ ખૂબ ફાયદાકારક છે. તે ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે છે અને સારા કોલેસ્ટ્રોલને વધારે છે. તેમાં હાજર પોટેશિયમ અને દ્રાવ્ય ફાઈબર બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે, જે હૃદયને સ્વસ્થ રાખે છે.

3 એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર શેકેલા જામફળ, અકાળ વૃદ્ધત્વના સંકેતોનું કારણ બનેલા મુક્ત રેડિકલ સામે લડે છે. વિટામિન A અને C ત્વચાને સ્વસ્થ અને ચમકદાર રાખે છે, કરચલીઓ, ડાઘ અને ત્વચાના ચેપને ઘટાડે છે.

4 જો તમે વજન ઓછું કરવા માંગતા હો તો શેકેલું જામફળ તમારા માટે એક ઉત્તમ નાસ્તો છે. તેમાં કેલરી ઓછી અને ફાઈબર વધુ હોય છે, જેના કારણે તમને લાંબા સમય સુધી પેટ ભરેલું લાગે છે અને વારંવાર કંઈક ખાવાનું મન થતું નથી. તે ચયાપચયને પણ નિયંત્રણમાં રાખે છે, જે વજનને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

5 ડાયાબિટીસ અથવા ઈન્સ્યુલિન પ્રતિકારથી પીડિત લોકો માટે શેકેલા જામફળ ખૂબ જ ફાયદાકારક છે. તેમાં ગ્લાયકેમિક ઈન્ડેક્સ ઓછો છે, જેનો અર્થ છે કે તે બ્લડ સુગર લેવલને નિયંત્રણમાં રાખે છે. આ લોહીના પ્રવાહમાં ખાંડનું શોષણ ધીમું કરે છે.

6 શેકેલા જામફળ ખાંસી, શરદી અને અન્ય શ્વસન રોગોમાં રાહત આપે છે. તેના બળતરા વિરોધી ગુણધર્મો શ્વસન માર્ગમાંથી લાળ સાફ કરવામાં મદદ કરે છે. તે અસ્થમા અને બ્રોન્કાઈટિસના દર્દીઓ માટે ખૂબ જ ફાયદાકારક છે.

## હાર્ટ માટે ખતરાની ઘંટી છે આ સંકેત હોઈ શકે છે Warning Signs



દિવસભરની ભાગદોડ, કામનું પ્રેશર અને ખરાબ ખાનપાન આપણા હાર્ટના સ્વાસ્થ્ય પર અસર કરી રહ્યું છે. આ કારણ છે કે આજકાલ અચાનકથી હાર્ટ એટેક જેવા મામલા સાંભળવા મળી રહ્યું છે. હાર્ટ એટેકથી બચવાનો સૌથી સરળ ઉપાય છે કે હાર્ટની વાત સાંભળો અને તેના સંકેતોને સમજો.

હેલ્થ એક્સપર્ટનું માનવું છે કે હાર્ટ એટેક (Heart Attack) ક્યારેય અચાનક આવતો નથી. તે આવવાના આશરે એક મહિના પહેલા શરીર સંકેત આપવા લાગે છે. જો તેને સમજી લીધા તો આ જીવલેણ સ્થિતિથી બચી શકાય છે. આ સાત લક્ષણોને ભૂલમાં પણ નજરઅંદાજ ન કરવા જોઈએ.

### 1. છાતામાં હળવો દુખાવો કે ભારેપણું

છાતીમાં વારંવાર હળવો દુખાવો કે ભારેપણું કે પછી બળતરા-દબાવ અનુભવાય તો તેને હળવાશથી ન લો. હાર્ટ એટેક પહેલા ધમનીઓ ધીમે-ધીમે બ્લોક થવા લાગે છે, જેનાથી છાતીમાં સમસ્યા શરૂ થઈ શકે છે. આ દુખાવો ક્યારેક ખભા, જડબા, ગળા અને પીઠ સુધી પહોંચી જાય છે. આવા લક્ષણ જોવા મળે તો તુરંત ચેકઅપ કરાવો.

### 2. થાક-નબળાઈનો અનુભવ થયો

જો તમે કામ કર્યા વિના થાક અનુભવો છો, તો સાવચેત રહો. કારણ કે આ હૃદયની નબળાઈના લક્ષણો હોઈ શકે છે. જ્યારે હૃદય શરીરના અન્ય ભાગોમાં પૂરતું ઓક્સિજનયુક્ત લોહી પહોંચાડી શકતું નથી, ત્યારે શરીર ઝડપથી થાકી જાય છે. આ લક્ષણ સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે.

### 3. શ્વાસ લેવામાં તકલીફ

જો તમને હળવું ચાલવાથી, સીડીઓ ચઢવાથી અથવા કોઈ કામ કરવાથી શ્વાસ લેવામાં તકલીફ થવા લાગે છે, તો આ પણ ખતરનાક સંકેત હોઈ શકે છે. આમાં, હૃદય લોહીને યોગ્ય રીતે પંપ કરી શકતું નથી અને ફેફસામાં ઓક્સિજનની ઉણપ છે. આને અવગણવું જોઈએ નહીં.

# “આનંદી કાગડો છું એટલે તો બધામાં આનંદની શોધ કરું છું”

આધુનિક દુનિયાનો મોટામાં મોટો રોગ “સ્ટ્રેસ” માનવામાં આવે છે. ડાયાબીટીસ, બીપી કે કેન્સર વગેરે જેવા રોગ દવાઓ અને સારવાર થી કંટ્રોલ કરી શકાય છે પરંતુ સ્ટ્રેસ એટલે કે માનસિક મૂંઝવણ પર સાયન્સ એ વધારે રિસર્ચ કર્યું નથી. પરિવાર નું સ્ટ્રેસ, નોકરીનું સ્ટ્રેસ, બાળકોના ફ્યુચરનું સ્ટ્રેસ, લગ્નનું સ્ટ્રેસ વગેરે વગેરે અનેક પ્રકાર ના સ્ટ્રેસ માં પીડાતા લાખો અબજો લોકો નજરે પડશે. આધુનિક મનુષ્ય મેટ્રો ટ્રેનની માફક ભાગતી દોડતી લાઈફને પાટા પર લાવવા મરણતોલ પ્રયાસો કર્યા કરતા હોય છે છતાંય પરિણામ શૂન્ય મળતું હોય છે, કેમ? મનુષ્ય ની જરૂરિયાત કરતા પણ વધારે એની ઈચ્છાઓ આશાઓ સમજો. માણસ ને જીવવા માટે ત્રણ ટંક ભોજન અને રહેવા માટે ઘર, સુવા માટે છ ફૂટની પથારી છતાંય મેળવવાની રેસમાં દોડ્યા કરે છે. “શિયાળ અને સસલા ની વાર્તા” ને મળતી આધુનિક માણસ ની લાઈફ છે. ભગવાન એ મનુષ્ય ને જન્મતાજ બે રસ્તા “સુખ અને દુઃખ” નેગેટિવ અને પોઝીટીવ, હાર જીત વગેરે મૂક્યા હોય છે. છતાંય ભાઈબંધને પ્રમોશન મળ્યું તો ભાઈબંધ ની ઈર્ષાના લીધે ના પચતા સ્ટ્રેસ માં આવી જાય છે.

સામન્ય રીતે સમજો કે કાગડો વિચારે કે મારે મોરની જેમ પંખ લગાવી ને મોર બનવું છે તો મોર પંખ લગાવવાથી કાગડો થોડો મોર બની જશે. ઈશ્વરએ એના સર્જનમાં બુદ્ધિ, રંગ, આચાર, વિચાર ભાષા બધુજ એકબીજાથી અલગ આપ્યું છે. આ કારણોસર પડોશીની સુંદર હવેલી નિહાળી ને ખુદનું ઝૂંપડું ના તોડવા બેસાય. શિયાળ સસલા ની વાર્તા માં સસલું નિષ્કપટ હતું અને એને ધન કરતા સુખની લાલસા હતી એટલે બાવાજી ના ઝૂંપડા માં પેટ ભરીને ખાવાનું અને રહેવાનું મળ્યું. જ્યારે શિયાળ નું મન કપટી અને ઈર્ષાળુ હતું એટલે એના નસીબ માં ઉનાળાના સખત તાપ માં લોખડ નો રસ્તો ને પારાવાર મુશ્કેલીઓ નો સામનો કરવો પડયો. આનંદી કાગડા ને એના માલિક અનેક રીતે પ્રતાડિત કરવાનો પ્રયાસ કર્યો હતો છતાંય કાગડાના મોં માંથી નીકળતા વાક્યો,

“આનંદી કાગડો છું એટલે તો બધામાં આનંદ ની શોધ કરું છું”



**સ્ટ્રેસ,માનસિક મૂંઝવણ**
**- રુપાલી દવે**

દર વર્ષે બોર્ડ ની પરીક્ષા ના પરિણામ બાદ બાળકો આત્મ હત્યા કરવાના પ્રયાસ કરતા હોય છે. આત્મ હત્યા ના પ્રયાસ બાદ અમુક બાળકો જીવી પણ જતા હોય છે. પરંતુ મૃત્યુ પામનાર બાળક નાનકડી વાતના સ્ટ્રેસ ના લીધે એનું સંપૂર્ણ જીવન ને અંધકાર માં નાખી દેતા ખચકાતા નથી. બાળક નું જીવન પરિણામ લક્ષી ને બદલે જીવન લક્ષી બનાવવાંનો સમય આવી ચૂક્યો છે. સ્પર્ધા ની રેસમાં દોડતું ભાગતું બાળક ખુદ ની પરવા કર્યા વગર પરીક્ષા ના ટાસ્ક પૂરા કરવાની ચક્કર માં બાળપણ અને પ્રૌઢ અવસ્થા વચ્ચેની મનપસંદ ઉંમર “યુવાની” માણવા નું ભૂલી ને ખુદને કેરિયર માં લાગી જતા હોય છે. કેરિયર ની નાનકડી સરખી ભૂલ ભૂલવા તૈયાર થતા નથી. આ ચક્કર માં કેરિયર માં નિષ્ફળતા બાદ મૃત્યુ આગળ હેઠ મૂકે છે.

જો બહેનપણી એના મીઠા લહેકા માં બોલશે ને કે યુ નો અમે લોકો વેકેશન માં દુબઈ ની ટૂર પર જવાના છીએ. સમાચાર મળતા જ ઘરની ગુણવતી ગૃહિણી ઓ દુબઈ જવા માટે સામ, દંડ, ભય અને ભેદની નીતિઓ અપનાવશે

બપોર ના સમયે ગૃહિણીઓ મસ્ત ભાગ્યા દોડ્યા વગર ઓટલા પરિષદ માં વ્યસ્ત હોય છે. આ કારણોસર વર્તમાન સમયમાં મોટાભાગના કપલમાં પત્ની ની ઉંમર ફેસ પર વર્તાતી નથી હોતી. જો પતિઓ આગળ એની પત્નીઓની ઉંમર ની સરખામણી એની સાથે કરશો તો જવાબ મળશે બુન, પત્ની ઓને સ્ટ્રેસ એટલે શું? એ પણ ખબર નહી હોય. પત્નીઓનું મુખ્ય કાર્ય દિવસ એન્જોય કરીને પતિ પરમેશ્વર ઘરમાં પગ મૂકે એ ભેગા એનો ફરીયાદ રસ શરૂ થઈ જાય છે. પત્નીઓ નું આખી લાઈફ જીવ થી જતન કર્યું હોય છતાંય “તમે મારા માટે લાઈફ ટાઈમ શું કર્યું?” નો સ્ટ્રેસ પતિ ના માથે નાખે છે. મેડમ ને બસ, ટ્રેન, ઘોડાગાડી સ્કૂટર, રિક્ષા ની સવારી માં સ્ટેટ્સ નડે છે. જો પડોશી એ ટાટા સુમો લીધી તો જીદ આપણા ત્યાં સુમો જોઈએ મતલબ જોઈએ. ખબર છ બુન, પત્નીની જીદ માં પેટ પર પાટા બાંધીને સુમો ના દીકરા વેગનઆર ને ખરીદી ને ઘર આંગણે બાંધ્યો છે. આધુનિક જમાનામાં બૈરા ના શોખ અને અપેક્ષાઓ પાળવા માં જ પુરુષો એની પચાસ ની ઉંમરે સાઈઠ ના દેખાવા લાગ્યા છે.

વર્તમાન સમયમાં યુ.એસ ના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ની “નો ઈલીગલ રેસિડેન્ટ” ના કડક નિયમ હેઠળ લાખો ભારતીયો ને ઘર વાપસી કરવી પડી. મોટાભાગ ના ભારત માં પરત આવેલ લોકો એ યુ.એસ જવા માટે લાખો કરોડો નો ખર્ચ કર્યો છે, કેમ? વિદેશમાં કંગાળ જેવી હાલત માં સ્ટુડિયો હાઉસ રહેતા એકી સાથે પાંચ દસ લોકોને “વિદેશ” મોહ આંધળા રાજા અને બેરી રાણી જેવો હતો ત્યારે તો ઘર બાર, જમીન વહેંચી ને વિદેશ માં વસવાની ઘેલછા ની રેસ ના શિકાર બન્યા હતા. ડંકી ફિલ્મ માં લાઈફ ની કિંમત શું? એ વિશેનું અત્યંત ઝકડી રાખે એવું કન્ટેન્ટ રજૂ થયું છે. શાહરૂખ ખાન સહિત બધાએ ઉંમર અનુસાર પાત્રોમાં ઉમદા અભિનય એ દિલ જીતી લે છે. ડંકી મૂવી સુપર હિટ ગઈ હોવા છતાંય ભારતીયો નું વિદેશ તરફ ભ્રમણ નું પ્રમાણ ઘટ્યું નથી. કેમ



આટલી દોડધામ કરો છો? શ્વાસ લ્યો, ના શ્વાસ લેવાનો સમય નથી દીકરા દીકરીઓને વિદેશ મોકલવાના રૂપિયા ભેગા કરવાના છે. પૂછો કે દીકરા દીકરીની કેરિયર તો દેશ માં પણ બની જશે. જવાબ મળશે કે દીકરા દીકરીની લાઈફને રિસ્ક માં મૂકવા માંગતો નથી. વિદેશ મોહમાં અંધ ભક્તોની વાત સાંભળી ને હસવું આવતા પૂછવાનું મન થાય કે ભઈલા, ભણતર થી લઈને વિદેશ મોકલવાની દીકરાની ફી કોણે ભરી? શું તે વિદેશથી અધધધ રકમ કરી હતી?

વર્તમાન સમયમાં સખત સ્પર્ધાની રેસમાં દોડતા મનુષ્ય ને હવા પાણી કરતા પણ વિશેષ સકારાત્મક ઉર્જા ની જરૂર છે. આ ઉર્જા ના સ્ત્રોત ની ફેક્ટરીઓ બિલાડીના ટોપની માફક નું અસંખ્ય દેશના ખૂણે ખૂણે ખુલી ગઈ છે. આ પ્રકાર ખાસ મેન્ટલ સ્ટ્રેસ ના લીધે માનસિક રોગ થી પીડાતા લોકો મુખ્ય સમસ્યા બનતા જાય છે. કલ્યુગી માણસ ને હવા પાણી અને ખોરાક ની જેમજ ગજવા બહાર ન રૂપિયા “સ્કારાત્મક ઉર્જા” મેળવવા પાછળ ખેંચતા હોય છે. બેત્રણ મહિના પહેલા ફ્રેન્ડ એ મને પૂછ્યું કે તારે પોઝિટિવ એનર્જી ના સેમિનાર માં આવવું છે તું સેમિનાર ભરીને ખુદને પીસ અને સ્ટ્રેસ ફ્રી ફિલ કરીશ. મે પૂછ્યું કે સેમીનાર ની કેટલી ફી છે? ફ્રેન્ડ એ કીધું કે પર પર્સન ત્રણ સિટિંગ માં નાસ્તા ચા, બપોર ના ભોજન સમેત ૧૫૦૦૦ રૂપિયા છે. મે મારી ફ્રેન્ડ ને કીધું કે સોરી યાર, પાણીપુરી ની લારી પર હું માત્ર ૧૦૦રૂપિયા ખર્ચી ને રીચાર્જ થઈ જાવ છું. સ્ટ્રેસ એ માનસિક રોગ નથી, આપણી અપેક્ષાઓ અનુરૂપ ના મળ્યું એની હઠ કે જીદ સમજો. મને તો રેસ માં દોડતા માણસો ને નિહાળતા લોકોને પૂછવાનું મન થાય છે કે તમારે શું કામ મેળવવા પાછળ દોડવું છે? જે મળ્યું છે એ તમારી દૃષ્ટિ એ ભોગ વિલાસ માટેનો પર્યાપ્ત ખજાનો નથી? ઈર્ષા, અપેક્ષાઓ અને ઈચ્છાઓ એ મન મગજ માંથી સકારાત્મક ઉર્જા ઘટાડી ને નકારાત્મક એનર્જી ફેલાવે છે.

ખતરો :સાયન્સ એ નકારત્મક એનર્જીના રોગની મેડિસીન ની શોધ કરી નથી.



# રૂમર્ડ ગર્લફ્રેન્ડ જાસ્મિને હાર્દિક પંડ્યાને ફ્લાઈંગ કિસ આપી!: બ્રિટિશ સિંગર-એક્ટ્રેસ ભારત-પાકિસ્તાનની મેચમાં સ્પોટ થઈ, બંને વચ્ચેની લવસ્ટોરીએ જોર પકડ્યું...

(એજન્સી) મુંબઈ | તા.24

ગઈકાલે ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં ભારત અને પાકિસ્તાન વચ્ચે એક રોમાંચક મેચ જોવા મળી. દુબઈમાં રમાયેલી આ મેચમાં અનેક બોલિવૂડ સેલિબ્રિટીઝ સ્પોટ થયાં હતાં. જેમાં વિવેક ઓબેરોય, ઉર્વશી રૌતેલા, ચિરંજીવી અને પુષ્પા 2ના દિગ્દર્શક સુકુમારના નામ સામેલ છે. પરંતુ ફેન્સનું સૌથી વધુ ધ્યાન ખેંચનાર સેલિબ્રિટી જાસ્મિન વાલિયા હતી, જેને હાર્દિક પંડ્યાની રૂમર્ડ ગર્લફ્રેન્ડ માનવામાં આવે છે.

રૂમર્ડ ગર્લફ્રેન્ડે હાર્દિક પંડ્યાને આપી ફલાઈંગ કિસ! પંડ્યાએ આ મેચમાં ભારતને પહેલી વિકેટ અપાવી હતી. જ્યારે હાર્દિકે 9મી ઓવરમાં બાબર આઝમને આઉટ કરીને ભારત માટે મોટી વિકેટ આપાવી હતી. જ્યારે 11મી ઓવર હાર્દિકે પૂરી કરી બાદમાં કેમેરો બ્રિટિશ સિંગર-એક્ટ્રેસ તરફ ફર્યો અને તે ફલાઈંગ કિસ આપતી જોવા મળી. જે વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થઈ રહ્યો છે. લોકોનું માનવું છે કે જાસ્મીન વાલિયાએ હાર્દિકને આ ફલાઈંગ કિસ આપી હતી.

ક્યારથી શરૂ થઈ ડેટિંગ અફવાઓ? મેચ દરમિયાન જાસ્મીન વાલિયા વ્હાઈટ કલરનાં ડ્રેસમાં જોવા મળી હતી. તેણે બ્લેક ચશ્મા પહેર્યા હતા અને ખૂબ જ સુંદર લાગી રહી હતી. મેચ દરમિયાન, તે ભારતીય ટીમનો ઉત્સાહ વધારતી જોવા મળી હતી. હાર્દિક પંડ્યા અને જાસ્મીન વાલિયાએ હજુ સુધી તેમના સંબંધોની પુષ્ટિ કરી નથી. પરંતુ નતાશા સ્ટેન્કોવિકથી છૂટાછેડા લીધાનાં થોડા અઠવાડિયા પછી, ગ્રીસ વેકેશનનાં ફોટો સામે આવ્યા ત્યારથી બંનેની લવ સ્ટોરી ચર્ચામાં છે.

કોણ છે જાસ્મિન વાલિયા? જાસ્મિન વાલિયા એક બ્રિટિશ સિંગર-એક્ટ્રેસ છે. જાસ્મિનનો જન્મ લંડનના એસેક્સમાં ભારતીય મૂળનાં માતાપિતાને ત્યાં થયો હતો. જાસ્મિન બ્રિટિશ રિયાલિટી ટીવી સિરીઝ "ધ ઓન્લી વે ઈઝ એસેક્સ" નો હિસ્સો હતી ત્યારે તેણે સૌપ્રથમ દુનિયાનું ધ્યાન ખેંચ્યું.

**કાર્તિક આર્યનની ફિલ્મ માટે ગીત લખ્યું** આ શો પછી જાસ્મિને મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો અને 2014માં તેની યુટ્યૂબ ચેનલ શરૂ કરી. જાસ્મિન ચેનલ પર બીજાનાં ગીતો ગાઈને પોતાનું ટેલેન્ટ બતાવતી હતી. તેણે જેક નાઈટ, ઈન્ટેન્સ-ટી અને ગ્રીન મ્યુઝિક સાથે હાથ મિલાવ્યા અને પછી તેને વર્ષ 2017માં 'બોડ ડિગી' દ્વારા સૌથી મોટો બ્રેક મળ્યો.

જાસ્મિને પહેલીવાર જેક નાઈટ સાથે પર્ફોર્મ કર્યું અને આ લોકપ્રિયતા ત્યારે વધી જ્યારે 2018માં બોલિવૂડ ફિલ્મ 'સોનુ કે ટીટુ કી સ્વીટી' માટે 'બોમ ડિગ્ગી ડિગ્ગી' ગીતનું રિમેક કરવામાં આવ્યું.

**બિગ બોસ 13 ફાઇનાલિસ્ટ સાથે એક વીડિયો બનાવ્યો** વર્ષ 2022માં, જાસ્મિન વાલિયાએ બિગ બોસ 13ના ફાઈનલિસ્ટ અસીમ રિયાઝ સાથે નાઈટ્સ એન ફાઈટ્સ નામનો એક મ્યુઝિક વીડિયો કર્યો હતો અને તેમની ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રી ખૂબ જ પસંદ કરવામાં આવી હતી. આ વીડિયોએ આંતરરાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચ્યું હતું. તેને ટાઈમ્સ સ્ક્વેર બિલબોર્ડ પર પણ સ્થાન મળ્યું. જાસ્મિન એક સોશિયલ મીડિયા સેન્સેશન છે અને તેના ઈન્સ્ટાગ્રામ પર 6.4 લાખ ફોલોઅર્સ છે.

યુટ્યૂબ પર 5.7 લાખ લોકોએ જાસ્મિનની ચેનલ સબ્સ્ક્રાઈબ કરી છે. તે અવારનવાર તેના બોલ્ડ અને સનસનાટીભર્યા ફોટા પોસ્ટ કરે છે, જે વાઈરલ થાય છે. હાર્દિક-નતાશાના લગ્ન 4 વર્ષમાં તૂટી ગયા પંડ્યા અને નતાશાના લગ્ન વર્ષ 2020માં થયા હતા. 2021 માં, તેમના પુત્ર અગસ્ત્યનો જન્મ થયો. 18 જુલાઈના રોજ બંનેએ એક નિવેદન જારી કરીને અલગ થવાની જાહેરાત કરી હતી.

# 'જોરદાર વિસ્ફોટ થયો, કાનમાં તમરાં બોલી ગયા...'

## કુણાલ ખેમુએ બાળપણમાં જોયેલો બ્લાસ્ટનો કિસ્સો સંભળાવ્યો, કહ્યું- શ્રીનગરમાં ગમે ત્યારે પથ્થરમારો થઈ જતો



(એજન્સી) મુંબઈ | તા.24

બોલિવૂડ એક્ટર કુણાલ ખેમુએ તાજેતરમાં જ પોતાના બાળપણની કેટલીક યાદો તાજા કરી, જે કોઈપણના મનમાં ડર પેદા કરી શકે છે. એક્ટરે ANI સાથે કરેલા પોડકાસ્ટમાં જણાવ્યું કે તેનો જન્મ શ્રીનગરમાં થયો હતો અને તેણે પોતાનું શરૂઆતી જીવન ત્યાં જ વિતાવ્યું હતું. એક્ટરે કહ્યું કે તેનું બાળપણ ખૂબ જ તણાવપૂર્ણ પરિસ્થિતીમાંથી પસાર થયું હતું. તેણે ત્યાં થયેલા અચાનક વિસ્ફોટ અને પથ્થરમારા જેવી હચમચાવી દેનારી ઘટનાઓ પર વાત કરી. ત્યાંના ડર વિશે વાત કરતાં આગળ કહ્યું કે બાળપણમાં આ બધું સમજવું ખૂબ મુશ્કેલ હતું.

શ્રીનગરની કેટલીક સારી અને ખરાબ બાબતોને યાદ કરી કુણાલે તેના બાળપણનો એક કિસ્સો પણ શેર કર્યો. તેણે કહ્યું કે જોરદાર અવાજ સંભળાતાની સાથે જ બધાના મનમાં એક પ્રશ્ન ઉભો થતો કે શું બોમ્બ ફૂટ્યો હશે કે કોઈ જગ્યા એ સિલિન્ડર ફાટ્યો હશે? બાળપણ શ્રીનગરમાં વિતાવ્યું, જ્યાં તેણે તેના પરિવાર અને મિત્રો સાથે કેટલીક સારી યાદો બનાવી. તેણે કહ્યું, મને યાદ છે કે અમે દાલ લેક જતા, પહેલગામ જતા અને શાળામાં મિત્રો સાથે ક્વોલિટી સમય વિતાવતા. પણ આની સાથે હંમેશા એક ડર પણ રહેતો હતો. જ્યારે પણ બહાર કોઈ મોટો અવાજ આવતો ત્યારે લોકો તરત જ ડરી જતા.

'પથ્થરમારો અને બોમ્બ બ્લાસ્ટનો ડર રહેતો' તેણે કહ્યું કે તેમના માતા-પિતા હંમેશા તેમને સુરક્ષિત રાખવાનો પ્રયાસ કરતા હતા, પરંતુ તો પણ બાળકો તે પર્યાવરણની અસર અનુભવતા હતા. બાળપણમાં, તેને ઘણી વખત એવી પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો હતો જ્યાં તેને રાત્રે લાઈટ ચાલુ કરવાની મનાઈ કરવામાં આવી હતી. એક્ટરે કહ્યું, ઘણી વખત એવું બનતું કે અમને ઘરની લાઈટ ચાલુ ન કરવાનું કહેવામાં આવ્યું કારણ કે પથ્થરમારાની ઘટના સામાન્ય બની ગઈ હતી . ક્યારેક અચાનક ગોળીઓનો અવાજ સંભળાતો, અને અમે સમજી શકતા ન હતા કે શું થઈ રહ્યું છે.

બોમ્બ બ્લાસ્ટની ઘટના કુણાલ ખેમુએ નજરે જોઈ હતી તેણે કહ્યું કે આ ડર તેના અને તેના પરિવાર માટે સામાન્ય બની ગયો હતો. પોતાના જીવનની સૌથી ભયાનક ઘટનાને યાદ કરતાં કુણાલે કહ્યું કે એક વખત તેના ઘરની નજીક એક મોટો વિસ્ફોટ થયો હતો. તે સમયે તે તેના કઝિન સાથે બેઠો હતો અને પત્તા રમી રહ્યો હતો. અચાનક એક જોરદાર વિસ્ફોટ થયો અને જમીન નીચેથી ખસી પડી. તેણે કહ્યું, થોડા સમય સુધી કંઈ સંભળાતું જ બંધ થઈ ગયું, ફક્ત ધુમાડો અને તૂટેલી બારીઓ દેખાતી હતી. એવું લાગતું હતું કે જાણે કોઈ ફિલ્મનો સીન ચાલી રહ્યો હોય.

'હું કંઈ સમજી શક્યો નહીં, બધું જ ક્ષણભરમાં બદલાઈ ગયું હતું. આ વિસ્ફોટની અસર તેના ઘરે પણ જોવા મળી. તેણે કહ્યું કે ઘરના એક રૂમનો ફ્લોર ભાંગીને ભૂક્કો થઈ ગયો કારણ કે વિસ્ફોટ ખૂબ નજીકથી થયો હતો. તેણે કહ્યું, બધા અહીં-ત્યાં દોડી રહ્યા હતા, કોઈ કંઈ સમજી શકતું નહોતું. જ્યારે મેં ટીવી પર જોયું, ત્યારે મને ખ્યાલ આવ્યો કે આ ઘટના કેટલી મોટી હતી. લોકો સતત એકબીજાને ફોન કરી રહ્યા હતા. 6 વર્ષના બાળક તરીકે, મને ફક્ત એટલું જ લાગતું હતું કે અમે સમાચારમાં આવ્યે છીએ.

# પરેશ રાવલ 'હેરાફેરી'ની સિક્વલથી ખુશ નહોતા..


## કહ્યું- ફિલ્મમાં બિનજરૂરી પાત્રોને ઉમેરવામાં આવ્યાં હતાં; કાર્તિક આર્યનની 'હેરા ફેરી 3'માંથી બાદબાકી

(એજન્સી) મુંબઈ | તા.24

સુપરહિટ ફિલ્મ 'હેરાફેરી'માં બાબુરાવ ગણપતરાવ આપ્ટેની ભૂમિકા માટે એક્ટર પરેશ રાવલને ખૂબ પ્રશંસા મળી. 2006માં, તેની સિક્વલ 'ફિર હેરા ફેરી' રિલીઝ થઈ, જે ખૂબ જ હિટ રહી. જોકે, પરેશ રાવલના મતે, તે આ ફિલ્મથી ખુશ નહોતા. તેમનું માનવું હતું કે ફિલ્મમાં બિનજરૂરી પાત્રો ફક્ત લોકોને હસાવવા માટે ઉમેરવામાં આવ્યા હતા. ઉપરાંત, પરેશ રાવલે ખુલાસો કર્યો છે કે કાર્તિક આર્યનને આ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ, 'હેરા ફેરી 3'માંથી દૂર કરવામાં આવ્યો છે.

સિદ્ધાર્થ કન્નન સાથેની વાતચીતમાં, પરેશ રાવલે કાર્તિક આર્યનને હેરાફેરીમાંથી દૂર કરવાનું કારણ જણાવ્યું. તેમણે કહ્યું છે કે કાર્તિકને ફિલ્મમાં સાઈન કરવામાં આવ્યો હતો. જોકે તે રાજુનું પાત્ર ભજવી રહ્યો ન હતો. જ્યારે તેમને સાઈન કરવામાં આવ્યા ત્યારે ફિલ્મની સ્ટોરી અલગ હતી. સ્ટોરી મુજબ, રાજુ તેને ક્યાંકથી પકડીને લાવવાનો હતો. કાર્તિક રાજુની ભૂમિકા ભજવવાનો નહોતો. તે સમયે અક્ષય પણ આ ફિલ્મ સાથે સંકળાયેલો નહોતો. વાતચીતમાં પરેશ રાવલે એમ પણ કહ્યું કે હવે કાર્તિક આર્યન ફિલ્મમાં નથી, હવે ફિલ્મની સ્ટોરી સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. ફિલ્મનું શૂટિંગ ઓગસ્ટ-સપ્ટેમ્બર વચ્ચે શરૂ થઈ શકે છે.

પરેશ રાવલ 'હેરાફેરી'ની સિક્વલથી ખુશ નહોતા ઈન્ટરવ્યૂમાં પરેશ રાવલે એમ પણ કહ્યું છે કે તેઓ ફિલ્મ 'ફિર હેરા ફેરી'થી ખુશ નહોતા. તેમણે કહ્યું કે, ફિલ્મમાં દરેક વ્યક્તિ વધુ પડતો આત્મવિશ્વાસ ધરાવતો હતો. ફિલ્મમાં કોઈ નિર્દોષતા બાકી નથી. માફ કરશો, પણ તે ફિલ્મ સારી રીતે બની ન હતી. મેં નીરજ (ડિરેક્ટર) ને કહ્યું કે તમે આમાં વધારે પડતા લોકોને સામેલ કરી રહ્યા છો. આની કોઈ જરૂર નથી. ફિલ્મમાં સાદગી હોવી જોઈએ, જે પહેલી ફિલ્મમાં હતી. 'મુન્નાભાઈ MBBS' જેવી ફિલ્મોની સિક્વલ બનાવવી વાજબી છે પરેશ રાવલે સિક્વલ ફિલ્મો પર કહ્યું છે કે, મને ફક્ત 'મુન્નાભાઈ MBBS' જેવી ફિલ્મોની સિક્વલ જ ગમે છે. તેમની 'લગે રહો મુન્નાભાઈ' બની હતી જે એક સારી ફિલ્મ હતી. જો આવી સિક્વલ બનાવવામાં આવે તો તેમને સલામ, પણ જો સિક્વલ ફક્ત પૈસા કમાવવા માટે બનાવવામાં આવે તો તેમાં કોઈ મજા નથી. હેરાફેરી ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. અક્ષય, સુનીલ અને પરેશ હશે. પરેશ 'વેલકમ ટુ ધ જંગલ', 'થામા', 'ભૂત બાંગ્લા' અને 'ધ તાજ સ્ટોરી' જેવી ફિલ્મોમાં જોવા મળશે.



સાન્યાની ફિલ્મ 'મિસિસ'ની ટીકા કરી, બાળકોને ઉછેરવાના આનંદની સરખામણી મજૂરી સાથે ન કરો

# કંગના રનૌતનો પરિવાર પ્રેમ છલક્યો

(એજન્સી) મુંબઈ | તા.24

સાન્યા મલ્હોત્રા સ્ટારર ફિલ્મ મિસિસ 7 ફેબ્રુઆરીના રોજ ZEE5 પર રિલીઝ થઈ છે. આ ફિલ્મ એક ગૃહિણીની સ્ટોરી દર્શાવે છે જેને રોજિંદા કામકાજ કરતી વખતે પોતાના સપના છોડી દેવાની ફરજ પડે છે. આ ફિલ્મને લોકો તરફથી ઘણી પ્રશંસા મળી રહી છે, જોકે હવે કંગના રનૌતે ફિલ્મનું નામ લીધા વિના ફિલ્મ અને તેના વિચાર પર નિશાન સાધ્યું છે.

શાસ્ત્રોનો ઉલ્લેખ કરતા કંગનાએ કહ્યું કે લગ્ન બાળકો અને વડીલો માટે કરવામાં આવે છે અને તે આ રીતે જ થવા જોઈએ, તેને માત્ર વેલિડેશન માટે ન કરવા જોઈએ.

કંગના રનૌતે તેની ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટની સ્ટોરીમાં લખ્યું, મોટી થતી વખતે, મેં એવી કોઈ સ્ત્રી જોઈ નથી જેણે પોતાના ઘર પર રાજ ન કર્યું હોય, ક્યારે સૂવું, ક્યારે ખાવું અને ક્યારે બહાર જવું તે અંગે બધાને આદેશ ન આપ્યો હોય, તેના પતિ દ્વારા ખર્ચવામાં આવેલા દરેક રૂપિયાનો હિસાબ ન માગ્યો હોય અને લોકોએ તેનું પાલન ન કર્યું હોય. એકમાત્ર ઝઘડો એ છે કે છોકરાઓ દરરોજ તેમના મિત્રો સાથે બહાર દારૂ પીને જાય છે. જ્યારે પણ પપ્પા અમારી સાથે બહાર જમવા માગતા ત્યારે મમ્મી બૂમો પાડતી, કારણ કે અમારા માટે રસોઈ બનાવવી એ તેમને ખૂબ જ આનંદ આપતી. આગળ, એક્ટ્રેસે લખ્યું કે આ રીતે તે સ્વચ્છતા અને ભરપોષણ જેવી ઘણી બાબતોને કંટ્રોલ કરી શકે છે. પોતાના બાળકો માટે કામ કરતા વૃદ્ધ લોકો તેની ઈમોશનલ સ્પોર્ટ સિસ્ટમ હોય છે. ઘરની સ્ત્રીઓ, દાદી, મમ્મા, કાકી આપણા માટે રાણીઓ હતી અને આપણે તેમના જેવું બનવાની આશા કરતા હતા.

ચોક્કસ, સ્ત્રીઓને ઓછું આંકવામાં આવે તેવી શક્યતા છે, પરંતુ ચાલો સંયુક્ત પરિવારોને સામાન્ય બનાવવાનું અને વૃદ્ધોને રાક્ષસી બનાવવાનું બંધ કરીએ. ચાલો ગૃહિણીઓની સરખામણી મજૂરી કરતી સ્ત્રીઓ સાથે કરવાનું બંધ કરીએ. ઉપરાંત, ઘર બનાવવા અને બાળકોને ઉછેરવાના આનંદની સરખામણી બળજબરીથી મજૂરી કરાવવાના આનંદ સાથે ન કરો.

# બોલિવૂડ અભિનેત્રી કેટરીના કૈફ સાસુ જોડે મહાકુંભ પહોંચી, સંગમમાં લગાવશે પવિત્ર ડૂબકી



મુંબઈ: પ્રયાગરાજમાં બોલિવૂડ કલાકારો મામહાકુંભ સંગમમાં ડૂબકી લગાવવા માટે પહોંચી રહ્યા છે. આજે (24મી ફેબ્રુઆરી) અભિનેતા અક્ષય કુમારે સંગમમાં ડૂબકી લગાવી હતી. હવે અભિનેત્રી કેટરિના કૈફ તેમની સાસુ સાથે મહાકુંભમાં પહોંચી છે. જેની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે.

અભિનેત્રી કેટરિના કૈફ તેમની સાસુ સાથે મહાકુંભમાં પહોંચી છે. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે,'હું ખૂબ જ ભાગ્યશાળી છું કે હું આ વખતે અહીં (મહાકુંભ) આવી શકી. હું ખરેખર ખૂબ જ ખુશ અને આભારી છું. હું સ્વામી ચિદાનંદ સરસ્વતીને મળ્યો અને તેમના આશીર્વાદ લીધા. હું અહીંથી મારો અનુભવ શરૂ કરી રહ્યો છું. મને અહીંની ઊર્જા, સુંદરતા અને મહત્ત્વ ખૂબ ગમે છે. હું આખો દિવસ અહીં વિતાવવા માટે ઉત્સાહિત છું.'

ઉલ્લેખનીય છે કે, કેટરિના કૈફના પતિ વિક્કી કૌશલ ફિલ્મ 'છાવા'ના પ્રમોશન દરમિયાન મહાકુંભમાં પહોંચ્યા હતા. સંગમમાં ડૂબકી લગાવી હતી. આ દરમિયાન તેમણે જણાવ્યુ હતું કે, 'મને ખૂબ સારું લાગે છે. અમે ઘણાં સમયથી અહીં(મહાકુંભ) આવવાની તકની રાહ જોઈ રહ્યા હતા. હવે જ્યારે આપણે અહીં છીએ, ત્યારે આપણે ખૂબ જ ભાગ્યશાળી અનુભવીએ છીએ કે આપણે મહાકુંભનો ભાગ બની રહ્યા છીએ.'

# એકલા સલમાનને લઈ 500 કરોડ બજેટની ફિલ્મ બનાવવા નનૈયો

મુંબઈ: સલમાન સાઉથના મોટા ડાયરેક્ટર એટલીની એક એકશાન ફિલ્મ કરી રહ્યો હોવાનું લાંબા સમયથી ચર્ચાય છે. જોકે, હવે સાઉથના ફિલ્મી વર્તુળોમાં થતી કાનાફૂસી અનુસાર આ ફિલ્મ કો સ્ટારને કાસ્ટ કરવા મુદ્દે હાલ અટકી પડી છે. એટલીએ સલમાનને લઈ ૫૦૦ કરોડનાં બજેટની ફિલ્મ બનાવવાનો મનસૂબો સેવ્યો છે. જોકે, ફાઈનાન્સિઅર્સ માને છે કે સલમાન એકલા હાથે ૫૦૦ કરોડના બજેટની ફિલ્મનો ભાર ઉપાડી શકે નહિ. આ ફિલ્મ તેનું બજેટ પણ કાઢી લે અને તે ઉપરાંત સારો એવો નફો પણ રળી શકે તે માટે ફિલ્મમાં સાઉથનો કોઈ મોટો સ્ટાર પણ હોવો જરુરી છે. જેની પાન ઈન્ડિયા અપીલ હોય અને ઈન્ટરનેશનલ માર્કેટમાં પણ નામ હોય તેવા હિરોના ભરોસે જ આટલું મોટું રોકાણ કરી શકાય. એટલીએ સલમાન સાથે સાઉથના કેટલાક સ્ટાર્સને લેવાનું વિચાર્યું છે પરંતુ તેઓ એટલા સેલેબલ નથી કે સાઉથની માર્કેટમાં પણ ફિલ્મ ઊંચકી શકે. સલમાન પણ પોતાની ફિલ્મની સફળતાનું શ્રેય સાઉથનો કોઈ મોટો સ્ટાર ખાટી જાય તેમ ઈચ્છતો નથી.





# દીપિકા કક્કરે અચાનક 'માસ્ટર શેફ' શો કેમ છોડ્યો...?

## એક્ટ્રેસે કહ્યું-સેટ પર અચાનક તબિયત બગડી, સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા માટે આ નિર્ણય લેવો પડ્યો

(એજન્સી) મુંબઈ | તા.24

દીપિકા કક્કર થોડા સમય પહેલા સુધી સેલિબ્રિટી માસ્ટર શેફનો હિસ્સો હતી, પરંતુ તેણે અચાનક શો છોડી દીધો છે. હવે એક્ટ્રેસે પોતે શો છોડવાનું કારણ જણાવ્યું છે. એક્ટ્રેસના જણાવ્યા મુજબ, એક દિવસ સેટ પર અચાનક તેની તબિયત બગડી ગઈ, ત્યારબાદ તેણે પોતાના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા માટે શો છોડવાનો નિર્ણય લીધો.

દીપિકા કક્કર ઈબ્રાહિમે તેના યુટ્યૂબ વ્લોગમાં કહ્યું, એક મહત્વપૂર્ણ વાત છે જે મને લાગે છે કે મારે તમારા બધા સાથે શેર કરવી જોઈએ. તમારામાંથી ઘણા લોકોએ તે જોયું હશે, પણ હું મારા તરફથી એ પણ પુષ્ટિ કરું છું કે હા, કમનસીબે માસ્ટર શેફ તરીકેની મારી સફર સમાપ્ત થઈ ગઈ છે. તમે જોયું હશે કે ગયા અઠવાડિયે પ્રસારિત થયેલા ફેસ્ટિવલ સ્પેશિયલ એપિસોડમાં હું જોવા મળી નહોતી. ત્યાંથી મારા ખભાની સમસ્યા શરૂ થઈ. તે દિવસે જ્યારે હું શૂટિંગ માટે સેટ પર પહોંચી હતી. તે દિવસે હું જાગી ત્યારથી મારા ખભામાં દુખાવો થઈ રહ્યો હતો. ધીમે ધીમે દુખાવો વધતો ગયો.

સેટ પર દુખાવો એટલો તીવ્ર થઈ ગયો કે પ્રોડક્શનના લોકોએ મને નજીકની હોસ્પિટલમાં લઈ જવું પડ્યું.એક્ટ્રેસે આગળ કહ્યું, ડાબા ખભામાં દુખાવાને કારણે બધા ડરી ગયા હતા. સૌ પ્રથમ, મેં એક ECG કરાવ્યો જે સામાન્ય હતો. ત્યારબાદ, એક્સ-રે કરવામાં આવ્યો પણ તેમાં પણ ખાસ કંઈ બહાર આવ્યું નહીં, પણ દુખાવો બિલકુલ ઓછો થતો ન હતો. તેથી, હું તે દિવસે એપિસોડનો ભાગ ન બની શકી. હું વધુ તપાસ માટે ડૉ. તુષાર શાહ પાસે ગયો. જ્યારે ત્યાં સોનોગ્રાફી કરવામાં આવી, ત્યારે ખબર પડી કે મારા ખભામાં લિમ્ફ ફ્લોડ્સ છે.

**દીપિકાએ જણાવ્યું છે કે ટેસ્ટ રિપોર્ટ આવ્યા પછી,** તેણે 6 દિવસ સુધી સારવાર લીધી અને સારું લાગતા, તેણે ફરીથી શોનું શૂટિંગ કર્યું. પરંતુ પછી સેટ પર પહોંચતાની સાથે જ તેને ભારે દુખાવો થવા લાગ્યો. આ વખતે જ્યારે તેણે MRI કરાવ્યું, ત્યારે જાણવા મળ્યું કે તેના હાથમાં કંઈક આંતરિક ઈજા હતી,

જેની સારવાર થઈ શકતી નથી. ત્યારબાદ ડોક્ટરોની સલાહ પર તેણે 3 દિવસનો વિરામ લીધો અને જ્યારે તેને સારું લાગ્યું, ત્યારે તેણે ફરીથી શૂટિંગ શરૂ કર્યું. આ વખતે જ્યારે તે સેટ પર ગઈ, ત્યારે પીડા થતી હોવા છતાં, તેણે તે દિવસે શૂટિંગ પૂર્ણ કરીને શો છોડી દેવાનું નક્કી કર્યું.

દીપિકાના મતે, માસ્ટર શેફ એક રિયાલિટી શો છે જેમાં દરેક વ્યક્તિ વચ્ચે સ્પર્ધા હોય છે, તેથી તેના માટે વારંવાર બ્રેક લેવાનું શક્ય નથી. આ જ કારણ છે કે તેણે શો છોડવાનો નિર્ણય લીધો. દીપિકાએ તેના વ્લોગમાં માસ્ટર શેફની પ્રોડક્શન ટીમનો પણ આભાર માન્યો છે. મારે તમારા બધા સાથે શેર કરવી જોઈએ. તમારામાંથી ઘણા લોકોએ તે જોયું હશે, પણ હું મારા તરફથી એ પણ પુષ્ટિ કરું છું કે હા, કમનસીબે માસ્ટર શેફ તરીકેની મારી સફર સમાપ્ત થઈ ગઈ છે. તમે જોયું હશે કે ગયા અઠવાડિયે પ્રસારિત થયેલા ફેસ્ટિવલ સ્પેશિયલ એપિસોડમાં હું જોવા મળી નહોતી. ત્યાંથી મારા ખભાની સમસ્યા શરૂ થઈ. તે દિવસે જ્યારે હું શૂટિંગ માટે સેટ પર પહોંચી હતી. તે દિવસે હું જાગી ત્યારથી મારા ખભામાં દુખાવો થઈ રહ્યો

# પાકિસ્તાની ટીમની હારથી રિઝવાન ખૂબ જ નિરાશ




(એજન્સી) દુબઈ તા 24

ચેમ્પિયન્સ ટ્રોફીની બીજી મેચમાં ભારતે પાકિસ્તાનને 6 વિકેટે હરાવ્યું છે. આ સાથે, ટીમે 2017 ચેમ્પિયન્સ ટ્રોફી ફાઈનલમાં 180 રનની હારનો બદલો લીધો. રવિવારે દુબઈમાં પાકિસ્તાને 241 રન બનાવ્યા. ભારતે 42.3 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો. ભારત તરફથી વિરાટ કોહલીએ અણનમ 100, શ્રેયસ અય્યરે 56 અને શુભમન ગિલે 46 રન બનાવ્યા. કુલદીપ યાદવે 3 અને હાર્દિક પંડ્યાએ 2 વિકેટ લીધી. પાકિસ્તાન તરફથી સઈદ શકીલે 62 અને મોહમ્મદ રિઝવાને 46 રન બનાવ્યા. શાહીન શાહ આફ્રિદીએ 2 વિકેટ લીધી. અબરાર અહેમદ અને ખુશદિલ શાહે 1-1 વિકેટ લીધી. વિરાટ 158 કેચ સાથે વન-ડેમાં સૌથી વધુ કેચ લેનાર ભારતીય બન્યો. તેણે ઈનિંગ્સમાં 15મો રન બનાવતાની સાથે જ સૌથી ઝડપી 14,000 ODI રન પણ પૂરા કર્યા. કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ત્રીજા નંબરનો ટોપ સ્કોરર પણ બન્યો. તેણે ઓસ્ટ્રેલિયાના રિકી પોન્ટિંગને પાછળ છોડી દીધો, જેમના નામે 27,483 રન છે.ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટર વિરાટ કોહલીએ વન-ડેમાં 51મી સેન્ચુરી ફટકારી છે. આ સાથે જ તેણે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં 82મી સેન્ચુરી પૂરી કરી છે. ઉપરાંત ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેની પહેલી સદી છે. ત્યારે હવે તેના નામે પાકિસ્તાન સામે ODI વર્લ્ડ કપ, ચેમ્પિયન્સ ટ્રોફી અને એશિયા કપમાં સેન્ચુરી ફટકારી છે.વિરાટ કોહલી: 100 રનની ઈનિંગ રમી. વિરાટ કોહલીએ 111 બોલમાં 100 રનની ઈનિંગ રમી. રોહિત શર્મા આઉટ થયા પછી તે બેટિંગ કરવા આવ્યો અને ભારતીય ઈનિંગ્સને ચાલુ રાખી. વિરાટે અબરારની ઓવરો ધીરજથી રમી અને પછી ઝડપથી રન બનાવ્યા.ધીમી બેટિંગ: પાવરપ્લેમાં 2 વિકેટ ગુમાવ્યા બાદ, પાકિસ્તાને મિડલ ઓવરોમાં ખૂબ જ ધીમી બેટિંગ કરી. મોહમ્મદ રિઝવાન અને સઈદ શકીલે 144 બોલમાં 104 રનની ભાગીદારી કરી. ટીમ 11 થી 40 ઓવર વચ્ચે 180 બોલમાં માત્ર 131 રન જ બનાવી શકી.કુલદીપ યાદવ: 3 વિકેટ લીધી, ડેથ ઓવરોમાં બેટર્સને રન બનાવતા અટકાવ્યા. કુલદીપે 3 વિકેટ લીધી. તેણે ડેથ ઓવરોમાં સલમાન આગા, શાહીન આફ્રિદી અને નસીમ શાહની વિકેટ લીધી. આ કારણે પાકિસ્તાની ટીમ ડેથ ઓવરોમાં વધારે રન બનાવી શકી નહીં.સ્પિનરોનો અભાવ: પાકિસ્તાને પ્લેઈંગ-11માં ફક્ત એક જ ઓવરમાં 28 રન આપીને 1 વિકેટ લીધી. બાકીના સ્પિનરો તેને સાથ આપી શક્યા નહીં. ટીમમાં લેગ સ્પિન ઓલરાઉન્ડર શાદાબ ખાનનો પણ સમાવેશ કર્યો ન હતો.ભારત (IND): રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, કેએલ રાહુલ (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, રવીન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, મોહમ્મદ શમી અને હર્ષિત રાણા. પાકિસ્તાન (PAK): મોહમ્મદ રિઝવાન (કેપ્ટન અને વિકેટકીપર), ઈમામ ઉલ હક, સઈદ શકીલ, બાબર આઝમ, સલમાન આગા, તૈયબ તાહિર, ખુશદિલ શાહ, નસીમ શાહ, શાહીન શાહ આફ્રિદી, હારિસ રઉફ અને અબરાર અહમદ.

# બુમરાહને ICC પ્લેયર ઓફ ધ યર એવોર્ડથી સન્માનિત કર્યો



ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહ ભારત-પાકિસ્તાન મેચ જોવા માટે દુબઈ સ્ટેડિયમ પહોંચ્યા હતા. બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં ભારતીય ટીમનો ભાગ હતો પરંતુ ઈજાને કારણે તે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો. સ્ટેડિયમમાં તેમને ICC પ્લેયર ઓફ ધ યર એવોર્ડથી સન્માનિત કર્યો હતો. તેને કુલ 4 એવોર્ડ મળ્યા.

# વિરાટ કોહલીએ પાકિસ્તાન સામે રેકોર્ડબ્રેક સદી ફટકારી



**ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની પાંચમી મેચમાં ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ પાકિસ્તાન સામે સદી ફટકારી હતી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આ વિરાટની 82મી અને વનડેમાં રેકોર્ડબ્રેક 51મી સદી હતી. આ સદી વિરાટ માટે ખૂબ જ ખાસ રહી હતી.**

દુબઈ તા 24

ક્રિકેટના મેદાન પર વિરાટ કોહલીનું નામ હંમેશા એક મહાન બેટ્સમેન તરીકે લેવામાં આવે છે. 23 ફેબ્રુઆરી 2025ના રોજ પાકિસ્તાન સામેની ICC ચેમ્પિયન્સ ટ્રોફીની મેચમાં વિરાટે ફરી એકવાર પોતાને વર્તમાન સમયનો સૌથી શ્રેષ્ઠ બેટ્સમેન સાચું સાબિત કર્યો અને એક યાદગાર ઈનિંગ રમીને સદી ફટકારી હતીબનાવવા એક પડકાર હતો, કારણ કે શરૂઆતમાં પાકિસ્તાનના બોલરોએ સારી પકડ બનાવી હતી. ભારતને જીતવા માટે સારા સ્કોરની જરૂર હતી અને આવી સ્થિતિમાં વિરાટ કોહલીએ જવાબદારી સંભાળી અને સદીની ઈનિંગ રમી. આ મેચમાં વિરાટ કોહલીએ 111 બોલમાં અણનમ 100 રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે 7 ચોગ્ગા ફટકાર્યા અને તેની ઈનિંગ ભારતીય ટીમને જીત તરફ દોરી ગઈ.

વિરાટ કોહલી પહેલીવાર 2009માં ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમ્યો હતો. પરંતુ આ ટુર્નામેન્ટમાં વિરાટે 2025માં પહેલીવાર સદી ફટકારી છે. એટલે કે ચેમ્પિયન્સ ટ્રોફીમાં સદી ફટકારવા માટે તેને 16 વર્ષ રાહ જોવી પડી હતી.

## આ સિવાય 2023 ODI વર્લ્ડ કપ પછી આ પહેલીવાર છે

જ્યારે તેણે ODIમાં સદી ફટકારી છે. આ ઉપરાંત તેણે 531 દિવસ પછી વિદેશી ધરતી પર ODI સદી ફટકારી છે, એટલે કે આ ઈનિંગ તેના માટે ઘણી રીતે ખાસ છે. આ સિવાય 2023 ODI વર્લ્ડ કપ પછી આ પહેલીવાર છે જ્યારે તેણે ODIમાં સદી ફટકારી છે. આ ઉપરાંત તેણે 531 દિવસ પછી વિદેશી ધરતી પર ODI સદી ફટકારી છે, એટલે કે આ ઈનિંગ તેના માટે ઘણી રીતે ખાસ છે.

# ઈન્ડિયા પોઈન્ટ ટેબલમાં નંબર વન પર પહોંચી



(એજન્સી) દુબઈ તા 24

ભારતીય ટીમે પાકિસ્તાનને હરાવી ચેમ્પિયન ટ્રોફીના પોઈન્ટ ટેબલમાં લાંબી છલાંગ લગાવી છે. ટીમને 2 પોઈન્ટ મળ્યા છે. આ સાથે તેનો રન રેટ પણ સારો જોવા મળી રહ્યો છે. તો પાકિસ્તાન દુર દુર સુધી દેખાતું નથી. પાકિસ્તાનને હરાવી ટીમ ઈન્ડિયા ચેમ્પિયન ટ્રોફીના પોઈન્ટ ટેબલમાં લાંબી છલાંગ લગાવી છે. ભારતે સતત 2 મેચ જીતી છે. આ સાથે ટીમ ઈન્ડિયા હવે ગ્રુપ એમાં પહેલા નંબર પર છે. તો ન્યુઝીલેન્ડની ટીમ નીચે આવી ગઈ છે. ભારતની આ મોટી જીત છે એટલે તેનો રન રેટ પણ સારો છે. હવે ન્યુઝીલેન્ડની પાસે ટોપ પર પહોંચવાની તક છે. ભારતના ગ્રુપમાં પહેલા નંબર પણ કોણ હશે. તેનો નિર્ણય ભારત અને ન્યુઝીલેન્ડની મેચમાંથી ખબર પડશે. આ મેચ 2 માર્ચના રોજ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાવાની છે. ચેમ્પિયન ટ્રોફીના પોઈન્ટ ટેબલની જો આપણે વાત કરીએ તો આ મેચ પહેલા ટીમ ઈન્ડિયા બીજા નંબર પર હતી.

# હાર્દિક પંડ્યા પાકિસાન સામેની મેચમાં લક્ઝુરીયસ વોચ પહેરીને રમવા ઉતર્યો

**ફેન્સે ટ્વીટ કરી કહ્યું- બોસ ઐસા અંધા પૈસા ચાહીએ; તસવીરો સોશિયલ મીડિયામાં વાઈરલ**

(એજન્સી) દુબઈ તા 24

હાર્દિક પંડ્યાએ ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં પાકિસ્તાન સામે શાનદાર બોલિંગ કરતી વખતે 2 વિકેટ લીધી હતી, પરંતુ મેચમાં બોલિંગ કરતાં પણ વધુ તેના કાંડા પર બાંધેલી કરોડોની ઘડિયાળ સૌથી વધુ ચર્ચામાં રહી છે.

ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ આજે 23 ફેબ્રુઆરીના રોજ દુબઈમાં રમાઈ રહી છે. આ મેચમાં ભારતના સ્ટાર ખેલાડી હાર્દિક પંડ્યાએ શાનદાર બોલિંગ કરી છે. તેણે 8 ઓવરમાં માત્ર 31 રન આપીને 2 વિકેટ લીધી હતી. આ મેચ દરમિયાન હાર્દિક એક અનોખી અને મોંઘી ઘડિયાળ પહેરેલો જોવા મળ્યો. જેની તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહી છે. આ ઘડિયાળની કિંમત કરોડોમાં હોવાનું કહેવામાં આવી રહ્યું છે. હાર્દિક પંડ્યાની ઘડિયાળની ચર્ચા



પાકિસ્તાન સામેની આ મેચમાં હાર્દિક પંડ્યાએ જે ઘડિયાળ પહેરી હતી તે રિચાર્ડ મિલે દ્વારા બનાવેલ રાફેલ નડાલ સ્કેલેટન ડાયલ એડિશન છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ઘડિયાળની કિંમત ભારતીય રૂપિયામાં આશરે 7 કરોડ રૂપિયા છે. આ પહેલીવાર નથી જ્યારે હાર્દિક પંડ્યા આટલી મોંઘી ઘડિયાળ પહેરીને જોવા મળ્યો હોય. મેચ દરમિયાન હાર્દિક આ ઘડિયાળ પહેરેલો જોવા મળતાની સાથે જ ચાહકો તેની કિંમત જાણવા માટે ઉત્સુક બન્યા. તમને જણાવી દઈએ કે હાર્દિક પંડ્યા તેની વૈભવી જીવનશૈલી અને મોંઘી ઘડિયાળોના શોખ માટે જાણીતો છે.

# ધોનીએ પોતાનું કામ બંધ કરી સની દેઓલ સાથે ભારત-પાકિસ્તાન મેચનો આનંદ માણ્યો

(એજન્સી) નવી દિલ્હી તા 24

ભારત-પાકિસ્તાન મેચની રાહ ફક્ત સામાન્ય ચાહકો જ નહીં, પણ સેલિબ્રિટીઓ પણ આ મેચ જોવા માટે ઉત્સુક છે. આવી સ્થિતિમાં, જ્યારે દુબઈમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ચેમ્પિયન્સ ટ્રોફીની મેચ શરૂ થઈ, ત્યારે બોલિવૂડ સ્ટાર્સ પણ પોતાને રોકી શક્યા નહીં. જો ભારત-પાકિસ્તાન મેચની વાત કરીએ, અને તે પણ ચેમ્પિયન્સ ટ્રોફી જેવી મહત્વપૂર્ણ ટુર્નામેન્ટમાં, તો ફક્ત સામાન્ય ચાહકો જ નહીં, પરંતુ સેલિબ્રિટીઓ પણ તેના પ્રભાવમાં ફસાઈ જાય છે અને આ મેચ જોવાથી પોતાને રોકી શકતા નથી. આ વખતે પણ એવું જ બન્યું હતું. ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ કેપ્ટન એમએસ ધોની અને બોલિવૂડ સ્ટાર સની દેઓલ સાથે મેચનો આનંદ માણતા જોવા મળ્યા હતા.



## ધોની ઘણીવાર ચાહકોની નજરથી દૂર રહે છે

ભારત અને પાકિસ્તાન વચ્ચેની આ મેચ માટે ચાહકો દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં એકઠા થયા હતા, પરંતુ ચાહકો પણ પોતપોતાના ઘરે આ મેચનો આનંદ માણી રહ્યા હતા. ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ કેપ્ટન એમએસ ધોની, જે ઘણીવાર ચાહકોની નજરથી દૂર રહે છે, તે આ મેચ જોવાથી પોતાને રોકી શક્યો નહીં અને પોતાનું કામ બંધ કરીને મેચ જોવા બેસી ગયો. ધોની, જે મુંબઈમાં એક જાહેરાતના શૂટિંગમાં વ્યસ્ત હતો, તેણે ત્યાં પોતાનું કામ બંધ કર્યું અને થોડીવાર માટે મેચ જોવાનું શરૂ કર્યું. આ દરમિયાન શૂટિંગ સાથે સંકળાયેલા ઘણા લોકો પણ તેમની સાથે બેઠા હતા.

# બધુ પુરુ' હાર બાદ પાકિસ્તાની કેપ્ટનનું છલકાયુ દર્દ

(એજન્સી) દુબઈ તા 24

ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025ના એક બ્લોકબસ્ટર મુકાબલામાં ભારતે પાકિસ્તાનને 6 વિકેટથી હરાવી દીધુ છે. દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં ભારતીય ટીમને જીતવા માટે 242 રનનો લક્ષ્યાંક મળ્યો હતો. વિરાટ કોહલીએ દમદાર શતક ફટકારીને લક્ષ્યાંક સરળતાથી પ્રાપ્ત કરી લીધો હતો. ત્યારે મેચમાં ભારતીય ટીમની જીત બાદ પાકિસ્તાન કેપ્ટન મહોમ્મદ રિઝવાનનું દર્દ છલકાયુ છે. પાકિસ્તાની ટીમની હારથી કેપ્ટન મોહમ્મદ રિઝવાન ખૂબ જ નિરાશ દેખાતા હતા. તેણે જણાવ્યું કે હવે તેમની ટીમ માટે કંઇ બચ્યુ નથી. તેમની



ટીમનુ અભિયાન એક રીતે પૂર્ણ થઇ ગયુ છે. આ સાથે જ રિઝવાનએ સદી ફટકારનાર વિરાટ કોહલીની પણ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે કોહલીની ફિટનેસ અને શિસ્ત પ્રશંસાને પાત્ર છે. તેણે વધુમાં કહ્યું કે હવે અમારે બીજી મેચોના પરિણામ પર નિર્ભર રહેવુ પડશે. એક મેચ બાકી છે. એક કેપ્ટન તરીકે, મને આવી પરિસ્થિતિઓ પસંદ નથી. આપણું ભાગ્ય આપણા પોતાના હાથમાં હોવું જોઈએ. તેમણે આ જીતનો શ્રેય ભારતને આપ્યો હતો..ખાસ કરીને વિરાટ કોહલીને, જેણે પોતાની 51મી ODI સદી ફટકારી હતી.

પાકિસ્તાની કેપ્ટને વિરાટના કર્યા વખાણ

મોહમ્મદ રિઝવાને કોહલીની પ્રશંસા કરતા કહ્યું કે તે એટલી મહેનત કરે છે કે મને તે જોઈને આશ્ચર્ય થાય છે.' આખી દુનિયા કહી રહી હતી કે તે ફોર્મમાં નથી, પણ તેણે આટલી મોટી મેચમાં ખૂબ આરામથી રન બનાવ્યા. તેની ફિટનેસ અને શિસ્ત પ્રશંસનીય છે. અમે તેને આઉટ કરવાનો ખૂબ પ્રયાસ કર્યો પણ આઉટ ન કરી શક્યા. આ પરિણામથી અમે નિરાશ છીએ. અમે બધા વિભાગોમાં ભૂલો કરી અને વચ્ચેની ઓવરોમાં વિકેટ લઈ શક્યા નહીં. અમારે ફિલ્ડિંગ સુધારવાની જરૂર રિઝવાને આગળ કહ્યું, 'અમે ટોસ જીત્યો, પણ ટોસનો ફાયદો મળ્યો નહીં.' અમને લાગ્યું કે આ પીચ પર 280નો સ્કોર સારો રહેશે. તેમના બોલરોએ વચ્ચેની ઓવરોમાં ખૂબ સારી બોલિંગ કરી અને અમારી વિકેટો લીધી. મેં અને સઈદ શકીલે સમય લીધો કારણ કે અમે તેને ઊંડાણપૂર્વક સમજવા માંગતા હતા. ખરાબ શોટ પસંદગીને કારણે અમારા પર દબાણ આવ્યું અને તેથી અમે 240 રનમાં ઓલઆઉટ થઈ ગયા.

# દુબઇ ઓપનનું ટાઇટલ જીતીને 17 વર્ષીય મીરા આન્દ્રિવા યંગેસ્ટ ચેમ્પિયન બની



(એજન્સી) દુબઈ તા 24

રશિયાની 17 વર્ષીય મીરા આન્દ્રિવાએ પોતાના શાનદાર પ્રદર્શનને જારી રાખીને દુબઇ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં ક્લારા ટોસનને 7-6, 6-1થી હરાવીને પોતાની કારકિર્દીનું સૌથી મોટું ટાઇટલ જીત્યું હતું. રશિયન ખેલાડી આગામી સપ્તાહે વર્લ્ડ રેન્કિંગમાં પ્રથમ વખત ટોપ-10 ખેલાડીઓમાં સામેલ થઇ જશે. આન્દ્રિવા ડબ્લ્યૂટીએ ટૂર ટાઇટલ જીતનાર યંગેસ્ટ પ્લેયર પણ બની છે. આ પહેલાં 2007માં નિકોલ વેદિસોવાએ 17 વર્ષની વયે ટાઇટલ જીતનાર સૌથી યુવા ખેલાડી બની હતી. આન્દ્રિવાએ ફાઇનલ સુધીની સફરમાં 2023ની વિમ્બલ્ડન ચેમ્પિયન માર્કેટા વોન્ડ્રોસોવા, પાંચ વખતની ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન પોલેન્ડની ઇગા સ્વિયાતેક તથા 2022ની વિમ્બલ્ડન ચેમ્પિયન ઇલેના રિબાકિનાને હરાવી હતી. દુબઇ ઓપનનો ફાઇનલ મુકાબલો એક કલાક 46 મિનિટ સુધી રમાયો હતો. ટાઇબ્રેકરમાં પહોંચેલો પ્રથમ સેટ લગભગ 60 મિનિટ સુધી રમાયો હતો.

# જેક ડ્રેપરને હરાવીને આન્દ્રે રુબલેવે કતાર ઓપન ટેનિસનું ટાઇટલ જીત્યું

(એજન્સી) મોસ્કો તા 24

રશિયાના આન્દ્રે રુબલેવે ભારે રસાકસી બાદ બ્રિટનના આઠમા ક્રમાંકિત જેક ડ્રેપરને 7-5, 5-7, 6-1થી હરાવીને કતાર ઓપન એટીપી મેન્સ સિંગલ્સ ટેનિસ ટૂર્નામેન્ટનું ટાઇટલ પોતાના નામે કર્યું હતું. ઇંચમા ક્રમાંકિત રુબલેવ 2020 બાદ પ્રથમ વખત આ ટૂર્નામેન્ટમાં ટ્રોફી જીત્યો છે. આ ઉપરાંત ગયા વર્ષના એપ્રિલમાં મેડ્રિડ ઓપન જીત્યા બાદ પ્રથમ વખત તે કોઇ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યો છે. પ્રથમ સેટમાં બંને ખેલાડીઓએ સતત 11 ગેમ સુધી પોતપોતાની સર્વિસ જાળવી રાખી હતી. આખરે રશિયન ખેલાડીએ ડ્રેપરની સર્વિસ બ્રેક કરીને પ્રથમ સેટ પોતાના નામે કર્યો હતો. બીજા સેટમાં બ્રિટિશ ખેલાડીએ વળતો પ્રહાર કરીને મેચ નિર્ણાયક સેટમાં પહોંચાડીને ફાઇનલ વધારે રોમાંચક બનાવી દીધી હતી. આ પહેલાં બંને વચ્ચે ત્રણ મુકાબલા રમાયા હતા પરંતુ ડ્રેપર એક પણ મુકાબલો જીતી શક્યો નહોતો. અંતિમ સેટમાં રુબલેવે હરીફ ખેલાડીની બે વખત સર્વિસ બ્રેક કરીને સ્કોર 5-0નો કર્યો હતો. ડ્રેપર ગયા વર્ષે સ્ટુટગાર્ટ અને વિયેના ઓપનની ફાઇનલમાં પહોંચ્યા બાદ ટ્રોફી જીતવાથી વંચિત રહ્યો હતો.

# વેસ્ટ હામ સામે આર્સનલનો 1-0થી પરાજય, માન્ચેસ્ટર યૂનાઇટેડની મેચ ડ્રો

(એજન્સી) લંડન તા 24

ઇંગ્લિશ પ્રીમિયર લીગની મેચમાં વેસ્ટ હામે 10 પ્લેયર્સની રમી રહેલી આર્સનલની ટીમને 1-0થી પરાજય આપીને અપસેટ સર્જ્યો હતો. આ પરાજયના કારણે ટાઇટલ જીતવાની આર્સનલની આશાને મોટો ફટકો પણ પડયો છે. લીગની અન્ય મેચમાં એક સમયે બે ગોલથી પાછળ રહ્યા બાદ માન્ચેસ્ટર યૂનાઇટેડે વળતો પ્રહાર કરીને એવરટન સામેની મેચ 2-2થી ડ્રો કરી હતી. એમિરાત સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં જેરોડ બોવેને 44મી મિનિટે વેસ્ટ હામ માટે ગોલ્ડન ગોલ કર્યો હતો. બીજા હાફમાં 73મી મિનિટે આર્સનલના મેલેસ લૂઇસ સ્કેલીને રેડ કાર્ડ આપવામાં આવ્યું હતું. અન્ય મેચમાં ટોટનહામે ઇપ્સવિચ ટાઉનને 4-1થી હરાવ્યું હતું. આ મેચમાં ટોટનહામ માટે બ્રેનાન જોનસને 18મી તથા 26મી, જેડ સ્પેન્સે 77મી તથા ડેજાન કુલુસેવસ્કીએ 84મી મિનિટે ગોલ કર્યા હતા. ઇપ્સવિચ માટે ઓમારી હચિન્સને 36મી મિનિટે એકમાત્ર ગોલ કર્યો હતો. બ્રાઇટને સાઉથમ્પ્ટન સામે 4-0થી તથા એસ્ટોન વિલાએ ચેલ્સી સામે 2-1થી વિજય હાંસલ કર્યો હતો.

# ભારતની ભવ્ય જીત બાદ નેતાઓથી લઈ અભિનેતાઓએ આપી શુભેચ્છાઓ

(એજન્સી) નવી દિલ્હી તા 24

દુબઈમાં રમાયેલી ચેમ્પિયનશિપ ટ્રોફીની મેચમાં ભારતે પાકિસ્તાનને છ વિકેટે હરાવીને શાનદાર જીત નોંધાવી હતી. આ ઐતિહાસિક જીત બાદ દેશભરના ક્રિકેટ પ્રેમીઓએ જોરશોરથી ઉજવણી કરી હતી. ગૃહમંત્રી અમિત શાહ સહિત અનેક રાજકીય હસ્તીઓએ ટીમ ઈન્ડિયાને અભિનંદન પાઠવ્યા છે. ચેમ્પિયન ટ્રોફી 2025માં ભારતે પાકિસ્તાનને 6 વિકેટે હરાવ્યું છે. ભારતની જીતને લઈને રાજધાની દિલ્હી સહિત દેશભરમાં ઉજવણીનો માહોલ છે. ક્રિકેટ પ્રેમીઓ ફટાકડા ફોડી રહ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી સહિત ઘણા નેતાઓએ ટીમ ઈન્ડિયાને જીત માટે અભિનંદન પાઠવ્યા હતા. ગૃહમંત્રી અમિત શાહે ટ્વિટર પર એક પોસ્ટમાં લખ્યું કે ટીમ ઈન્ડિયા સારી રીતે રમી. તમે વિશ્વભરના કરોડો ક્રિકેટ ચાહકોની અપેક્ષાઓ પર ખરા ઉતરીને દરેકને ગૌરવ અપાવ્યું છે. હું તમને તમારી ભાવિ મેચો માટે શુભેચ્છા પાઠવું છું. આ દરમિયાન કોંગ્રેસના સાંસદ રાહુલે પણ ટીમ ઈન્ડિયાને તેની ઐતિહાસિક જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેણે X પર લખ્યું: ટીમ વર્કમાં એક માસ્ટરક્લાસ, જેમાં કોહલીની સદી ભારતીય ક્રિકેટ માટે ધબકતા દરેક હૃદય માટે અદ્ભુત જીત છે!ભારતીય ટીમને શાનદાર જીત માટે અભિનંદન. ત્યાં સીએમ મમતા બેનર્જીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે આજે ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં પાકિસ્તાન પર અમારા છોકરાઓની મજબૂત જીતથી તે ખુશ છે. આ મેચમાં મળેલી શાનદાર જીત માટે ભારતીય ટીમને અભિનંદન.જ્યારે સીએમ પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે ઐતિહાસિક જીત ભારતીય શાનદાર પ્રદર્શન માટે ટીમના તમામ સભ્યોને અભિનંદન અને આગામી મેચો માટે શુભકામનાઓ.

## 630માંથી 208 બેઠકો પર જીત; કોઈપણ પાર્ટીને બહુમત નહીં

# જર્મનીમાં ચૂંટણી: ચાન્સલર શોલ્ઝ હાર્યા :વિપક્ષી કન્ઝર્વેટિવ પાર્ટી સૌથી આગળ

(એજન્સી) બર્લિન તા 24

જર્મનીના ચાન્સલર ઓલાફ શોલ્ઝ સામાન્ય ચૂંટણી હારી ગયા છે. તેમની સોશિયલ મીડિયા ડેમોક્રેટ્સ પાર્ટી (SDP) 630 સીટમાંથી માત્ર 121 સીટ જ જીતી શકી છે. તેમને માત્ર 16.5% મત જ મળ્યા છે. ચાન્સલર શોલ્ઝે હાર સ્વીકાર કરી લીધી છે. તેમની પાર્ટી ચૂંટણી પરિણામોમાં ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. કન્ઝર્વેટિવ વિપક્ષી નેતા ફ્રેડરિક મર્જની ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન(CDU) પાર્ટીના ગઠબંધને 208 સીટ પર જીત નોંધાવી છે. તેમને 28.5% મત પ્રાપ્ત થયા છે. ચૂંટણીમાં બીજો સૌથી મોટો વિજેતા કટ્ટર દક્ષિણપંથી પાર્ટી (AFD) છે. આ પાર્ટીએ 151 બેઠકો જીતી છે. પાર્ટીને 20.8% મત મળ્યા. બીજા વિશ્વયુદ્ધ પછી પહેલીવાર કોઈ કટ્ટરપંથી દક્ષિણપંથી પક્ષે જર્મનીમાં આટલી બધી બેઠકો જીતી છે. AfD નેતા ટીનો કુપ્પાલાએ કહ્યું કે તેમનો પક્ષ CDU સાથે ગઠબંધન માટે વાટાઘાટો કરવા તૈયાર છે. જોકે, CDU ચાન્સેલર પદના ઉમેદવાર ફ્રેડરિક મેર્ઝે કટ્ટરપંથી પક્ષ AfD સાથે કોઈપણ જોડાણનો સ્પષ્ટપણે ઈનકાર કર્યો છેAfD પાર્ટીના ચાન્સેલર ઉમેદવાર એલિસ વેઈડલે તેમના સમર્થકો સાથે તેમની જીતની ઉજવણી કરી. જોકે, પાર્ટી ચાન્સેલર વેઈડલે કહ્યું કે તેમને વધુ સારા પરિણામોની અપેક્ષા હતી. કે આ જર્મની અને અમેરિકા બંને માટે એક મહાન દિવસ છે. તેમણે સોશિયલ મીડિયા પર કહ્યું કે અમેરિકાની જેમ, જર્મનીના લોકો પણ ઊર્જા અને ઈમિગ્રેશન પર સરકારની વાહિયાત નીતિઓથી કંટાળી ગયા છે. SPD પણ સરહદ કડક બનાવવાની તરફેણ કરે છે, પરંતુ કુશળ સ્થળાંતર કરનારાઓને પ્રવેશ આપવાની નીતિ ચાલુ રાખવા માંગે છે.



### ચૂંટણીમાં મસ્ક અને રશિયાનો હસ્તક્ષેપ

અમેરિકન ઉદ્યોગપતિ અને ટેસ્લા અને સ્પેસએક્સના માલિક ઈલોન મસ્કના હસ્તક્ષેપથી પણ ચૂંટણી રસપ્રદ બની. મસ્ક ખુલ્લેઆમ કટ્ટરપંથી નેતા એલિસ વેઈડલને ટેકો આપી રહ્યા હતા. બીજી તરફ, ચૂંટણીમાં રશિયન હસ્તક્ષેપ સામે આવ્યો છે.જર્મનીના ચાન્સલર ઓલાફ શોલ્ઝ સામાન્ય ચૂંટણી હારી ગયા છે. તેમની સોશિયલ મીડિયા ડેમોક્રેટ્સ પાર્ટી (SDP) 630 સીટમાંથી માત્ર 121 સીટ જ જીતી શકી છે. તેમને માત્ર 16.5% મત જ મળ્યા છે. ચાન્સલર શોલ્ઝે હાર સ્વીકાર કરી લીધી છે. તેમની પાર્ટી ચૂંટણી પરિણામોમાં ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે.

### ચૂંટણીમાં મધ્ય-જમણેરી પાર્ટી CDUની જીત પર યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું

આ જર્મની અને અમેરિકા બંને માટે એક મહાન દિવસ છે. તેમણે સોશિયલ મીડિયા પર કહ્યું કે અમેરિકાની જેમ, જર્મનીના લોકો પણ ઊર્જા અને ઈમિગ્રેશન પર સરકારની વાહિયાત નીતિઓથી કંટાળી ગયા છે. SPD પણ સરહદ કડક બનાવવાની તરફેણ કરે છે, પરંતુ કુશળ સ્થળાંતર કરનારાઓને પ્રવેશ આપવાની છે. આ જૂથો સોશિયલ મીડિયા પર ખાસ કરીને X પર દરરોજ હજારો વિડિઓઝ-ફેક ન્યૂઝ પોસ્ટ કરી રહ્યા છે.

### આ પોસ્ટ્સ AFD ના સમર્થનમાં હતી

આ ઉપરાંત, રશિયાની 100 થી વધુ નકલી વેબસાઈટ્સ પરથી નકલી સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે. ત્રણેય મુખ્ય પક્ષો માટે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ એક મોટો મુદ્દો છે ચૂંટણીમાં યુક્રેન યુદ્ધ, રશિયા, અર્થતંત્ર અને બજેટ જેવા મુદ્દાઓ પર પ્રભુત્વ રહ્યું. જોકે, ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ CDU, SPD, AfD માટે એક મોટો મુદ્દો બની ગયા. AFD એ જર્મનીમાં તાજેતરના આતંકવાદી હુમલાઓને ગેરકાયદેસર ઈમિગ્રેશન સાથે જોડ્યા છે. સીડીયુ પાર્ટીએ સરહદો કડક કરવા અને શરણાર્થીઓ માટે નાગરિકતાની કરવાની વાત કરી.

## તપાસ બાદ ફરી ઉડાન માટે મંજૂરી મળી; ફ્લાઈટમાં 214 લોકો હતા

# અમેરિકન ફ્લાઈટમાં બોમ્બની ધમકી: ફ્લાઈટ રોમ ડાયવર્ટ થઈ

(એજન્સી) રોમ તા 24

બોમ્બની ધમકી મળ્યા બાદ ન્યૂયોર્કથી દિલ્હી આવી રહેલી અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટને રોમ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. તપાસ બાદ તેને ફરીથી ઉડાન ભરવાની મંજૂરી આપવામાં આવી. ફ્લાઈટમાં 199 મુસાફરો અને 15 ક્રૂ સભ્યો હતા. એરલાઈને એક નિવેદનમાં જણાવ્યું હતું કે: સુરક્ષા કારણોસર ફ્લાઈટ AA292 ને રોમના લિયોનાર્ડો દા વિન્સી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતારવામાં આવી હતી. તપાસમાં બધું બરાબર જણાયું. ફ્લાઈટ રાતોરાત એરપોર્ટ પર જ રોકાશે. ફ્લાઈટ આખી રાત એરપોર્ટ પર રહેશે. વહેલી સવારે તેને નવી દિલ્હી રવાના કરવામાં આવશે. જ્યારે ફ્લાઈટને રોમ તરફ વાળવામાં આવી ત્યારે તે કેસ્પિયન સમુદ્ર પાર કરી ચૂકી હતી. ઈટાલિયન વાયુસેનાએ ફ્લાઈટને એસ્કોર્ટ કરી આ ફ્લાઈટ 22 ફેબ્રુઆરીએ ન્યૂયોર્કના જોન એફ કેનેડી ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઉડાન ભરી હતી. કેસ્પિયન સમુદ્ર પાર કર્યા પછી, તેને અચાનક યુરોપ તરફ પાછું વાળવામાં આવી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ક્રૂ દ્વારા સુરક્ષા સમસ્યાની જાણ કર્યા પછી, વિમાન 23 ફેબ્રુઆરી, રવિવારના રોજ સ્થાનિક સમય અનુસાર સાંજે 5:30 વાગ્યે રોમ એરપોર્ટ પર ઉતર્યું. કંપનીઓને 1200 થી 1400 કરોડ રહેવાની વ્યવસ્થા, ફ્લાઈટ ગ્રાઉન્ડિંગ અને ક્રૂનો ખર્ચ 25 લાખ રૂપિયાથી 4 કરોડ રૂપિયા સુધીનો હોય છે.



### ભારતમાં પણ બોમ્બની નકલી ધમકીઓ મળી છે

ઓક્ટોબર-નવેમ્બર 2024માં, દેશમાં અઠવાડિયા સુધી ફ્લાઈટ્સમાં બોમ્બની ધમકીઓ મળતી રહી. આ સમયગાળા દરમિયાન 500થી વધુ ફ્લાઈટ્સમાં આવી ધમકીઓ મળી હતી. આ પછી, રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તેની સાયબર વિંગના અધિકારીઓને તૈનાત કર્યા. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર બોમ્બની ધમકીઓને કારણે એરલાઈન્સ કંપનીઓને 1200 થી 1400 કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. એરલાઈન સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈમરજન્સી લેન્ડિંગ દરમિયાન મુસાફરો માટે રહેવાની વ્યવસ્થા, ફ્લાઈટ ગ્રાઉન્ડિંગ અને ક્રૂનો ખર્ચ 25 લાખ રૂપિયાથી 4 કરોડ રૂપિયા સુધીનો હોય છે.

**ફ્લાઈટ એરપોર્ટ પર ઉતર્યા પછી સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવામાં આવ્યું હતું.** સોશિયલ મીડિયા પર ફરતા વીડિયોમાં ઈટાલિયન વાયુસેનાના વિમાનો ફ્લાઈટને એસ્કોર્ટ કરતા જોવા મળ્યા. ફ્લાઈટ એરપોર્ટ પર ઉતર્યા પછી સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરવામાં આવ્યું હતું. જે એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ થાય છે ત્યાં ચાર્જ ચૂકવવો પડે છે. હોટલમાં 200થી વધુ મુસાફરો અને ક્રૂ રોકાયા છે, અને તેમના માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પછી, નવા ક્રૂ માટે વ્યવસ્થા કરવામાં આવે છે. આનાથી એરલાઈન્સનો ખર્ચ વધે છે.

### સ્થાનિક સમય અનુસાર સાંજે 5:30 વાગ્યે રોમ એરપોર્ટ પર ઉતર્યું

ઈટાલિયન વાયુસેનાએ ફ્લાઈટને એસ્કોર્ટ કરી આ ફ્લાઈટ 22 ફેબ્રુઆરીએ ન્યૂયોર્કના જોન એફ કેનેડી ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઉડાન ભરી હતી. કેસ્પિયન સમુદ્ર પાર કર્યા પછી, તેને અચાનક યુરોપ તરફ પાછું વાળવામાં આવી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ક્રૂ દ્વારા સુરક્ષા સમસ્યાની જાણ કર્યા પછી, વિમાન 23 ફેબ્રુઆરી, રવિવારના રોજ સ્થાનિક સમય અનુસાર સાંજે 5:30 વાગ્યે રોમ એરપોર્ટ પર ઉતર્યું. કંપનીઓને 1200 થી 1400 કરોડ રહેવાની વ્યવસ્થા, ફ્લાઈટ ગ્રાઉન્ડિંગ અને ક્રૂનો ખર્ચ 25 લાખ રૂપિયાથી 4 કરોડ રૂપિયા સુધીનો હોય છે. તપાસમાં બધું બરાબર જણાયું. એરપોર્ટ પર રહેશે. વહેલી સવારે તેને નવી દિલ્હી રવાના કરવામાં આવશે. જ્યારે ફ્લાઈટને રોમ તરફ વાળવામાં આવી ત્યારે તે કેસ્પિયન સમુદ્ર પાર કરી ચૂકી હતી.

# લેબનનની રાજધાની બૈરુતના સ્ટેડિયમમાં અંતિમ વિદાય

## હિઝબુલ્લાહના વડા હસન નસરલ્લાહ આજે બીજીવાર દફન થશે





(એજન્સી) બૈરુત તા 24

હિઝબુલ્લાહના વડા હસન નસરલ્લાહને લગભગ 5 મહિના પછી ફરીથી દફનાવવામાં આવી રહ્યો છે. નસરલ્લાહ 27 સપ્ટેમ્બરના રોજ લેબનીઝ રાજધાની બૈરુતમાં ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં માર્યો ગયો હતો. તેના મૃત્યુના 7 દિવસ પછી તેને કોઈ ગુપ્ત જગ્યાએ દફનાવવામાં આવ્યો. હવે તેને દક્ષિણ બૈરુતમાં એરપોર્ટ રોડ નજીક દફનાવવામાં આવશે. બૈરુતના કેમિલ ચામૌન સ્પોર્ટ્સ સિટી સ્ટેડિયમમાં નસરલ્લાહને અંતિમ વિદાય આપવામાં આવી રહી છે. આ સ્ટેડિયમની ક્ષમતા 50 હજાર લોકોની છે. નસરલ્લાહના અંતિમ સંસ્કારમાં 65 દેશોના લગભગ 800 મહાનુભાવો હાજરી આપી રહ્યા છે.

ઘણા શિયા સંગઠનો તેમજ ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બગૈર ગાલિબાફ પણ તેમાં ભાગ લેશે. આ ઉપરાંત દેશના વિવિધ ભાગોમાંથી હજારો હિઝબુલ્લાહ સમર્થકો પહોંચ્યા છે. નસરલ્લાહની અંતિમ વિદાય સાથે સંબંધિતહસન નસરલ્લાહ અને હાશિમ સફીઉદ્દીનના વિદાય સમારંભમાં હાજરી આપવા માટે લોકો પહોંચ્યા હતા.આ કાર્યક્રમ દ્વારા હિઝબુલ્લાહ દુનિયા સમક્ષ પોતાની તાકાત દર્શાવવા માગે છે. એટલા માટે સંગઠનના નેતાઓ વધુને વધુ લોકોને આવવા અપીલ કરી રહ્યા છે. હિઝબુલ્લાહના નેતા અલી દામૌશે શનિવારે કહ્યું, દરેક ઘર, ગામ અને શહેરમાંથી આવો જેથી આપણે દુશ્મનને કહી શકીએ કે આપણો સંઘર્ષ ચાલુ રહેશે. નસરલ્લાહની અંતિમ વિદાયમાં ઘણી મહિલાઓ પણ હાજર રહી હતી.

# શ્રીલંકાની નૌકાદળનો ભારતીય માછીમારો પર શિકારનો આરોપ

(એજન્સી) શ્રીલંકા તા 24

શ્રીલંકાની નૌકાદળે રવિવારે 32 ભારતીય માછીમારોની ધરપકડ કરી હતી અને તેમની પાંચ ફિશિંગ બોટ જપ્ત કરી હતી. શ્રીલંકન નૌકાદળે એક નિવેદન જારી કરીને કહ્યું કે મન્નારની ઉત્તરે દરિયાઈ વિસ્તારમાં એક વિશેષ ઓપરેશનમાં આ લોકોની ધરપકડ કરવામાં આવી છે. શ્રીલંકા અને ભારત વચ્ચેના સંબંધો હજુ પાટા પર આવ્યા નથી જ્યારે પાડોશી દેશના સત્તાવાળાઓએ રવિવારે શ્રીલંકાના જળસીમામાં પ્રવેશ કરવા બદલ 32 ભારતીય માછીમારોની ધરપકડ કરી હતી અને તેમની પાંચ માછીમારી બોટ જપ્ત કરી હતી. શ્રીલંકન નેવીએ 32 માછીમારો સાથે 5 બોટ જપ્ત કરી શ્રીલંકન નેવીએ આ મામલે એક નિવેદન આપતા કહ્યું છે કે મન્નારના ઉત્તરમાં દરિયાઈ વિસ્તારમાં એક વિશેષ ઓપરેશનમાં આ લોકોની ધરપકડ કરવામાં આવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, પાંચ ભારતીય માછીમારી બોટ જપ્ત કરવામાં આવી હતી અને 32 ભારતીય માછીમારોની ધરપકડ કરવામાં આવી હતી. માછીમારોની ધરપકડ પર નેવીએ શું કહ્યું? શ્રીલંકાના નૌકાદળે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા માછીમારો અને તેમની બોટને તાલાઈમન્નાર પિઅર પર લાવવામાં આવી હતી, જ્યાં તેમને કાયદાકીય કાર્યવાહી માટે મન્નારના ફિશરીઝ ઈન્સ્પેક્ટરને સોંપવામાં આવશે. નિવેદન અનુસાર શ્રીલંકન નેવીએ આ વર્ષે અત્યાર સુધીમાં 131 ભારતીય માછીમારોની ધરપકડ કરી છે અને શ્રીલંકાના જળસીમામાં ગેરકાયદેસર માછીમારીમાં સામેલ 18 બોટ જપ્ત કરી છે. ધરપકડ કરાયેલ માછીમારો તમિલનાડુના વતની

ભારત અને શ્રીલંકા વચ્ચે માછીમારોનો મુદ્દો વિવાદાસ્પદ રહ્યો છે. શ્રીલંકાના નૌકાદળના જવાનોએ પણ પાલ્ક સ્ટ્રેટ વિસ્તારમાં ભારતીય માછીમારો પર ગોળીબાર કર્યો છે અને શ્રીલંકાના જળસીમામાં ગેરકાયદેસર પ્રવેશની અનેક કથિત ઘટનાઓમાં સુધીમાં શ્રીલંકન નેવીએ 131 માછીમારોની ધરપકડ કરી છે અને 20 ટ્રોલર્સ જપ્ત કર્યા છે. આ વખતે ધરપકડ કરાયેલા 32 માછીમારો તમિલનાડુના છે. માછીમારોની મુક્તિની માંગણી માટે રાજ્યના માછીમારોએ રવિવારે બેઠક યોજી તેમના સાથીઓને મુક્ત કરવાની માંગ કરી હતી.

## અસ્પષ્ટ સૂચનાથી તેમને બેરોજગારી લાભ મેળવવામાં મુશ્કેલી પડી શકે છે

# USAIDના 2 હજાર કર્મચારીઓને હાંકી કઢાયા

(એજન્સી) અમેરિકા તા 24

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) ના 2000 કર્મચારીઓને કાઢી મૂકવા અને હજારો અન્ય કર્મચારીઓને રજા પર મોકલવાનું જાહેરનામું બહાર પાડ્યું છે. આ પહેલા એલોન મસ્કે લાખો યુએસ ફેડરલ કર્મચારીઓને એક ઈમેલ મોકલ્યો હતો. આ કર્મચારીઓએ 48 કલાકની અંદર જણાવવું પડ્યું કે તેમણે ગયા અઠવાડિયે નકામા ખર્ચ ઘટાડવા માટે શું કર્યું? મહત્વનું છે કે ટ્રમ્પે મસ્કને સરકારી કાર્યક્ષમતા વિભાગના વડા બનાવ્યા છે. મસ્કને સરકારી ખર્ચ ઘટાડવા અને નકામા ખર્ચને રોકવાની જવાબદારી સોંપવામાં આવી છે. શું કહેવામાં આવ્યું USAIDના કર્મચારીઓને ? શુક્રવારે એક ફેડરલ ન્યાયાધીશે વહીવટીતંત્રને USAID કર્મચારીઓને છૂટા કરવાની મંજૂરી આપ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. એમ એક મીડિયા રિપોર્ટના અહેવાલમાં જણાવાયું છે. યુએસ ડિસ્ટ્રિક્ટ જજ કાર્લ નિકોલ્સે સરકારની યોજનાને કામચલાઉ રોકવા માટેની કર્મચારીઓની વિનંતીને ફગાવી દીધી હતી. USAID કર્મચારીઓને મોકલવામાં આવેલા નોટિફિકેશનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે 23 ફેબ્રુઆરી રાત્રે 11:59 વાગ્યાથી, સીધા કાર્યરત USAID કર્મચારીઓને વહીવટી રજા પર મૂકવામાં આવશે, સિવાય કે મિશન-આધારિત આવશ્યક કાર્યો, મુખ્ય નેતૃત્વ અને ખાસ નિયુક્ત કાર્યક્રમોમાં સામેલ કર્મચારીઓને. USAID પર વહીવટીતંત્રનું કડક વલણ ટ્રમ્પ વહીવટીતંત્રે પહેલાથી જ USAID ના વોશિંગ્ટન મુખ્યાલયને બંધ કરી દીધું છે અને વૈશ્વિક સ્તરે હજારો યુએસ સહાય અને વિકાસ કાર્યક્રમોને અટકાવી દીધા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના બજેટ સુધારક એલોન મસ્ક કહે છે કે વિદેશી સહાય અને વિકાસ કાર્ય બિનજરૂરી ખર્ચ અને ઉદારવાદી એજન્ડાને પ્રોત્સાહન આપે છે કર્મચારીઓ માટે ચિંતા USAID ના કર્મચારીઓ, ખાસ કરીને જેઓ વિદેશમાં તૈનાત છે, તેમણે સરકાર સમક્ષ તેમની સુરક્ષા અને સંદેશાવ્યવહાર સુવિધાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ અંગે ન્યાયાધીશ કાર્લ નિકોલ્સે કહ્યું કે વહીવટીતંત્રે તેમને ખાતરી આપી છે કે વિદેશમાં તૈનાત કર્મચારીઓને કટોકટી સંચાર સુવિધાઓ પૂરી પાડવામાં આવશે.




# ડાબેરીઓનું બેવડું ચરિત્ર ખુલ્લું પડી ગયું, જ્યોર્જિયા મેલોનીના આકરા પ્રહાર

(એજન્સી) ઈટાલી તા 24

ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ વૈશ્વિક ડાબેરી રાજકારણ પર આકરા પ્રહારો કર્યા છે અને તેને ‘ડબલ સ્ટાન્ડર્ડ’ ગણાવ્યા છે. તેમણે કહ્યું કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલી અને તેઓ પોતે સાથે મળીને એક નવી વૈશ્વિક જમણેરી ચળવળનું નિર્માણ અને નેતૃત્વ કરી રહ્યા છે. ‘ડાબેરીઓનું બેવડું ચરિત્ર ખુલ્લું પડી ગયું’ મેલોનીએ કહ્યું કે જ્યારે આ રાષ્ટ્રવાદી નેતાઓ રાષ્ટ્રીય હિતો અને સરહદની સુરક્ષાની વાત કરે છે ત્યારે ડાબેરીઓ તેમને લોકશાહી માટે ખતરો કહેવા લાગે છે. તેમણે કહ્યું કે ડાબેરીઓનું ‘ડબલ કેરેક્ટર’ ખુલ્લું પડી ગયું છે. મેલોનીએ કહ્યું કે વિશ્વ હવે ડાબેરીઓના ખોટા વર્ણનો પર વિશ્વાસ કરતું નથી અને તે રાષ્ટ્રવાદી નેતાઓ પર કરવામાં આવતી “પ્રેરિત ટીકા”થી વાકેફ છે. ટ્રમ્પના નેતૃત્વ અને કાર્યશૈલીમાં વિશ્વાસ વ્યક્ત કરતા, મેલોનીએ ડાબેરીઓમાં ગભરાટ તરફ ધ્યાન દોરતા કહ્યું કે તેઓ ચિંતિત છે કારણ કે જમણેરી નેતાઓ વિશ્વભરમાં જીતી રહ્યા છે અને વૈશ્વિક મુદ્દાઓ પર સહકાર આપી રહ્યા છે.રવિવારે વોશિંગ્ટન ડીસીમાં આયોજિત કન્ઝર્વેટિવ પોલિટિકલ એક્શન કોન્ફરન્સમાં વર્ચ્યુઅલ સંબોધન દરમિયાન, મેલોનીએ ડાબેરીઓ પર કટાક્ષ કર્યો અને કહ્યું, ‘જ્યારે બિલ ક્લિન્ટન અને ટોની બ્લેરે 90ના દાયકામાં ગ્લોબલ લેફ્ટિસ્ટ નેટવર્ક બનાવ્યું, ત્યારે તેઓને મહાન રાજકારણીઓ કહેવામાં આવ્યા. પરંતુ આજે જ્યારે ટ્રમ્પ, મેલોની, મિલી અને મોદી વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરે છે ત્યારે તેમને લોકશાહી માટે ખતરો કહેવામાં આવે છે. આ ડાબેરીઓનું બેવડું ધોરણ છે.

મેલોનીએ અગાઉ ઈટાલી સહિત સમગ્ર યુરોપમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સની વધતી સમસ્યા અંગે પોતાની ચિંતા વ્યક્ત કરી છે

મેલોનીએ અગાઉ ઈટાલી સહિત સમગ્ર યુરોપમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સની વધતી સમસ્યા અંગે પોતાની ચિંતા વ્યક્ત કરી છે. તેમણે આના પર કડક પગલાં લેવાની હિમાયત કરી, જેમ કે અમેરિકામાં ટ્રમ્પ અને ભારતમાં પીએમ મોદી દ્વારા લેવામાં આવે છે.

# દેશ ચલાવવાના ફાંફાં વચ્ચે મોહમ્મદ યુનુસનું સ્ટારલિંક શરૂ કરવા મસ્કને આમંત્રણ

(એજન્સી) ઢાકા તા 24

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકાની મુલાકાત દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નજીકના સાથી એલોન મસ્ક તેમને મળ્યા હતા. જે બાદ ટેસ્લા અને સ્ટારલિંક ભારત આવવાની ચર્ચાઓ જોર પકડે છે. હવે પડોશી દેશ બાંગ્લાદેશમાં સ્ટારલિંક આવવાની આશા વધી ગઈ છે. બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસે અબજોપતિ ઉદ્યોગસાહસિક એલોન મસ્કને આગામી 90 દિવસમાં સ્પેસએક્સની સ્ટારલિંક સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાના લોન્ચિંગની દેખરેખ માટે દેશની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું છે. યુનુસનો એલોન મસ્કને પત્ર મુખ્ય સલાહકાર પ્રોફેસર મુહમ્મદ યુનુસે ટોચના યુએસ બિઝનેસમેન અને SpaceX ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર એલોન મસ્કને બાંગ્લાદેશની મુલાકાત લેવા અને દેશમાં સ્ટારલિંક સેટેલાઈટ સેવા શરૂ કરવા આમંત્રણ આપ્યું છે. યુનુસે તેના પત્રમાં લખ્યું છે કે બાંગ્લાદેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સ્ટારલિંક કનેક્ટિવિટીને એકીકૃત કરવાથી ખાસ કરીને બાંગ્લાદેશના ઉદ્યોગસાહસિક યુવાનો, ગ્રામીણ અને સંવેદનશીલ મહિલાઓ અને દૂરસ્થ અને અછતગ્રસ્ત સમુદાયો પર પરિવર્તનકારી અસર થશે. અત્રે નોંધનીય છે કે એક તરફ બાંગ્લાદેશમાં બેરોજગારી, ખૂન-ખરાબા, ગરીબી અને યુવાઓના અંધકારમય ભવિષ્ય સામે યુનુસ કઈ ઝાઝું ઉકાળી શકે તેમ નથી. તો બીજી તરફ દેશમાં સ્ટારલિંકની સેવા શરૂ કરવા માટે આમંત્રણ અપાઈ રહ્યા છે. યુનુસે મસ્ક સાથે ફોન પર વાત કરી હતી મોહમ્મદ યુનુસે 13 ફેબ્રુઆરીએ એલોન મસ્ક સાથે ટેલિફોનિક ચર્ચા બાદ આ આમંત્રણ મોકલ્યું છે. જેમાં સહકારની તકો અંગે ચર્ચા કરવામાં આવી હતી. સ્ટારલિંકને ઝડપથી દેશમાં લાવવા અને મસ્કની ટીમ સાથે નજીકથી કામ કરવા માટે મુખ્ય સલાહકારે તેમના ઉચ્ચ પ્રતિનિધિ ડૉ. ખલીલુર રહેમાનની નિમણૂક કરી છે. જો બાંગ્લાદેશમાં સ્ટારલિંક સેવાઓ શરૂ થાય છે, તો તે સંકટગ્રસ્ત દેશ માટે મોટી રાહત હશે. કારણ કે બાંગ્લાદેશમાં ભારત જેવી સારી ઈન્ટરનેટ સેવા નથી. ભારતમાં સ્ટારલિંક સેવાઓ થોડા દિવસોમાં શરૂ થઈ શકે સ્ટારલિંક ભારતમાં આવી રહી છે. ત્યારે લાંબી રાહ જોયા બાદ હવે કંપનીએ તેના તમામ જરૂરી દસ્તાવેજો ભારત સરકારને સુપરત કરી દીધા છે અને અંતિમ મંજૂરીની રાહ જોઈ રહી છે. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે સ્ટારલિંક સર્વિસ સૌથી પહેલા ભારતમાં શરૂ થશે કે બાંગ્લાદેશમાં.

સિટી એક્સપ્રેસ
TUESDAY 25 FEBRUARY-2025
AHMEDABAD

## યુવતીની કંપનીના ડોક્યુમેન્ટ મેળવી લઇ શખ્સ દ્વારા છેતરપિંડી

ગાંધીનગર : યુવતીને એનર્જી ડ્રિંક્સનો મોટો ઓર્ડર આપવાની વાત કરવાની સાથે ઓનલાઈન પેમેન્ટ કરી દેવાના બહાને તેની પાસેથી કંપનીના ડોક્યુમેન્ટ્સ મેળવી લઈને અજાણ્યા શખ્સ દ્વારા છેતરપિંડી આચરવામાં આવ્યાની ફરિયાદ નોંધાવાઈ છે. આરોપી દ્વારા ફરિયાદીના દિવંગત પિતાનાં નામનો દુરૂપયોગ કરાયાનું પણ ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે.ફરિયાદી યુવતીના દિવંગત પિતાના નામનો દુરપયોગ કરીને અજાણ્યા શખ્સે કંપનીના નામે લોકોને છેતર્યાનો પણ આરોપ તે દરમિયાન આરોપીએ ઓનલાઈન પેમેન્ટ કરશે તેમ જણાવીને ફરિયાદીના વ્યવસ્યા સંબંધેના તમામ દસ્તાવેજો મેળવી લીધા હતાં.

## મહેસાણામાં મહાકાળી જ્વેલર્સ સાથેની છેતરપિંડીમાં બે શખ્સની ધરપકડ

મહેસાણા : મહેસાણા શહેરના રાધનપુર રોડ પરના મહાકાળી જ્વેલર્સ શો રૂમમાંથી રૂ.૪.૨૩ લાખની સોનાની લગડીની ખરીદી કરી તેના પેમેન્ટ માટે બેન્ક બેલેન્સ વગરનો ચેક આપી છેતરપિંડી કર્યાના ગુનામાં તાલુકા પોલીસે રાજકોટ પંથકના બે શખસને દબોચી લીધાં હતા. પોલીસે બંને શખસના કબજામાંથી રૂ.૪.૨૩ લાખની સોનાની લગડીની મતા કબજે લઈ ધોરણસરની કાર્યવાહી કરી હતી. મહેસાણા શહેરના રાધનપુર રોડ પર આવેલાં મે.મહાકાળી જ્વેલર્સ શો રૂમમાંથી રૂ.૪,૨૩,૩૦૦ ની સોનાની બે લગડી વજન ૫૧ ગ્રામની ખરીદી કરી પોતાની ખોટી ઓળખ આપે પેમેન્ટ પેટે એક ભારતીય સ્ટેટ બેન્કનો અન્ય વ્યક્તિના નામનો બેન્ક બેલેન્સ રકમ વગરનો ચેક આપી છેતરપિંડી કરી ફરાર થઈ ગયા .



# ગુજરાતમાં હૃદય-શ્વાસની તકલીફ ધરાવતા દર્દી વધ્યા, દરરોજ નવા 658 કેસ નોંધાતા ચિંતા વધી

### શ્વાસની સમસ્યા...

(એજન્સી) અમદાવાદ । તા. 24

ગુજરાતમાં હૃદય સાથે શ્વાસની બીમારીના દર્દીઓમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા 45 દિવસમાં શ્વાસની સમસ્યાના 17,476 જ્યારે હૃદયની સમસ્યાના 12,127 ઈમરજન્સી કેસ નોંધાયા છે. ગયા વર્ષની સરખામણીએ હૃદયની સમસ્યાના દર્દીમાં 18.89% જ્યારે શ્વાસની સમસ્યાના દર્દીમાં 16.30%નો વધારો થયો છે. ગુજરાતમાં ગયા વર્ષે 1 જાન્યુઆરીથી 15 ફેબ્રુઆરી દરમિયાન હૃદયની ઈમરજન્સીના 10,200 કેસ નોંધાયા હતા. જેની સરખામણીએ આ વર્ષે આ જ સમયગાળામાં 12,127 કેસ નોંધાઈ ચૂક્યા છે. આમ, હાલ પ્રતિ કલાકે સરેરાશ 11 જ્યારે પ્રતિ દિવસે સરેરાશ



270 દર્દીને હૃદયની સમસ્યા થતાં '108' દ્વારા હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા છે. ગયા વર્ષની સરખામણીએ હૃદયના દર્દીઓમાં વધારો થયો છે. તબીબો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા કેટલાક સમયથી ખાસ કરીને 40થી ઓછી વયનામાં હૃદયના દર્દીઓ વધ્યા છે. તાજેતરમાં જ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પણ યુવાનોમાં અચાનક હૃદય બંધ પડવાના કિસ્સા સામે આવ્યા હતા.

અમદાવાદના સિવિલ પરિસરમાં આવેલી યુ.એન. મહેતા હાર્ટ હૉસ્પિટલમાં અત્યારસુધી ઈન્ડોરમાં 34,155 જ્યારે આઉટડોરમાં 4,977 કેસ નોંધાઈ ચૂક્યા છે. આમ, સિવિલની હાર્ટ હૉસ્પિટલમાં દરરોજ સરેરાશ 94 લોકોને હૃદયની સમસ્યાને કારણે દાખલ કરવા પડે છે. આ સિવાય દરરોજ સરેરાશ 640 જેટલા દર્દીઓ ઓપીડીમાં નોંધાય છે. બીજી તરફ શિયાળાને પગલે શ્વાસની સમસ્યાના દર્દીમાં વધારો થયો છે. ગયા વર્ષે શ્વાસની સમસ્યાના 15,027 દર્દી હતા અને તે હવે 16.30% વધીને 17,476 દર્દી થયા છે. આ વર્ષના પ્રારંભે કડકડતી ઠંડીને પગલે શ્વાસની ઈમરજન્સી ત્યારે વધારે જોવા મળી હતી. જોકે, હવે ઠંડીની વિદાય સાથે જ શ્વાસની સમસ્યાના દર્દીમાં ઘટાડો થાય તેમ નિષ્ણાતોનું માનવું છે.

# ગુજકેટ-2025નું પરીક્ષાનું માળખું અને તારીખ જાહેર

(એજન્સી) ગાંધીનગર । તા. 24

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા GUJCET-2025ની પરીક્ષાની તારીખ અને માળખું જાહેર કરવામાં આવ્યાં છે. ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના 1 લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે 23 માર્ચ 2025, રવિવારે રાજ્યભરનાં વિવિધ પરીક્ષા કેન્દ્રો પર આ પરીક્ષા યોજાશે. આ પરીક્ષાનો સમય સવારે 10 વાગ્યાથી સાંજના 4 વાગ્યા સુધીનો રહેશે.

### કેવું રહેશે પરીક્ષાનું માળખું?

ગુજકેટ-2025 એ 160 માર્ક્સની ઓબ્જેક્ટિવ પ્રકારની પરીક્ષા હશે, જેમાં મોટા ભાગના પ્રશ્નો NCERT પાઠ્યપુસ્તક આધારિત રહેશે.

**પરીક્ષા માટેની ભાષા:** પરીક્ષાના પ્રશ્નપત્ર ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણેય માધ્યમમાં હશે. એન્જિનિયરિંગ અને ફાર્મસી પ્રવેશ માટે મહત્ત્વપૂર્ણ પગથિયું!

ગુજકેટ-2025 ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ પછી એન્જિનિયરિંગ અને ફાર્મસી કોર્સમાં પ્રવેશ માટે મહત્ત્વપૂર્ણ પરીક્ષા છે. આ પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓ રાજ્યની ટોપ એન્જિનિયરિંગ અને ફાર્મસી કોલેજોમાં પ્રવેશ મેળવી શકશે.

**વિષય અને માર્ક્સવાઇઝ અભ્યાસક્રમ:**
ભૌતિક વિજ્ઞાન (Physics): 40 ગુણ – 40 પ્રશ્નો
રસાયણ વિજ્ઞાન (Chemistry): 40 ગુણ – 40 પ્રશ્નો
જીવવિજ્ઞાન (Biology): 40 ગુણ – 40 પ્રશ્નો
ગણિત (Mathematics): 40 ગુણ – 40 પ્રશ્નો

**પરીક્ષા માટે વિષયવાઇઝ સમય:**
ભૌતિક અને રસાયણ વિજ્ઞાન માટે 120 મિનિટનો સમય રહેશે.
જીવવિજ્ઞાન અને ગણિત માટે 60-60 મિનિટનો સમય રહેશે.



### બિલ્ડર અને તેની પત્નીને આ આઈપીએસ અધિકારીએ પગ પાસે બેસાડ્યા

# બે બિલ્ડરના 500 કરોડના વિવાદનો IPS અધિકારીએ 22 કરોડનો તોડ કરી ઉકેલ્યાની ચર્ચા

(એજન્સી) અમદાવાદ | તા.24

અમદાવાદના બે ટોચના બિલ્ડર વચ્ચે 500 કરોડ રૂપિયાના વિખવાદમાં એક આઈપીએસ અધિકારીએ એક બિલ્ડર અને તેની પત્નીને પોતાના પગ પાસે બેસાડીને અત્યંત અપમાનિત કરીને રડાવ્યા હતા. ગભરાયેલા બિલ્ડરે પત્નીની હાલત જોઈને આઈપીએસ અધિકારીને હાથ-પગ જોડીને પતાવટ કરવાનું કહેતાં અધિકારીએ તેની પાસેથી 22 કરોડ રૂપિયાનો તોડ પણ કર્યો હોવાની ચર્ચા ચાલી રહી છે. બિલ્ડરે છૂટ્યા પછી આ આઈપીએસ અધિકારીની ફરિયાદ દિલ્હી ભાજપ હાઈકમાન્ડને કરી હોવાનું કહેવાય છે. તેના પગલે આ અધિકારીની તાત્કાલિક બદલી કરી દેવાઈ હોવાનું કહેવાય છે. મળતી માહિતી અનુસાર, સરકારના એક હજાર કરોડના એક મોટા પ્રોજેક્ટ માટે બે જાણીતા બિલ્ડરોએ ટેન્ડર ભર્યું હતું. બીજા કોઈ બિલ્ડરે ટેન્ડર ભર્યું નહોતું તેથી બંને બિલ્ડરોએ સમજૂતી કરીને આ હજાર કરોડનો પ્રોજેક્ટ સાથે મળીને કરવાનું નક્કી કર્યું હતું. બંને બિલ્ડરોએ એક ભાગીદારી કંપની ખોલીને આ પ્રોજેક્ટના તમામ પૈસાની લેતી-દેતીનો હિસાબ જે -તે નક્કી કરેલા બૅન્કના ખાતામાં જ ભરવાનું નક્કી કર્યું હતું.

થોડા સમય પછી નાણાં આવવા માંડ્યા હતા પણ એક બિલ્ડરની દાનત બગડતાં સમજૂતી પ્રમાણે બીજા બિલ્ડરને નાણાં આપવાના બદલે બધી રકમ પોતાના ખાતામાં જમા કરાવડાવી હતી. ભાગીદારને આ વાતની જાણ થતા તેણે ભાગીદાર બિલ્ડરને હિસાબ કરવા કહ્યું હતું. પરંતુ પણ બીજા બિલ્ડરે એ વાતને ના ગણકારતાં છેવટે બીજા બિલ્ડરે તેના ભાગીદાર પાસે ભાગીદાર અને તેની પત્નીની સામે પહેલાં સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અને પછી પોલીસ વિભાગની એજન્સીમાં અરજી કરી હતી. પોતાનાં નાણાં કઢાવવા માટે વગદાર બિલ્ડરે એજન્સીના એક આઈપીએસ અધિકારીને 5 કરોડનો ભોગ ધરાવતા અધિકારીએ ભાગીદાર બિલ્ડર સાથે તેની પત્નીને પણ આરોપી બનાવી દીધા હતા. એ પછી તેણે બિલ્ડર તથા તેની પત્નીને બોલાવીને ત્રાસ આપ્યો હતો. બિલ્ડર અને તેની પત્નીને આ આઈપીએસ અધિકારીએ તેમના પગ પાસે બેસાડીને ખૂબ જ અપમાનિત કરીને બંન્નેને ખૂબ જ રડાવ્યા હતા. તેના પગલે બિલ્ડરે ભાગીદારને હિસાબની રકમ આપી દેવાની તૈયારી બતાવી હતી.

આ સમાધાનમાં બિલ્ડર પાસેથી 22 કરોડ રૂપિયાનો પોલીસ અધિકારીએ તોડ કર્યો હોવાની ચર્ચા ચાલી રહી છે. ભોગ બનનાર બિલ્ડરના પૈસાની જે પણ લેતી-દેતી હતી તે પણ આઈપીએસ અધિકારીએ પતાવી આપી હતી. આ તોડકાંડની વિગતો સરકાર સુધી જતાં સરકારે તાત્કાલિક આ આઈપીએસ અધિકારીની બદલી કરી દીધી છે, અધિકારી સરકારની ગુડબુકમાં હોવાથી સરકારે કોઈ પગલાં નથી લીધા.



## ગુજરાતના બોટિંગ કરતાં 50,000 કુટુંબ બેરોજગાર થયા, કારણ- સરકારના બિનવ્યવહારુ નિયમો

(એજન્સી) ગાંધીનગર । તા.24

વડોદરામાં હરણી બોટ કાંડ બાદ ગુજરાત સરકારે બોટિંગ પ્રવૃત્તિ માટે બનાવેલા કડક નિયમોને કારણે ધાર્મિક સ્થળોએ બોટિંગ અને ફિશિંગ કરીને રોજીરોટી મેળવતા આશરે 50 હજાર કુટુંબો મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે.બોટિંગ પર જીવન નિર્વાહ ગુજારતા પરિવારો વતી ગુજરાત સરકારને નિયમો હળવા બનાવવા રજૂઆત કરાઈ છે. જે નિયમો બનાવ્યા છે, તેમાં બોટના ડ્રાઈવર (પાયલોટ) માટે લાઈસન્સ ફરજિયાત રાખ્યું છે. જેમ આરટીઓ વાહનચાલકને લાઈસન્સ આપે છે, તે રીતે બોટના ડ્રાઈવરને લાઈસન્સ આપતી ગુજરાતમાં કોઈ સંસ્થા નથી. બોટ બિલ્ડિંગનું એટલે કે બોટ બનાવનાર સંસ્થાનું લાઈસન્સ માગવામાં આવે છે. ગુજરાતમાં ફિશિંગ ઉપરાંત નદીઓમાં ધાર્મિક સ્થળો ખાતે જે બોટ ફરે છે તે મોટે ભાગે અલંગ શિપયાર્ડથી લવાયેલી હોય છે. અલંગથી લાવેલી બોટ ફ્રાન્સ, ઈટાલી કે બીજા કોઈ દેશમાં બનેલી હોય છે. બોટ ચલાવનાર ગરીબ માણસ ત્યાંનું લાઈસન્સ ક્યાંથી લાવે તે મોટો સવાલ છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌ પ્રથમ તીર્થ સ્થળ સોમનાથ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દ્વાદશ જ્યોતિર્લિંગના પ્રથમ એવા સુપ્રસિદ્ધ તીર્થ સ્થળ સોમનાથમાં મહાશિવરાત્રી પર્વના ઉપલક્ષમાં ઉજવાનારા ત્રિદિવસીય સોમનાથ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ આ ત્રિદિવસીય સોમનાથ મહોત્સવને શ્રદ્ધા-આસ્થા, કલા અને આરાધનાનો ત્રિવેણી સંગમ ગણાવ્યો હતો. રાજ્ય સરકારના પ્રવાસન વિભાગે કલા દ્વારા આરાધનાની થીમ સાથે આ સોમનાથ મહોત્સવનું આયોજન કર્યુ છે. CM ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, સોમનાથ મહોત્સવનું આ સ્થળ માત્ર ધર્મસ્થાનક જ નહીં પરંતુ સંકલ્પ અને સંસ્કૃતિના પ્રતિક સાથો સાથ ભારતીય અસ્મિતાનું પણ અજોડ



પ્રતિક છે. એટલું જ નહીં, PM મોદીની વિઝનરી લીડરશીપમાં 'એક ભારત, ભારત'નું જીવંત ઉદાહરણ પણ છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ સોમનાથ - તમિલ સંગમ અને કાશી - તમિલ સંગમનો પણ સવિશેષ ઉલ્લેખ કર્યો હતો.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોમનાથ મંદિરનું પુર્નનિર્માણ કરાવનારા લોહપુરુષ સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતીના આ વર્ષમાં સૌ પ્રથમવાર યોજાઈ રહેલા સોમનાથ મહોત્સવને સુભગ સંયોગ વર્ણવ્યો હતો. ભૂપેન્દ્ર પટેલે સોમનાથ તીર્થસ્થાનના ઐતિહાસિક મહત્વની વાત કરતા કહ્યું કે, અરબી સમુદ્ર પાસે સરસ્વતી, હિરણ અને કપિલા નદીના ત્રિવેણી સંગમનું પણ મહાત્મ્ય છે.

## ખ્યાતિકાંડ : કોંગ્રેસી ધારાસભ્યોનો ડૉક્ટર-દર્દી બની નાટ્યાત્મક વિરોધ

(એજન્સી) ગાંધીનગર । તા.24

ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોએ બુધવારે (19 ફેબ્રુઆરી) વિધાનસભાના પ્રથમ દિવસે જ ગાંધીનગરમાં વિધાનસભાની બહાર દેખાવ કર્યો હતો. ધારાસભ્યોએ હથકડી અને સાંકળ લગાવીને અમેરિકાથી ગેરકાયદે ભારતીય અપ્રવાસીઓને પરત મોકલવાની પ્રક્રિયા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ હવે સરકારને ઘેરવા માટે આજે (22 ફેબ્રુઆરી) ખ્યાતિ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં થયેલા PMJY યોજનાના કાંડ મુદ્દે આજે કોંગ્રેસ દ્વારા વિધાનસભા પરિસરમાં વિરોધ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર વિધાનસભાના પગથિયા પર જ કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા અમિત ચાવડા અને ધારાસભ્યો દ્વારા 'નાટક' રજૂ કરી ખ્યાતિ કાંડને રજૂ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય જીગ્નેશ મેવાણી , ઈમરાન ખેડાવાલા, ડૉ. તુષાર ચૌધરી ડૉક્ટર બન્યા હતા. જ્યારે કાંકરેજના ધારાસભ્ય અમૃતજી ઠાકોર દર્દી બન્યા હતા.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું કે ગુજરાતમાં છેલ્લા કેટલાય વર્ષોથી ભ્રષ્ટાચારનું રેકેટ ચાલે છે. કમિશન લેવા માટે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવે છે. આ ભાજપની સરકારમાં કમિશન માટે લોકોના જીવ લેવાયા છતાંય સરકારને શરમ આવતી નથી.

## "સોમનાથ મંદિર ને Eat Right Place of Worship થી સર્ટિફાય કરવામાં આવ્યું"

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

સોમનાથ મંદિર, ગીર સોમનાથ ને Eat Right Place of Worship સર્ટિફિકેટ થી પુરસ્કૃત કરવામાં આવ્યું. ગુજરાત રાજ્ય માં હાલ માં કૂલ ૪૭ મંદિરો ને Eat Right Place of Worship તરીકે સર્ટિફાય કરવામાં આવેલ છે.

કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોની જીવન જરૂરી ખાદ્ય ચીજ વસ્તુઓ શુદ્ધ, સલામત અને ગુણવત્તા યુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે.

Eat Right Places of Worship (PoW) એ FSSAI ની એક પહેલ છે જે પૂજા સ્થળો (PoW) ને ખોરાક સલામતી અને સ્વચ્છતા અપનાવવા અને જાળવવા માટે



પ્રોત્સાહિત કરે છે તેનો ઉદ્દેશ્ય પૂજા સ્થળોમાં પ્રસાદ/લંગર વગેરેમાં પીરસવામાં આવતા ખોરાકમાં ગેરરીતિઓ અને અનિયમિતતાઓને રોકવા અને જાગૃતિ લાવવાનો તથાFood Safety and Standards, 2006 અને તે અન્વયે ના નિયમો અને રેગ્યુલેશનના પાલન સુનિશ્ચિત કરવાનો છે.મંદિરો સાથે સંકળાયેલ વ્યક્તિઓ ને FoSTAC ટ્રેનિંગ આપવામાં આવે છે અને તેમનું ફરીથી ઓડિટ કરવામાં આવે છે અને ત્યારબાદ ખોરાક નું ગુણવતા નિશ્ચિત કર્યા બાદ તેને સર્ટિફિકેટ આપવામાં આવે છે.

### અમદાવાદ અને કચ્છના માંડવીની 'ટ્રાયલ સાઇટ' તરીકે પસંદગી કરી

# સી પ્લેનના 'બાળમરણ' બાદ હવે અમદાવાદના રિવરફ્રન્ટ અને કચ્છમાં એર ટેક્સી ઉડાન ભરશે

(એજન્સી) અમદાવાદ | તા.24

સાબરમતી રિવરફ્રન્ટથી સ્ટેચ્યુ ઑફ યુનિટી સુધી મોટા ઉપાડે શરુ કરાયેલા સી પ્લેનનું તો બાળમરણ થઈ ચૂક્યું છે. હવે કેન્દ્ર સરકારે વિકસીત દેશોની જેમ ભારતમાં પણ એર ટેક્સી ઉડાડવા વિચારણા શરુ કરી છે. ઈલેક્ટ્રીક વર્ટિકલ ટેક ઑફ અને લેન્ડિંગ કરી શકે તેવું બેટરી આધારિત એરક્રાફ્ટની e-VTOL તરીકે ઓળખાય છે. ગુજરાત માટે આનંદના સમાચાર એ છે કે, આ એર ટેક્સી ઉડાવવા માટે ટ્રાયલ સાઈટ તરીકે અમદાવાદ અને માંડવી(કચ્છ)ની પસંદગી કરાઈ છે. કેન્દ્રીય એવિએશન વિભાગે દેશમાં ચાર ટ્રાયલ સાઈટની પસંદગી કરી છે, જેમાં



આંધ્રપ્રદેશના પણ બે સ્થળોનો સમાવેશ થાય છે. ભારતમાં એર ટેક્સી ઉડાડવા માટે ગુજરાતમાંથી પ્રથમ પ્રયોગ હાથ ધરાશે.

કેન્દ્રીય સિવિલ એવિએશનની નેમ છેકે, ઓછા ઘોંઘાટ કરે, પેટ્રોલનો ઓછો વપરાશ થાય અને પર્યાવરણને અનુકુળ હોય તેવા એરક્રાફ્ટ ઉડે. એડવાન્સ એર મોબિલીટીને પ્રોત્સાહન આપવાના ભાગરુપે હવે બેટરી આધારિત વર્ટીકલ ટેક ઑફ અને લેન્ડિંગ કરી શકે તેવા નાનાકડા એરક્રાફ્ટ જેને એર ટેક્સી પણ કહે છે. આ એરક્રાફ્ટની 'e-VTOL' નામ તેની અસલ ઓળખ છે. હેલિકોપ્ટરની જેમ આ નાનકડું એરક્રાફ્ટ ઊડી અને ઉતરી શકે છે. તેને રન-વેની જરૂર હોતી નથી.

કેન્દ્રીય સિવિલ એવિએશન વિભાગે આ મુદ્દે રિપોર્ટ રજૂ કર્યો છે જેમાં એ વાતની પુષ્ટિ કરી છેકે, સેન્સર, લેટેસ્ટ સોફ્ટવેરથી સજ્જ એર ટેક્સી હેલિકોપ્ટર કરતાં વધુ સલામત છે. આ રિપોર્ટમાં ખાસ ઉલ્લેખ કરાયો છેકે, દેશમાં એર ટેક્સી ઉડાવવા માટે વિચારણા કરવામાં આવી છે તે માટે ડિરેક્ટોરેટ ઑફ સિવિલ એવિએશન ઉપરાંત નિષ્ણાતોની એક ટીમે ગુજરાતની મુલાકાત લીધી છે જેમાં અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પરથી એર ટેક્સી ઉડાડવાનું નક્કી કર્યુ છે. આ ઉપરાંત કચ્છના માંડવીની પણ પસંદગી કરાઈ છે.

આ બંને સ્થળોની ટ્રાયલ સાઈટ તરીકે પસંદગી કરાઈ છે. માત્ર ગુજરાત જ નહીં, આંધ્રપ્રદેશના બે શહેરોની પણ ટ્રાયલ સ્થળ તરીકે પસંદ કરાયા છે. જો, ટ્રાયલમાં સફળતા મળશે તો, એકાદ બે વર્ષમાં ભારતમાં એર ટેક્સી શરુ કરાશે તેવું અનુમાન છે. અત્યારે તો ટ્રાયલ બેઝ પર એર ટેક્સી ઉડાવવાનો પ્રયોગ કરવાની દિશામાં કેન્દ્ર સિવિલ એવિએશન વિભાગે તૈયારીઓ શરુ કરી છે.

### TET-TAT ઉમેદવારોના આંદોલન

## ગુજરાત સરકાર 24,700 શિક્ષકોની ભરતી કરશે : શિક્ષણ મંત્રીનું નિવેદન

(એજન્સી) અમદાવાદ । તા.24

રાજ્યભરમાંથી ટેટ-ટાટના ઉમેદવારો આંદોલન માટે ગાંધીનગર પહોંચી રહ્યા છે. બીજી તરફ આંદોલન આક્રમક બને તે પહેલાં પોલીસ દ્વારા અટકાયત શરૂ કરી દેવાઈ છે. આ દરમિયાન ટેટ-ટાટ પાસ ઉમેદવારો માટે ગાંધીનગરથી ખુશીના સમાચાર સામે આવ્યા છે. શિક્ષણમંત્રી પ્રફુલ્લ પાનસેરિયાએ શિક્ષકોની ભરતીને લઈને મોટું નિવેદન આપતાં કહ્યું છે કે, 'ગુજરાત સરકાર 24,700 શિક્ષકોની ભરતી કરશે. સરકારે બાંહેધરી આપી છે તે પ્રમાણે ભરતી થશે. આચાર સંહિતાના કારણે ભરતી પ્રક્રિયામાં મોડું થયું છે. સરકાર દ્વારા ભરતી અંગે જે સત્તાવાર જાહેરાત કરાઈ છે, તે તમામ જગ્યા પર ચોક્કસ ભરતી કરાશે.'આ રીતે શિક્ષણ મંત્રીએ નિવેદન આપી આંદોલન પર ઠંડુ પાણી રેડી દેવાનો પ્રયાસ કર્યો છે. જો કે જોવાનું એ રહ્યું કે પ્રફુલ્લ પાનસેરિયાના નિવેદન બાદ ટેટ-ટાટના ઉમેદવારો આંદોલન પાછું ખેંચશે કે પછી આંદોલન ઉગ્ર બનશે. ગુજરાતમાં TET-TAT પાસ ઉમેદવારોએ પોતાના પડતર પ્રશ્નોને લઈ આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. ત્યારે આજે સોમવારે (24મી ફેબ્રુઆરી) આ ઉમેદવારો ગાંધીનગર સત્યાગ્રહ છાવણીએ આંદોલનમાં પહોંચી રહ્યા છે. જેને લઈને સત્યાગ્રહ છાવણીએ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

## કાળઝાળ-ગરમીમાં શેકાવા માટે રહેજો તૈયાર, હવામાન વિભાગની આગાહી

અમદાવાદ : રાજ્યમાં આગામી બે દિવસ ગરમીથી શેકાવું પડશે અને સાથે સાથે વાદળછાયું વાતાવરણ રહેશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આગામી 5 દિવસ સૌરાષ્ટ્ર, કચ્છમાં ગરમીનું યલો એલર્ટ હવામાન વિભાગ દ્વારા આપવામાં આવ્યું છે ત્યારે દક્ષિણ ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં યલો અલર્ટ આપવામાં આવ્યું છે.અમદાવાદમાં મહત્તમ તાપમાન 35 ડિગ્રી રહેશે તો આગામી દિવસોમાં 2-3 ડિગ્રી તાપમાન વધશે. હાલતમાં ગુજરાતમાં ઉત્તરથી ઉત્તર પૂર્વીય પવન ફુંકાઈ રહ્યા છે જેના કારણે બપોરના સમયે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે,ગુજરાતમાં ઠંડી ધીરે ધીરે વિદાય લઈ શકે છે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.